

...ॐ...

પુષ્પ-વાટિકા.] શ્રી સરસ્વત્યૈ નમઃ [પુષ્પઃ-૧ લું.

—: ગુજરાતી સાહિત્યના હાસ્યવિભાગમાં અનોખ ભાત પાડતું એક :—

—: અર્થસૂચક સાહસ :—

ઘડીભર ગમ્મત

[કુમાર અને કન્યા-કેળવણીના વિષયો પર રમુજી શૈલીમાં ટકોર કરતાં સાચાં ગૃહસંસાર-ચિત્રો.

પ્ર[redacted]જકઃ—શ્રી "પુ[redacted]."
વ[redacted]ડીફળીઆ શેરી, [redacted]રત.

પ્રકાશકઃ[redacted]રણછોડલાલ મ[redacted]ીલાલ શાહ.
[redacted]ુકસેલર અને પ[redacted]લીશર.
[redacted]ચીરોડ-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. સને ૧૯૩૦ પ્રત ૨૦૦૦.

મૂલ્યઃ—૦-૮-૦

-: નવલિકાની નામાવલિ :-

—: પુષ્પ વાટિકાનું બીજું પુષ્પ બે ઘડી મોજ વાંચો :—

મુદ્રકઃ—મૂળચંદભાઇ ત્રીકમલાલ પટેલ.

મુદ્રણાલયઃ—“ ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ.”

ઠેઃ—પાનકોર નાકા—અમદાવાદ.

પ્રકાશકઃ-રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ —અમદાવાદ.

પુષ્પ મ્હારાં બચુની બા. પહેલું.

"ના…મ્હારા સમ."

"ઉં…હું."

"અરે ! એમ તે કંઇ ચાલે કે ?"

"માફ…કરો…મ્હારાથી…"

"ત્યારે તો નહિ જવા દઉં…પ્હેલાં આવવાનું વચન આપો… પછીજ……"

"ભાઈ ! નાહકનો આગ્રહ ન કરશો. મ્હારાથી બને એમ નથી."

"તે કંઇજ નહિ. આવવાનું અને તે પણ પાછું સજોડે. શું સમજ્યા ?"

"ભલે… હાલ તો જવા દયો. જોઇશું."

" જોઇશ નહિ, વચન આપી જાવ, કે જરૂરજ આવીશ."

" ભલે લ્યો. આ વચન. જાવ, હું તો જરૂર આવીશ, પણ તમારાં ભાભીને સાથે લાવવા નથી બંધાતો."

" હવે રાખ રાખ. ભાભીને તેડીનેજ આવવાનું છે."

×　　×　　×　　×

હવે તો હું હાર્યો. આજ મ્હારા મિત્ર સુરલાકાન્ત ને ત્યાં બાળરાજાનો જન્મ થયો હતો. તેની ખુશાલીના ઉત્સવમાં ભાગ લેવા સ્નેહીને ત્યાંથી મ્હને સજોડે પધારવા આમંત્રણ દેવાતાં હતાં. છેવટ સોગન ઉપર સોગન ખાવાથી હા—ના કરતાં અનિચ્છાએ અને કચવાતે મને મ્હેં હા તો પાડી, અને સુમન ન્હોતરૂં દઈ છૂટો પડયો. પરન્તુ એના ગયા પછી મ્હારા જીવમાં જીવ ન્હોતો રહ્યો.

જમી–પરવારી વખતસર હું શાળામાં ગયો, પણ આજ છોકરા ભણાવવા ઉપર પણ પૂરૂં ચિત્ત ન્હોતું. છેવટે પાંચ વાગ્યાનો ઘંટ પડયો, અને પંતુજીગીરીની ગુલામગીરીમાંથી પરવારી હું સીધો ઘેર આવ્યો.

સ્નેહીને ત્યાંથી ફરી એક વાર સેવકને તેડવા માણસ આવી ગયો. " આવું છું." એવો ઉડાઉ જવાબ આપી મ્હેં એને વિદાય કર્યો. છેવટ હિંમત એકઠી કરી " અત્યારે આપણને મ્હારા એક સ્નેહીને ત્યાં જવાનું છે." એ સમાચાર મારી ગૃહદેવીને કાને નાખવા હું ઉભો થયો.

ત્યાં દિવાનખાનામાં શ્રીમતી લુગડું બદલતાં હતાં. હું જરા પાસે ગયો. ધીરેથી હસમુખે મોઢે પૂછ્યું: " કેમ કયાં ચલાવ્યું ?"

" દર્શને."

"ભલા ! આજનો દિવસ નહિ જાવ તો નહિ ચાલે ?"

"કેમ, શું છે ? બળ્યું, તમે ૭–૭ કલાક બ્હાર રખડીને આવ્યા, અને અમે આખા દિવસના ઘરમાં ગોંધાયલા–અકળાયલાં ઘડી એ ઘડી બ્હાર દેવ–દર્શને પણ ન જઈએ ? એમાંય " ક્યાં ચાલ્યાં?" પૂછવાનું ! હાજરી લેવાની !"

અને હું મ્હારાં આ જગદંબાને હવે શો જવાબ વાળું ? જે સ્નેહ અને પ્રેમના ઉમળકાથી હું એમને સ્નેહીને ત્યાંના આમંત્રણમાં જવાના હર્ષ–સમાચાર કહેવા આવ્યો હતો, તે મનની મનમાંજ સમાઈ ગઈ. મ્હારાં હોઠ બીડાઈ ગયાં, અને એટલામાં તો ઝોળીમાં સૂતેલો મ્હારો ન્હાનકડો કીકલો બરાડી ઉઠયોઃ"ઉ...આ...ઉં... ઉ...આ..ઉં."

મ્હારી અર્ધાંગનાએ એને બેચાર સરસ્વતી સંભળાવતાં પાંગોઠું પકડી બ્હાર કાઢયો. એમનો દર્શનનો ટાઈમ જતો હતો, અને નીચે એમને પાડોશીની સહી ખોટી થતી હતી. એવો ને એવોજ બરાડતો કીકલો એણે હાથમાં લીધો. હું પાસેજ ઉભો હતો. એટલે મ્હારા હાથમાં ઝીકયોઃ

" લ્યો, એને જરા રમાડજો, એટલામાં હું દર્શન કરીને આ... આવી..."

" પણ આ રડે છે...તેનું..."

મ્હારા શબ્દો સાંભળવા ન થોભતાં એ બારીએ ડોકાઈઃ " અલી નિર્મળા ! ચાલ, તૈયાર થઇ કે ?"

" એ...હા. ચાલો, તમે તાળું વાસીને નીચે ઉતરોને. કેટલી વાર ?" નિર્મળાએ નીચેથી જવાબ વાળ્યો.

" તાળું આજ નથી દેવાનું. આજ તો એ ઘરમાંજ છે. લે... ચાલ...આ...આવી. "

" પણ આ રડે છે. એને સાથે..."

" ભંડારીયામાં દુધની શીશી છે...જરા લઇને આમ તેમ ફેરોને ! ઉભા શું રહ્યા છો ?" કહેતાં દેવીએ બારણું વટાવવા માંડયું.

" પરન્તુ તું આ પાપને સાથે લેતી જા. મ્હારે તો જરા બ્હાર જવું છે. " મ્હેં છેવટે કંટાળીને બૂમ મારી.

" હમણાં ને હમણાં શું વહી જાય છે ? હમણાં તો બ્હારથી આવ્યા. જરા તો ઘરમાં ઠરી ઠામ બેસો. મ્હને તે શું બાર કલાક થવાની હતા ? આ...ઉભે પગે આવી. "

" પણ મ્હને તો ખાસ..."

" તો જાવ સાથે લઇ જજો. "

ને બસ, ઇ..તિ..શ્રી. મ્હારા મોઢાના શબ્દો મોઢામાંજ રહી ગયા. એ તો વિજળી જેમ આકાશમાં ઝબકી ઉડી જાય, એમ પાપણના પલકારામાં ઉપડી ગઇ. જ્યારે મ્હારાં ક્રીકલાંએ તો રામ નામની પોક મૂકી ઘર ગજાવી મૂકયું. મ્હારાં બચુની બા ! આ ઘેર બેઠાં ગંગા જેવાં દેવના દર્શન કરવાને બદલે, પત્થરના જડ દેવતાના દર્શન કરવા દોડી ગયાં. મ્હને બહુએ થયું, કે " આજનો દિવસ એ ન જાત, તો શું થઈ જવાનું હતું ?" પણ અફસોસ ! નસીબ બે ડગલાં આગળનું આગળ ! પ્રભુ ! પ્રભુ !

આખરે એ રડતી બલાને છાતી સાથે વળગાડી થાબડતાં ને છાનો રાખતાં સ્નેહીને ત્યાં જવાનો વિચાર મ્હે માંડીજ વાળ્યો. અને

" ચાંદા પોળી..ઘીમાં બોળી...ન્હાના છોકરાંને કકડો પોળી...લે રે મોઢા હપ્પા..." એવું એવું બકતો મ્હારાં બચ્ચુને રમાડવા લાગ્યો. સ્નેહીને બહુ બહુ આગ્રહ મ્હેં શા માટે કરાવ્યો હતો ? તે તો વ્હાલા વાંચનાર ! હવે તમે સમજી ગયા હશો. ઘરમાં તમારાં ભાભી પ્હેલા નંબરના પતિવ્રતા મળ્યાં હતાં !

ખાસ્સા સાડાત્રણ કલાકના મહા(દેવ)દર્શન પછી બરાબર સાંજના સાડાઆઠ વાગે એ દર્શને ગએલ દેવી ઘેર આવ્યાં, જ્યારે સેવક કીકાને ઝોળીમાં સુવડાવી હીંચકો નાખતા હતા. વચ્ચે વચ્ચે કોઈ ન સાંભળે એમ એને રડતો બંધ રાખવાને "ભાઇ તો મ્હારો ડાહ્યો...ને પાટલે બેસી ન્હાયો..." એવાં એવાં હાલરડાં પણ બબડતો હતો. ત્યાં તો ઝાંઝર ઝમૂકયાં. મ્હેં પૂંઠ ફેરવી; તો થાકીને આવેલાં અમારાં ઘરવાળાં !

"કેમ ! આજ કાંઇ આટલું બધું મોડું ?" એમ હજુ તો હું એમને પ્રશ્ન કરૂં, તે પહેલાં તો લુગડાં બદલતાં બદલતાં એમણેજ મ્હારી હાજરી લેવા માંડી; " હજુ, કયારના એનેજ લઇને બેસી રહ્યાં છો ? મ્હને આવતાં જરા વાર લાગી તો સગડીમાં બે ચાર કોલસા નાખી દીવાસળી તો મૂકી રાખવી હતી ? એમાં શું ભાર પડવાનો હતો ? બેડાં બેડાં કંઈ વધવાના હતા ! લ્યો...ખસો..." શ્રીમતી ઘોડીઆ પાસે આવ્યાં: " લાવો. એ હવે ભૂખ્યો થયો હશે. જાવ, હું એને જરા લઉં ત્યાં સુધીમાં પેલી સગડીમાં પાંચ કોલસા નાખી ચેતાવી દયો, ને પેલા ડબ્બામાંથી એક વાડકો ચોખા...પેલી થાળીમાં કાઢી, આપી જાવ. લાવો, હું બેઠી બેઠી વીણી આપું. અને પછી...પેલી સગડી જરા ચેતે, એટલે પેલી તપેલીમાં અધરણનું પાણી મૂકી દેજો."

ઉપરાઉપરી ઓર્ડરો એમના શ્રીમુખમાંથી એકી સાથે બ્હાર પડવા લાગ્યાં. અને હજુ તો હું સગડીમાં કાકડી મૂકું, ત્યાં તો વળી એમનો ક્રુદ્ધ સ્વર કાને પડયોઃ "બારણે સાડાઆઠ વાગ્યા. ઘરમાં રહ્યાં છતાં એટલીય કાળજી નહિ. બેઠાં બેઠાં જરા ફાનસ લૂંછી દીવો કરતાં શું થતું હતું? રે'વા દયો એને...પ્હેલાં જરા દીવો કરો."

ગૃહપતિ હોવા છતાં ગૃહીણીને લગતાં એકેએક ઘરકામ કરવામાં હું ઘણોખરો ટેવાયલો હતો. મ્હને પરણ્યાને આજ પાંચ વર્ષ થયાં. અને એ પાંચે વર્ષથી હું એમના અનુભવી હાથ નીચે સરેરાસ મહિનાના વીસ દિવસ અભ્યાસ કરી એમાં (પાકશાસ્ત્રમાં) પ્રવીણ અને પાવરધો બન્યો હતો. તેમ છતાં રખેને! એમનો આ શિષ્ય એમની એ કૃપાપ્રસાદી–ભણતર–અભ્યાસ પાછો ભૂલી ન જાય, એટલા માટે એ સંશયી ગુરૂદેવ મ્હારી અવનવી પરીક્ષાઓ આમ વારંવાર લેતાંજ રહેતાં હતાં. અને હુંય એમના શ્રીમુખમાંથી બ્હાર પડતી એકેએક આજ્ઞા એમના તરફના મ્હારા અસાધારણ પ્રેમ અને ભયને લઇને મસ્તક નમાવી હાથ જોડી ઝીલી લેતો હતો.

મ્હેં તાબડતોબ સગડી સળગાવી, દીવા કરી, આધરણ મૂકી દીધું, એટલે એવણ કીકાને રડતો રાખી રસોડામાં આવ્યાં. હું હોટલના બોયની (નોકર) માફક કંઇ જરૂર પડે તો તરત હાજર કરવા પાસેજ ઉભો હતો. શાક સમારી આપ્યું, પાણીના લોટા ભરી દીધાં, અને અમે આ રીતે રાંધી કરી વાળું કરવા ગોઠવાયાં, એઓ તો આખો દિવસ ઘરમાં, એટલે બપોરે નાસ્તો કરી લીધેલો, જેથી ભૂખ ઓછી લાગે! એટલે મ્હારાંથી જલ્દી જમી–પરવારી હાથ ધોઇ બ્હાર અગાસીની ખુલ્લા હવામાં સળગતી સગડી લઈ જઇને તાપવા બેઠાં. જ્યારે સેવક તો

સારી સ્હવારે ખાઇને ગએલા એજ, એટલે નિરાંતે જમતાં જરા વાર લાગે એ સ્વાભાવિક છે. મ્હને ઓડકાર ખાતો અને હાથ ધોતો એમણે સાંભળ્યો, કે તરતજ બ્હાર બેઠાં કહ્યું:

" એ તમે સાંભળો છો કે ?"

"કેમ ?"

" એ...હવે વળી આવી ટાઢમાં મ્હને ક્યાં પાછા ઉઠાડો છો ! જરા એઠું બ્હારી વાસણમાં નાખી દઇ, એકઠાં કરી નીચાણમાં ખસેડી મૂકજો. સ્હવારે કામ કરનારી આવશે તે અજવાળી નાખશે, અને સાથે સાથે બે લોટા પાણી રેડી ચોકડીનો રેલો (ધોઇ નાખવી) પણ વાળી નાખજો, એટલે થયું."

બિલકુલ આનાકાની વગર મ્હેં એમની આજ્ઞાને અંતઃકરણપૂર્વક માન આપી અક્ષરશઃ પાલન કર્યું. બે લોટા પાણી ધમકાવી ચોકડી ધોઇ નાખી હું ઉઠયો. પાનસોપારીની પેટી લઇ હીંચકે બેઠો. ત્યાં બ્હાર રહ્યાં રહ્યાં શ્રીમતીએ પાછો સાદ કર્યો: " એ...પાનની પેટી તમારી પાસે છે કે !"

" હા...કેમ ?"

" મોકું જે...તમે પાન બનાવો. તો સાથે સાથે એક મ્હારે માટે પણ બનાવજો. હું ખાવાનું ભૂલી ગઇ છું."

અગાશીમાં દરરોજ આડોશપાડોશની સરખેસરખી સ્ત્રીઓ ભેગી મળી આખા ગામની કુથલી કરતી. " આજ તો ફલાણી બ્હેને એના ધણીને આમ કહ્યું'તું, ને આજ તો ઢીંકણી બ્હેનને એના ધણીએ આમ મારી હતી." એવી એવી વિધવિધ જાતની વાયકાઓ, અને

અપાટાઓ એ મહિલામંડળમાં ચર્ચાતાં, અને એના પ્રમુખપદે વિરાજવાનું માન હમેશને માટે મ્હારાં બચુની બાને મળ્યું હતું. કહો, હું કેવો મહા ભાગ્યશાળી ! કેવો આજ્ઞાધિન ! કેટલો પત્નીભક્ત ! મુજથી વધીને સ્ત્રી–સ્વાતંત્ર્ય આપનાર બીજો કોણ બહાદુર નંગ નીકળે?

આખા ગામ અને શાસ્ત્રથી ઉંધો રિવાજ મ્હારા ઘરમાં ચાલતો હતો. અને એનું ખરૂં કારણ પૂછો તો એકજ હતું. એક તો પિતાએ ન્હાનપણમાંથીજ–વિદ્યાર્થીવસ્થામાંજ આ લફરૂં વળગાડી આપ્યું હતું. તેમાં વળી સેવકના ધણીઆણી તેના બાપને એકના એક હોઇ પુત્ર તુલ્યના હોવાથી, તથા આમ...પાંચ પૈસે અમારા કરતાં વધારે સુખી હોવાથી, “બહેન ! બ્હેન ! ” થઇને લાડ–કોડમાં ઉછરેલાં, અને મોઢાનાં (જીભના) છૂટાં હતાં. વળી મ્હોટાંના છોકરાં એટલે ચાર–પાંચ અંગ્રેજી ચોપડી પણ ભણેલાં, અને જરા ખૂબસુરત ! શરીરમાંય એ મ્હારાથી ખાધેલ–પીધેલ હોઇ એવડા બાંધાના અને હૃષ્ટપુષ્ટ હતાં. જ્યારે હું તો ન્હાનપણથી માઇકાંકલા જેવો મુડદાલ હતો. એ પૈસાદારની પુત્રીએ સાસરીઆને ઉમરે પગ મૂકતાંજ સેવકને પોતાની શ્રીમંતાઈ, સૌન્દર્ય, ભણતર અને સત્તાના પ્રભાવથી આંજી નાખી સદાને માટે સિંહમાંથી શિઆળ બનાવી દીધો. અને તેમાંય વળી મ્હારે કમનસીબે લગ્નના એજ માસમાં મ્હારાં શિરછત્ર વડીલ તાત સ્વર્ગે સિધાવી ગયાં એટલે કેટલોક વખત તો મ્હારે સાસરેજ ઘરજમાઈ થઈને અભ્યાસ પૂરો કરવા રહેવું પડયું હતું. અને મ્હને કહી લેવા દયો, કે હુંય પ્હેલ-વ્હેલાં તો એના રૂપ, અને અંગ્રેજી ભણતર તથા ભભક ઉપર અંજાયો હતો, પણ પછીથી–હવેજ હું સમજ્યો, કે all that glitters is not gold “પીળું એટલું સોનું નહિ.”

અને હજુય પંતુજીગીરીના ટુંકા પગારમાં જુદું ઘર માંડીને રહેતાં પણ, આટઆટલી તહેનાત ઉઠાવવા છતાં પણ, કર્મે ટપલાં ખાવાનાં અને સાસુસસરાના ' એમની કુમળી–ફૂલ જેવી એકની એક દીકરીને ઘાટણ જેટલું કામ કરાવવાના ' મ્હેણાં–ટુણાં સાંભળવાના તો રોજનાજ ચાલુ હતાં. શું કરે ? કે અમારી ન્યાતમાં કન્યાનો રાફડો અને મુરતીઆની અછત હતી, એટલેજ. નહિ તો જરૂર એના બાપે કોઇ વકીલ–બેરીસ્ટર અગર લક્ષાધિપતિ જોયો હોત ! પણ ન્યાતજ ગરીબ એટલે શું ? પણ જવા દયો એ વાત ! આમ છતાંય હું એમ મન વાળતો: " કે આવાં લગ્ન પણ એક લ્હાવો છે ! સહુ કોઇને એ નથી સાંપડતો, સદ્‌ભાગ્યશાળીનેજ સાંપડે છે ! પેલી કહેવત છેને કે, " પરણેલો પીડાએ મરે, ને કુમારો કોડે મરે. " તેવો મ્હારો ઘાટ હતો. આજ નહિ તો બે દિવસ પછી, વરસે બે વરસે પણ જરા માથે પડયા પછી, સમજણી થયાં પછી, એની મેળે સુધરશે–ઠેકાણે આવી જશે. પણ મ્હારી એ આશા આકાશકુસુમવત્ નિવડી. આજ દિન સુધી રાહ જોઈ પણ હજુય મ્હારા એ આશાના મંદિરમાં અજવાળાં ન થયાં તે નજ થયાં.

આખરે આખા દિવસથી કંટાળેલો ને થાકેલો–પાકેલો એવો હું હાથેજ પથારી કરી આડો પડયો. પડતાંની સાથેજ આંખો મીંચાઇ ગઇ. હું તો ઘસઘસાટ ઘોરવા મંડયો. સવાર ક્યારે થઇ અને રાત કયાં ગઇ ? તેની મ્હને તો કશીય ખબર નથી. પણ જ્યારે મ્હને કોઇએ પડખેથી આવી ઢંઢોળ્યો, અને બૂમ મારી, ત્યારેજ મ્હારી આંખો ઉઘડી ગઇ. ત્યારેજ મ્હેં જોયું, કે સવારનું ઝાંખું ઝાંખું અજવાળું થઈ ચૂક્યું હતું. ઘડીયાળમાં છના ટકોરા પડી રહ્યા હતા.

" સાંભળો છો કે ? ઉઠી જાવ, અને બંબમાં કોલસા નાખી પાણી ઉમેરી દયો; મ્હારાથી આજ ઉઠાય એમ નથી." ગોદડામાં મોઢું છૂપાવતાં એ ધીમું ધીમું બોલ્યાં.

" ઓ પરમેશ્વર ! શું વળી ચાર દિવસની શનીની પનોતી (હાથ ચોકખો ન હોય તે !) તો નહી બેઠી હોય ! " એમ વિચારતો આંખો ચોળતો અને બગાસાં ખાતો હું આળસ મરડી પથારીમાં બેઠો થયો. પણ શ્રીમતીને પડખેજ સૂતેલાં જોતાં પાછો જીવમાં જીવ આવ્યો. શનીની દશા તો ન્હોતી બેઠી. હા...સ."

"કેમ શું છે ? આજ કંઇ મ્હને આટલો જલ્દી..."

" શું કરૂં ? મ્હને તો કાલ રાતનો સખ્ત તાવ ભરાયો છે, ને સનજડ ટાઢ વાય છે...ઉઠાતુંય નથી...એટલેજ...તમે જરા જલ્દી ઉઠી નાહી ધોઇ પ્હેલાં મ્હને એક કપ ચહા કરી આપો તો સારૂં. મ્હારૂં તો માથું ફાટી જાય છે. "

પરન્તુ વાંચક ! મ્હારાં બચુની બાની તબિયત એકાએક બગડી જવાથી તું જરાયે ગભરાઇશ મા. મ્હારે માટે કંઇ આજ આ નવું નહોતું. મહીનામાં દશ દિવસ એમને આવી અસાધારણ માંદગી આવતી ને ટાઢ ચઢતી, તેમજ પાછી બે ચાર કલાકમાં એની મેળેજ વગર દવાએ સારી થઇ જતી.

બચુની બા સીક થઇ જવાથી મ્હારા જીવનમાં મહાભારત ફેરફાર થઇ ગયો. કોણ જાણે ક્યા અકકરમીની એમને નજર લાગી હશે ! નાહી-ધોઇ ન્હા-પાણી તો કરીને પાયાં, પરન્તુ કર્મસંજોગે આજ કામ કરવા વાળી નોકરડી પણ કોણ જાણે શું થયું ? તે ન આવી, એટલે પછી ન છૂટકે મ્હારે કચરો-પૂંજો કાઢી રાતના અજીઠાં વાસણ પણ સ્વહસ્તેજ

અજવાળી નાંખવાં પડયાં. બાબાં ટીપવાનું કામ બચુની બાને માથેથી ઉતરીને હવે બચુના બાપાને માથે આવ્યું.

કપાળની કીટલી ઉપર ઝામેલાં પરસેવાના ટીપાંએ લૂંછતો જાઉં, અને કણેકના પીંડામાંથી ફાવે એટલા ન્હાના મોટા લુઆઓ લઇ કાન–નાક જેવાં આવડે એવાં ફેન્સી ન્યુ ડીઝાઇનના જાડાં અધકચરાં ચોપડાં વેલણથી વણી વણી તાવી ઉપર નાખી ચુલામાં સેકતો જાઉં. કેવો ગ્રાન્ડ સીન! બાપજન્મે યુનીવર્સલ ફિલ્મ કું. માં પણ નહિ જોયો હોય! પરંતુ હજુ તો મ્હારો બુલંદ સિતારો અધુરો ઝળક્યો હતો. અધુરામાં પૂરાં અમારા ગઇ કાલના સ્નેહી બિરાદર સુમનલાલ વગર તેડે સીધા ઠેઠ રસોડામાં મ્હને શોધતાં શોધતાં આવી લાગ્યાં. અમારી મળી દ્રષ્ટોદ્રષ્ટ! જાણે અટકી–ઉતરી જતી ફિલ્મનો એકી ટશે જોતો રહી જતો અપૂર્વ સીન! પધારેલાં પુરોણાએ "ખી...ખી...ખી" કરી દાંત કાઢયાં.

"અરે! કાન્ત! આ શું? ભાભી સાહેબનો હાથ ચોકખો નથી કે શું?"

[મ્હેં જવાબમાં દરશોરો સુણાવ્યો.]

"ત્યારે? કયાં ગાંસડાં પોટલાં લઇ પીએર સીધાવ્યાં છે?"

રોટલી બળી જશે એ બ્હીકે મ્હારી નજર તાવી તરફ હતી. એક તો હૈયામાં હોળી સળગતી હતી. બીજો તાપ અને રાંધવાની કડાકૂટથી ત્રાસેલો અને અકળાયલો હતો. તેમાં વળી દીલજાન દોસ્ત આગળ રહીસહી આબરૂના દરવાજા ઉઘડી ગયા, એટલે જવાબ દેવા જતાં જતાં હુ ચરતચૂક થઇ ગયો. મ્હારી આંખોમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં, અને ગરમાગરમ તાવી ચીપીયા કે સાણસીને બદલે ભૂલથી હાથેથીજ પકડાઈ ગઇ. "ઓહૂ..." ડાં'મ દેવાયો ને ઝઝેલો

પણ પડયો. પણ કોને કહુ ? મ્હારા બાપને ! આંગળી મોઢામાં નાખી ચૂસી નાખી, તોય અગન...અગન...લ્હાય...લ્હાય...બળતી હતી.

" ભલા માણુસ ! બોલતો કેમ નથી ? "

એટલામાં એની નજર સ્હામેના દિવાનખાના તરફ ગઇ. પારણામાં કીકલો રમતો હતો. મ્હારા સ્નેહીએ એને રમાડવા માંડયોઃ " કેમ બચુ ! ત્હારી બા કયાં ગઇ છે ? હેં ? "

મ્હારે તો હોઠેજ આવીને અટકયું હતું, અને એવું મનમાં થયું, કે લાવ કહી દઉં, કેઃ " સોનાપુર...અશ્વનીકુમાર સિધાવી ગઇ..." પરન્તુ ના...હું ગમ ખાઇ ગયો.

આખરે બહું પડપૂછ કરતાં મ્હારૂં ભગ્ન હૃદય ભરાઇ આવ્યું. હું મ્હારા એ સ્નેહીની પાસે છૂટે મોઢે રડી પડયો. મ્હારૂં હૃદય મ્હેં ખુલ્લું કરી અથથી ઇતિ પર્યંત તમામ કહી દીધું.

" હાઁ...તેથીજ તું કાલે આવવાને આટલી બધી આનાકાની કરતો હતો, કેમ ? ભાઇ કાન્ત ! તું કાલ ન આવ્યો, તેની ખબર કાઢવાજ હું આજ અહીં આવ્યો હતો. "

અને પછી હું સુમનને પલંગ ઉપર પડેલી મ્હારા બચુની બા પાસે લઇ ગયો. સૂતી સૂતી એ **સ્ત્રી પુરૂષના સમાન હક્કની** ચોપડી વાંચી રહી હતી.

" કેમ કાન્તા ભાભી ! આજ કંઇ સૂતા છો ? તાબયત સારી નથી કે શું ? " સુમને ટકોર કરી.

" હા...કાલ રાતનું જરા એ...વુંજ છે. "

" દવા–બવા લઇ આવ્યા કે ? "

" ના...રે...એ તો એની મેળેજ પાછો આરામ થઇ જશે. "

અને પછી ? મ્હારા સડેલા સંસારને જોઇ સુમન પણ મ્હારી દયા ખાવા લાગ્યો. " કાન્ત ! તું આટલો બધો બાયલો કેમ ? "

" શું કરૂં ? ભાઇ ! એ બધું અંગ્રેજી પાંચ ચોપડીના ભણતરનુંજ પરિણામ છે. મ્હારા પિતા કન્યાના કૂળ, રૂપ એના રૌફ અને પૈસા ઉપર મોહ્યા હતા, જ્યારે હું આંધળો એની અંગ્રેજી કેળવણી ઉપર મોહ્યો હતો. પણ પાછળથી–હવેજ મ્હને ખબર પડી કે જે દીપકના તેજને જોઇને હું ઘેલો ને દીવાનો બન્યો હતો–અંજાયો હતો, તેણેજ મ્હારા જીવન અને સંસારને કડવો ઝેર જેવો કરી નાખ્યો હતો.

" તો પછી પરણતાં પહેલાંજ એ પૈસાદારની પુત્રીનો ત્હેં કંઈજ વિચાર ન્હોતો કર્યો ? "

" હું કહું છું ને, કે અમારી ન્યાતમાં એક તો છોકરાંઓની અછત હતી, અને તેમાં વળી પિતાના કહેવા ઉપરથી હું તો એના રૂપ અને ભણતર ઉપરજ સ્વર્ગીય સંસાર–સ્વપ્ના જોઇ રહ્યો હતો. **ભાઇ ! હિન્દુ–સંસારમાં આજ સમજણાં અને યુવાન પુત્ર–પુત્રીઓને પણ પોતાના ભવિષ્યના સમોવડીઆ જીવન–સહચરો શોધવાની કયાં સ્વતંત્રતા છે ? જ્યાં પારણામાંથીજ ઝડપાય, અને માબાપની પસંદગીથીજ મિંઢળ બંધાય, ત્યાં પછી સ્નેહ ને સ્વર્ગીય સંસારની આશાજ કયાં ?** તેમાં વળી હુંય તે વેળા ન્હાનો અને અણસમજુ હતો. પરણવાના, અને લગ્નમાં વરરાજા થઇને મ્હાલવાના મ્હનેય કોડ હતા. એટલે પછી શું પૂછવું ? "

" છતાંય હજુ કંઇ ગયું નથી. તું ધારે તો... "

"હરહમેશનો કંકાશ ઘરમાં ઘાલવો મ્હને મુદ્દલ પસંદ નથી. આડોશીપાડોશીઓ એકઠાં મળી રોજ તમાસો જુએ, એના કરતાં તો મુંગે મોઢે જેમ ચાલે છે, એમજ આમ બાંધી મુઠ્ઠી લાખની રાખી મનમાંજ સમજી બેસી રહેવાનું હું વધારે પસંદ કરૂં છું."

"અજબ ! આવું અને આટલું અંધેર તો ભાઇ મ્હેં આજેજ અને ત્હારે ત્યાંજ જોયું."

"અરે ! એ શું બોલ્યો ? આજ હિન્દુસ્તાનમાં ઘેર ઘેર ત્રિયા-રાજ્ય ચાલી રહ્યું છે. બી. એ. અને એમ. એ. બનેલી બાનુઓ લવ મેરેજ(સ્નેહલગ્ન) અને ચોઇસ મેરેજના મોટા મોટા આદર્શ ઉદ્દેશોની વાતો કરી વર્ણ, ધર્મ, સંયમ અને સહનશિલતાને તિલાંજલી આપી પશ્ચિમના પવન, સુધારા, ફેશન, પોશાક, વિચાર અને ખોટા વાતાવરણને અનુસરી સ્ત્રી-સ્વાતંત્ર્યના લેખો લખી, લાંબા લાંબા ભાષણો કરી વકીલ તેમજ શાસ્ત્રની લાજ-મર્યાદા છોડી ફાવે એમ ફરે છે-વર્તે છે. પરન્તુ એ શેકસપીઅર ને ટેનીસનના મહાકાવ્યો મોઢે કરનાર આંગ્લવિદ્યાપ્રેમી યુવતીઓ ગીતા, મહાભારત, રામાયણ, ભાગવત કે શતીના એક ઇતિહાસ ઉઘાડવાની આજ દરકાર નથી કરતી.

અને ઘરમાં પણ પુરૂષને જેટલું પાણી પાવું હોય એટલુંજ એ પાય. સેંકડે પચોતેર ટકા ઘરમાં તો દેવી બોલ્યાં, એટલે બસ થઇ રહ્યું, પતિભક્તિને બદલે પત્નિભક્તિનો પ્રભાવ આજ પૂર જોશમાં અને પ્રમાણમાં છે. બાકી મ્હને બતાવો તો ખરાં મ્હારાં મહેરબાન ! કે કયા બી. એ. એમ. એ. અને જે. પી. થએલાં બાનુ સ્વહસ્તે રસોઈ રાંધી પોતાના સ્વામીનાથને ભોજન કરાવે છે ? અરે ! હું અનુભવથી છાતી ઠોકીને કહું છું, કે એમાંના-એ ભણેલામાંના સેંકડે સત્તાણુંને

તો પૂરૂં રાંધતાંયે નથી આવડતું. મ્હોટે ભાગે તો **મ્હારાં બચુની બા** જેવાંજ ! કોઇ કીર્તનકારે ખોટું નથી કહ્યું, કેઃ—

બી. એ. અને એ. એમ્. બની ખિતાબ ચાંદ ધરાવતાં.
સારા સુધારાની સમાજે સફળ સ્થાને સ્થાપતાં.
ધરનારને સહુ કેળવો...ભાષણ ભભકથી આપતાં,
ચૂલે ચઢી ચતૂરાઇને...ચતૂરા તણા પગ ચાંપતાં.

× × × ×

" ત્યારે ભાઇ કાન્ત ! સંસાર સ્વર્ગીય બનાવવા માટે ત્હારો શો મત છે ? "

" કુમાર-કેળવણી અને કન્યા-કેળવણી બને જુદી જુદી જાતની હોવી જોઇએ. સ્ત્રી એ ગૃહરાજ્યની રાણી છે. એને સહુથી પ્હેલું ગૃહને લગતું જ્ઞાન આપવાની ખાસ જરૂર છે. પછી એના હૃદયમાં ધર્મ અને સંસ્કાર સીંચાવા જોઇએ. કારણ કે જગત્ના ભાવિ-પુરૂષોની એ જનેતાને......

કહે નેપોલિયન દેશને કરવા આબાદાન,
પ્રથમ પગથીયું એજ છે, દયો માતાને જ્ઞાન.

અને એ જ્ઞાન ! એ કેળવણી ? એ આદર્શ ! એ ભાવના ! એ સંસ્કાર ! તે કયા ? નહિ કે પશ્ચિમની સ્વચ્છન્દી અંગ્રેજી કેળવણી ! પરન્તુ પૂજ્ય ભારતવર્ષનીજ એ જગજૂની ધાર્મિક અને પવિત્ર કેળવણી! **સ્વતંત્રતા કબૂલ...પણ એમાં સ્વછન્દતાની ગંધ ન હોવી જોઇએ**. ભાઈ આજના ભારતને ! આજની સમાજને ! લેખ લખનાર, ભાષણ કરનાર, ડીગ્રીઓ મેળવનાર, વકીલાતની કે ઇલેકશનના વોટ મેળવવાની ઉમેદવારી કરનાર, પશ્ચિમના વેશ, વિચાર અને વર્તને

રંગાયલી આય છતાં આંગ્લપ્રેમી રમણીઓની જરૂર નથી, પણ એને તો પ્રતાપ અને શિવાજીની માફક નિરક્ષર છતાં ધર્મપ્રેમ અને સ્વદેશપ્રેમનાં અમોલાં ઉપદેશો આપતી મહાભારત, રામાયણ અને ગીતાના અમરસૂત્રો સદ્બોધતી વીર જનેતાઓની જરૂર છે."

અને એટલામાં તો "કેમ! આજ તો હવે વાતમાંજ પેટ ભરાઈ જશે કે? ખાવાની પણ જરૂર નહિ પડે!" એવો મહાદેવીનો અવાજ મ્હારે કાને પડયો. "ચાલો ત્યારે, સાહેબજી! બનશે તો સાંજના બાગમાં મળીશું." કહી સુમન દાદરના પગથીઆં ઉતરી ગયો. અને હું પણ મ્હારા માંદા ગૃહલક્ષ્મીની સેવામાં દોડતો કે હાજર થઈ ગયો.

"કેમ! હજુ કેટલી વાર છે?" એમણે મ્હને જોતાંજ સવાલ કર્યો.

"બધુંય તૈયાર છે."

"ત્યારે ચાલોને, તમારો નિશાળે જવાનો વખત થઇ જશે ને! પાછું એટલું બધું કામ આટોપતાંય વખત લાગશેને! મ્હનેય જે કટકો કોર કડવે મોઢે ભાવે એ ખાઇ લઉં, એટલે પત્યું. આખો દિવસ ભૂખ્યા રહેવાથી તો વળી વધારે જીવ ભમે."

"બહુ સારૂ, હવે ચાલો."

મ્હેં મહાદેવીને થાળ પીરસી ધરાવી. એ જમવા બેઠાં. અત્યારે તો એમની તબિયત ઓલરાઈટ હતી.

પ્રિય વાંચક! તુંય મનમાં તો સમજતો હશે, કે ત્હારે ત્યાં કેમ છે?

પુષ્પ:— મ્હારા સમ. —:બીજું

“ઓલોની ! હેં ! લાવશોને ? ”

“ ઠીક છે, જોઇશ. ”

“ ના...જોઇશ નહિ, લાવવુંજ પડશે. ”

“ વારૂ, વારૂ હવે. ”

“ હા...તે વારૂ વારૂ કરતાં આજ કેટલાં દિવસ થયાં ? ”

“ એક વાર તો કહ્યું કે લાવીશું. એવડી ઉતાવળ શી છે ? તું થોડી કંઇ એના વિના હમણાં અટકી બેઠી છે ? ”

“ હૅા...ત્યારે એમજ કહોને, કે લાવવુંજ નથી. નાચવું નહિ, ત્યારે આંગણું વાંકુ. ”

× × × ×

જમીને ઓફીસમાં જતાં પતિદેવને પાનની બીડી બનાવી આપતાં પતિવ્રતા સરલા આજ કંઇ મીઠું મીઠું હસમુખે મોઢે સમજાવી રહી હતી. ભોજનકાર્યથી પરવારી ઘરીભર આરામ લેતાં પતિપત્નીમાં ઉપર પ્રમાણેનો આનન્દવિનોદ લૂટાઇ રહ્યો હતો. સરલા સમજુ, સંસ્કારી, અને સ્વભાવે સુશીલા હોઇ એક આદર્શ અર્ધાંગના હતી, જ્યારે સુરેશ પણ સ્વભાવે શાન્ત સરળ અને એના જેવોજ ખુશમિજાજી હતો. ઉભય નવપરિણિત અને નવયુવાન દંપતિ–યુગલનો સંસાર ખરેખર સ્વર્ગીય હતો !

સરલાનું સીમંત (અઘરણી–અગ્રહીણી.) પાસે આવ્યું હોવાથી આજ એની શરમાળતા, સ્નેહાળતા અને વાચાળતા હદ વટાવી ગયા હતાં. સુરેશ પાસે એક રેશમી સાડીની--અણમોલાં અમ્મરની ઉઘરાણી થતી હતી, પણ મોજીલો સુરેશ " થાય છે, થાય છે. " કહીને એ બાપડીને ઉડાવ્યાજ કરતો હતો.

" લ્યો, " સરલા પાનની બીડી અને સોપારી સ્વામીનાથને આપતાં બોલી: " બોલો, ત્યાર પછી લાવશોને ? "

" પણ શું ? "

" શું તે વળી એજ તો ! લ્યો, જાણે જાણતાંજ નથી ! હાથે રહીને છેક અજાણ્યાં થઇને કેવાં પૂછે છે ! વાહ્... "

" અરે વાહરે ત્હારો લટકો...સરલે ! કહે જોઉં, અમ્મર પહેરીશ, એટલે પેટ ભરાઇ જશે કે ? "

[ગુલાબી સુરખી ગાલપર સ્ફૂરી આવતા સરલાનું મોઢું મલકાઇ જાય છે. નયન અને મુખચંદ્ર નીચાં ઢળી જાય છે.]

" કેવું હસાઇ જવાય છે ? ત્યારે પછી મ્હને તો ભૂલીજ જશે. કેમ?"

[શરમાય છે.]

" લે, હવે હું જાઉં છું." સુરેશે બૂટ પહેરવા માંડયા.

"ના...ના...ઉભા રહો." સ્વામીના બૂટની દોરી બાંધતાં સરલા સ્નેહભર્યા શબ્દોમાં સમજાવવા લાગીઃ " ભૂલશો નહિ, હોં ! આજ સાંજે આવતી વખતે જરૂર લેતા આવજો. નહિ તો...પછી..."

" નહિ તો પછી શું શિક્ષા કરવા માંગો છો ?"

" સાંજે ખવડાવવાનીજ નથી ને...હા.. "

" ઓહો ! એજને ? "

" ના ..પણ આજ જરૂર લાવજો, હોં ! વ્હાલા ! જોજો ભૂલતા. નહિ તો પછી હું જાવ...તમારી સાથે બોલવાનીજ નથી."

" પણ લે વળી...તે કદાચ ભૂલીય જવાય."

" હા...ત્યારે ! ખાવાનું યાદ રહે છે ને ? તેમ યાદ રાખજો."

" લે ત્યારે, એક કામ કર. આ મ્હારા ધોતીઆને છેડે એક ગાંઠ બાંધી દે...કે યાદ રહે."

" હા...હા... એ વાત બધાં કરતાં સરસ...લાવો..."

[સરલા ગાંઠ બાંધવા જાય છે.]

" અરે રાખ ! શું સરસ ? આ...ઑફિસમાં બેઠાં બેઠાં ગાંઠ તરફ નજર જયા કરે, અને ત્યાં તુંજ યાદ આવ્યાં કરે, ત્હારીજ મૂર્તિ આંખ આગળ રમ્યાં કરે, તો પછી ચોપડામાં કંઇ ઉંધુચત્તું ચિતરી મરાય તે...તેનો કંઈ વિચાર કર્યો ?"

" ત્યારે પછી ? "

"હવે ભૂલી જવાશે તો પછી આવતી કાલે રવિવારે રજાનો દિવસ છે ને ? ક્યાં ન્હાસી જવાનું હતું ?"

"ના...બા ! તમારા વાયદાનો તો એમ પારજ નહિ આવે. મ્હારે તો હવે આજ જોઇએજ. શું ? સાંભળ્યું કે ? જરૂર લેતા આવજો. મ્હારા સમ." કહેતાં સરલા સ્વામીને ગળે વળગી પડી.

બસ ખલાસ. આજકાલ "મ્હારા સમ" એ શબ્દનો ઉપયોગ બહૂજ છૂટથી થાય છે, અને તેમાંય ખાસ કરીને રીસાયલાં રામચંદ્રજીને મનાવવા સીતાદેવીઓ તરફથી તો ખાસ. બ્હેનો ! જો તમારાં પતિદેવ કોઇ વાતની આનાકાની કરતાં હોય, તો આ મારી વાર્તાનું મથાળું "મ્હારા સમ" એમને ખભે માથુ મુકી જરા નેત્રપલ્લવી ને હસતી મુદ્રાએ ઉચાર્યાં, કે જોઇ લ્યો, પછી એનું જાદુ ! એનો પ્રભાવ ! બ...સ, તમારો બેડો પાર ! પાણીથીય પાતળા પતિદેવને કરવા હોય તો મ્હારા સમ એ ગુર્જરી શબ્દકોષ માંહેલું મંથન કરીને મ્હેં શોધેલું એક રામબાણ–રત્ન છે. ઇચ્છા થાય તો અખતરો કરી જોજો. કેવો ચળકાટ પડે છે !

વ્હાલસોયાં સરલાના એજ શબ્દ "મ્હારા સમ." અને સુરેશ પલકમાં પલળી ગયો. હવે એ હાર્યો. માથું ખંજવાળતાં એ બોલ્યોઃ- "તમે લોક જરા પાકા તો ખરા, નહિ ?"

"હૅં...કંઇક એમ ખરૂં."

"ખરૂં ને ?" એની હડપચી ઉંચી કરતાં પ્રેમઘેલી આંખમાં જોતાં પતિએ પૂછ્યું.

[સરલાએ હકારમાં ડોકું હલાવી, જરા હસીને સંમતિસૂચક જવાબ વાળ્યો.]

"અને તમે?" વાછો સ્હામો પ્રશ્ન પૂછાયો.

"તુંજ કહી દે, જોઉં વારૂ?"

"ના... તમે તમારે મોઢે જ બોલો."

"ભોળા, સાવ ભોળા, તમે જેમ સમજાવો એમ સમજી જઇએ એવાં! તમે જેટલું પાણી પાવ, એટલું મુંગે મોઢે આંખ મીંચી પી જઇએ એવાં!"

"હા...બહુ ભોળા, જોયા નહિ હોય તો!"

"ત્યારે તુંજ કહે, અમે કેવા?"

"બહુ નહિ પણ સ્હેજ...જરાક...લુચ્ચા." એણે ધીરેથી કાનમાં કહ્યું, ને પછી "હી...હી...હી..." ખડખડાટ હસી પડી.

"અરે વાહરે લુચ્ચી!" તેના ગાલપર ધીમો તમાચો મારતાં સુરેશ બોલ્યોઃ "લુચ્ચા કેવી રીતે?"

"સીધી રીતે...સહેજ વારમાં સમજી ન જાવ, એવી રીતે."

"પરન્તુ એમ તો તમેય ક્યાં ઓછાં છો? જાવ એમ છો? ઉતરો એમ છો?"

"ઓછાં હોઇએ તો પછી તમને પૂરાંયે કેમ પડાય! એ તો સરખેસરખાંજ જોઇએને બા!"

"વારુ ચાલ! હવે મૂક ત્હારૂં એ ભાગવત ઉંચુ ત્યારે અમ્મર આજેજ લાવું, એમને?"

"લ્યો...હજુ તો પાછું પૂછો છો?"

"પણ જો જે...પાછિ ઘડીઘડી પજચ્યા નવું કરતી, હોં!"

"બહુ સારૂં...નહિ પજવું."

"આપ વચન."

"લ્યો આ વચન. બસ !"

"ખા, જોઉં મ્હારા સમ."

"તમારા સમ. થયું?"

"જા...ત્યારે જરૂર લેતો આવીશ. હવે હૈયે ટાઢક વળી ?"

"હા......સ..."

સુરેશ આજ તો વચન આપીને ગયો. સરલાનું અંતર હવે આનન્દથી ગજગજ ઉંચુ ઉછળવા માંડયું. એના દીલમાં ઉપરથી તો નિરાંત વળી, પણ અંદરથી ચટપટી થવા માંડી. "આમ પડે...તેમ પડે...પણ હવે એના હૃદયમાં ચ્હેનજ મળે. ક્યારે વ્હાલમ્ આવે, ને અમ્બર લાવી મન મનાવે, એનાંજ એને સ્વપ્નાં આવવા લાગ્યાં. એ કાગને ડોળે કાન્તની રાહ જોવા લાગી.

વ્હેલી વ્હેલી ઘરકામ આટોપી લઈ એ જલ્દી વખત વિતાડવા પોતાની પાડોશની એક પ્રિય એવી સખીને ત્યાં ગઇ. વાતવાતમાં સરલાને જે હૈયે હતું તે હોઠે આવી ગયું. એ બોલી પડી:

"બળ્યા હમણાના દહાડાય મૂઆ બહુ લાંબા તો બા ! જોને, હજુ તો બેજ વાગ્યા છે!"

એની મશ્કરી સખી એનો મનોભાવ અને વ્યથા પામી ગઇ. એના ખભા ઉપર બંને હાથ મૂકતાં એણે એના કાનમાં ધીરેથી ટહુકો કર્યો: "તે...બ્હેન! આજ કેમ કંઇ આમ બહુજ બ્હાવરાં અને બેબાકળાં લાગો છો? કોઈ પરોણાં–બરોણાં તો નથી આવવાનાને?"

"ના...રે...ના...એ તો હું અમસ્તી...જરાક...

"અરે અમસ્તાં તે હોય કે? એ તો હું જાણી ગઇ છું. છૂપાવો છો શું? અલી બ્હેન! અમનેજ ભુલી જવાના કે? અમનેય ન્હોતરૂં દેવાના કે પછી એમજ!"

[શરમના શેરડા ગાલે પડતાં નયન નીચાં ઢળી જાય છે.]

"કેમ બોલો, આજ સુરેશભાઇ શું લાવવાના છે?"

"અમ્મર." હૈયામાં હર્ષ ન સમાતાં અંતે એનાથી બોલાઇ જવાયું.

"અંહ... તેથીજ... અલી બા! અમને આમંત્રણ ખરાં કે?"

"તમને તે વળી આમંત્રણ કેવાં! તમે તો ઘરના માણસ ગણાવ."

"ના, બા... અમે કંઇ એવા ગોલ્યા નથી. આમંત્રણ તો સત્તરવાર જોઇશે. એવા વગર કહ્યે આવવાને કંઈ અમે રસ્તામાં નથી પડયાં. હા..."

"જાવ, જાવ, તરલા બ્હેન! બળ્યું તમેય આવાં ઓછા બોલ શા બોલતા હશો?"

"ભલે, બ્હેન! ભલે. ઇશ્વર કરે ને ત્હારાં મનના મનોરથ અને અંતરના અરમાન પૂરાં થાય, અને અમારાં બધાના મોઢા મીઠાં થાય, એટલેજ બહુ થયું.

"તમારા મ્હોંમા સાકર લ્યો, બેસો...હવે એમને આવવાનો વખત થયો છે, એટલે હું તો જઇશ." સરલા ઉઠતાં ઉઠતાં બોલીઃ "પધારજો હો! તરલા બ્હેન! તમને જમવાનું અને ગીત ગાવાનું આજથીજ ન્હોતરૂં છે.

"ના...રે...બા."

"તે કંઇ છૂટકો થવાનો છે?"

"અરે કંઇ ગાંડી થઇ! એ તો અમસ્તું જરા હસવાનું."

"ના. ના. તે નહિ ચાલે. આવવું જ પડશે. હા...જોજો... મ્હારા સમ...નહિ તો પછી..."

અને સરલાના એ છેલ્લા શબ્દની મોહીનીમાંથી તરલાથી ન છૂટાયું. તેણે "બહુ સારૂ" એવો ઉત્તર વાળ્યો, અને સરલા હસતી હસતી ચાલી ગૃહ: ઘરમાં આવી એણે સગડી સળગાવી સપાટાબંધ ભોજન બનાવી નાખ્યું. તે પછી એકલી પડતાં પાછી કાન્તના આગમનની રાહ જોતી જમણો કર ગાલે ટેકવી અટાળીએ જઇ ઉભી. થોડીકવારમાંજ સુરેશ આવ્યો. સરલાએ એને ઓટલાના પગથીઆં ચઢતો જોયો, એટલે એ હર્ષના ઉભરાતે હૈયે સામી દોડી. અધુરા દાદરના પગથીએથીજ સુરેશે ઉંચે જોયું. નયને નયન મળ્યાં. સ્હામેજ હાથ લંબાવીને ઉભેલી પ્રેમઘેલી પત્નીને જોઇ. વરઘેલીનું વદન જોતાંજ એનાથી હસાઇ જવાયું. અંગ્રેજ કવિ ગ્રેની પેલી પ્રખ્યાત લીટી એને અત્યારે સાંભરી આવી. What female heart can gold dispise? કઇ સુંદરીને સુવર્ણ અર્થાત શૃંગારનો શોખ નથી? **सर्वे गुणाः** ની જગ્યાએ જો **सर्वे जनाः कांचनमाश्रयन्ते** લખાયું હોત, તો!

"લાવો જોઉં...લાવ્યા કે?" ઉપર આવતાંજ અધીરી સરલાએ એનો હાથ પકડયો.

"અરરરરર."

"કેમ ! શું છે ?"

"અરરર ! શું કહું ? રહી રહીને અત્યારેજ યાદ આવ્યું. એ વાત તો તદ્દનજ વિસરી ગયો. હવે ?"

હેં ! શું સાચું કહો છો ?"

"ખરેખર] ત્હારા જીવના સોગન ! હેં હમણાં સંભારી, ત્યારેજ યાદ આવી."

હલથી કૂદતી અને આનન્દથી ઉછળતી સરળહૃદયા સરલાના મોઢાનું નૂર જરાવારમાં ઉતરી ગયું. એના ટાંટીઆ જોતજોતામાં ઢીલા પડયાં. પૂર્ણ પ્રફુલ્લેલાં પુષ્પની પાંખડીઓ જેમ બિડાઇ જાય, એમ એની બીડાતી પાપણોમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યા. એ ગળગળે સાદે બોલીઃ "પ્રભુ !"

"દેવી !" સરલાના માથા ઉપર હાથ ફેરવી એના વિખરાયલાં વાળ સરખા કરતો સુરેશ બોલ્યો.

પવિત્રતાએ પોતાનું માથું પતિના ખભા ઉપર મૂકી દીધું હતું. એના પ્રેમાશ્રુઓ વડે સુરેશનું પહેરણ પલળી રહ્યું હતું. છતાં નિરાશ અને હતાશ એવા એ હૈયામાંથી હજુ એકે ઉહ્નની વરાળ બ્હાર ન્હોતી આવી. પતિને ઠપકો દેવા એના બીડાયલા હોઠોમાંથી એકે અક્ષર બ્હાર ન્હોતો પડયો. "આહા ! આનું નામ તે સ્ત્રી ! આનું નામ તે સંસાર ! આનું નામ તે સ્નેહ !" સુરેશ પોતાને મનમાંજ ધન્યવાદ આપવા લાગ્યો. જ્યારે વાંચક ! આજ વખતે આપણાં પેલાં બચુના બા હોય તો ! કેવું ઘર ગજાવી મે'લે ! અરે ! ધૂળ ખંખેરી નાખે. ખરેખર ! સ્નેહભાગી સુશીલાની વાત તો જુદીજ તો.

એના વાળની લટો સાથે રમતાં સુરેશે ધીરેથી એનું કરમાયલું વદનકમળ ઉંચુ કર્યું. વ્હાલથી છાતી સરસી દાબતાં એ બોલ્યો: "બસ કે? આટલામાંજ રડી પડી? હું તો ઘડીક વાર ત્હારૂં પાણી જોતો હતો...પણ કંઇ નહિ...તું તો તદ્દન પોચી..."

એકાએક અમ્મર એના માથા ઉપર પડયું. અમ્મર જોતાંજ સરલા બધું ભુલી ગઇ. પતિદેવ ઉપર ચઢેલી ઘડી બે ઘડીની પ્રેમી રીસ એકે સપાટે ઉતરી ગઇ. વ્હાલમાં ને વ્હાલમાં "જુઠ્ઠા! લુચ્ચા! ખોટ્ટાં ખોટ્ટાં સોગન ખાનાર..." એવું કંઇ બડબડતી એ વ્હાલમને વળગી પડી. હૃદયોહૃદય અને અધરોઅધર સલગ્ન થયા. અને એ મિલનમાં સ્વર્ગીય સુધાના મધુર અને મોંઘા સ્વાદની અનેરી લ્હાણ અને લહજ્જત લૂંટાઇ! સૌ કોઇને એ સદ્ભાગ્ય નથી સાંપડતા! એ તો સરલા અને સુરેશ જેવાં કોઇકજ સ્નેહ જોડલાંને?

"એક વાર પહેર જોઉં, પ્રિય સરલે! ત્હને બરોબર આવી રહે છે, કે ન્હાનું-મોટું પડે છે?"

"ના રે બા! હમણાથી નહિ, ચોળાઇ જાય."

"અરે પણ તું કેવી લાગે છે? એ મ્હારે જોવું છે, તેનું કેમ?"

"પણ હમણા શું? વખત આવે ત્યારે જોજોને..." એટલું બોલતાં બોલતાં તો એ શરમાઇ ગઇ.

"હવે બહુ માન ન માગને! પ્હેરતી હોય તો પ્હેર." કહી સુરેશ ઘડી ઉકેલી નાખી પ્રિયતમાને અંગે પોતાને આવડે એમ એ વિંટાળવા લાગ્યો. "સીધી...ઉભી રહે..."

"લાવો લાવો...નકામું પીંખી-વીંખી નહિ નાખો."

" ત્યારે પછી ? લેને સીધે સીધી..."

સ્વામીના અત્યાગ્રહે હારી અંતે એણે એનાથી પોતાની ગૌર દેહલતાને શણગારી. પ્હેરી રહ્યાં પછી તે સ્વામી રૂપી દર્પણની સ્હામે જોઇ જાણે એમાં પોતાના સૌન્દર્યનું પ્રતિબિંબ પડતું ન હોય! તેમ બોલી: "કેમ ! ઠીક લાગે છે ને ? હેં...કેવું લાગે છે ?"

" અરે...કંઇ...વાત ! લે...જો, આમ આવ." કહી પાસેના કબાટના આયનામાં પડતું પ્રતિબિંબ સુરેશે સરલાને બતાવ્યું. એય ગાંડીઘેલી થઇ ગઇ.

"કેમ ! પસંદ તો પડયુંના ? ગમે છે ને ?"

[કોણ બોલે ? કેવળ મંદ મંદ હાસ્ય-ધ્વનિ અને આંખનાં આછાં ચાળાં !]

"બોલ, છે હવે બાકી ?"

" બધું બહુએ. લો, બા! આટલામાંજ સમજાવી દેશો કે ?"

"અરે નારે મ્હારી મીઠડી ! આખો હુંજ તારો છું ને !"

" એમ ?"

" હા...ખરી વાત."

" ના...ના...ખાત્ર જોઉં **મ્હારા સમ."**

" **ત્હારા સમ ! ત્હારા સમ ! ત્હારા સમ !"**

"તમે લુચ્ચા નથી હોં ?" સરલા ખડખડાટ હસી પડી.

" હવે...કેમ ? "

પ્રેમાળ પત્નીએ દોડી પતિના ગળામાં પુષ્પમાળાની પેઠે પોતાના બે હાથની આંટી ભરાવી દીધી. "બહુ સરસ છે હોં ! એનું શું આપ્યું

"હવે એ બધું જાણીને ત્હારે શું કામ છે? તું ત્હારે ફ્હેરવાની સરીગત."

"ના...ના...તોપણ?"

"રૂપીઆ પચાસ."

"સાચ્ચે!"

"લે, ત્યારે શું ખોટું?"

"ખાવ જોઉં, મ્હારા સમ."

"ત્હારા સમ. બસ! હવે સંતોષ થયો?" અને સુરેશે એક આછું અડપલું કરી લીધું.

"જા...વ." કહેતાં સરલા જોડેના ખંડમાં દોડી ગઇ. અમ્મર ઘડી વાળી સંભાળથી કબાટમાં ગોઠવી દીધું. ભોજનથાળ પિરસાઇ. પતિદેવને બૂમ પાડી. અને સુરેશ કપડાં બદલી હાથ-પગ ધોઇ પાટલે બિરાજ્યો.

"આજ શાક એવું તો સરસ થયું છે...હો!"

"મ્હારા સમ.!"

"ત્હારા સમ. લે જો, ખોટું માનતી હોય તો જરા ચખાડું. આમ પાસે આવ, મ્હોં ઉઘાડ...જો ખવડાવું!"

"ઉં...હું...રહેવા દયો."

"ના...ના. એક કોળીઓ તો લે. ટાઢું પડતાં એનો ટેસ્ટ (સ્વાદ) જશે."

"ભલે...ભલે." એણે મોઢું ફેરવી નાખ્યું.

"પણ નહિ ખાતી...જરા જો તો ખરી!" કહી વિનોદી સુરેશે પરાણે એનું મોઢું પ્હોળું કરી એક કોળીઓ એમાં દાબી ઘાલ્યો. સરલા તો થૂંકવા મંડી ગઇ.

"થૂ...થૂ...થૂ...બળી! આવી તે મશ્કરી કરવાની હોય! ખાતાં ખાતાં...જાવ...જાવ...તમે તો ભઇ...છેકજ..."

જ્યારે સુરેશ તો પેટ પકડીને હસવા લાગ્યો. પાણી પીવા જતાં એને અંતરાસ આવી. એટલે હવે સરલાનો વારો આવ્યો. તે હસતી હસતી બોલીઃ

"લ્યો, હસો હવે...બહુ હસો છો તે...હૅં...એ તો શિક્ષા."

"ગાંડીરે ગાંડી! વટલઇ ગઇ, કેમ? મંડપમાં બેસાડીને બધાંની વચ્ચે ઘુંઘટ માંહેના આ શશિમુખને કંસાર ખાતાં શરમ ન્હોતી લાગી કે? કહે જોઉં? તે તો ગળ્યો હતોને? તે તો થૂંકી ન્હોતો કાઢયો!"

"બસ...બસ." સરલાએ ઉઠી સ્વામીને મોઢે આડો હાથ દીધોઃ "તમને તો કંઇ શરમજ નથી. હવે દહાડે દહાડે છેકજ બગડતાં જાવ છો."

"એમ કે?"

"નહિ તો વળી શું?"

"ત્હારા સમ."

"મ્હારા સમ શું કામ ખાવ છો? હું થોડી વધારે છું? હું જઇશ તો મ્હારા બાપની એકની એક જઇશ. હા...બા..."

"એમકે બા!" સુરેશે એના ચાળાં પાડયાંઃ "ને મ્હારી નહિ કે બા! મ્હારા કોથળી ભરીને ખરચેલાં રૂપીઆ બા!"

[કંઇ બોલતીજ નથી.]

"લ્યો, શાક મૂકું કે?" ભાણું ખાલી જોઇ પીરસનારીએ કડછીમાં શાક કાઢી પ્રશ્ન કર્યો.

"બધું પછી, બોલ...જોઉં...પ્હેલાં. બોલે છે કે નહિ? નહિ તો આ ઉઠીને ઉભો થઇ જાઉં છું. હાથ ધોઇ નાખું છું."

"ના...ના...બેસો...બેસો...તમારી તો ખરીજ તો વળી! એક વાર નહિ પણ સાડીસત્તર વાર! એમાં કંઇ ના કહેવાય! પણ એટલુંજ કે જરા ફેર પડે!"

"તમે બૈરાં લોકો જરા બોલવામાં પેક, એટલુંજ નહિ પણ કંઇક લુચ્ચાંયે ખરાં!"

"એ વળી શું થઇ આવ્યું?"

"એ તો મ્હને એમ લાગે છે, કે **તમારે જો કંઇ કામ કઢાવી લેવું હોય, તો તમે અમને ધીમી ધીમી...અને મીઠી મીઠી...એવી તો સફાઇબંધ વાતો કરી સમજાવી દયો છો. અને શીશામાં ઉતારી નાખો છો, કે ન પૂછો વાત!** અને મિજાજ ઠેકાણે ન હોય! એમ જાણો, ત્યારે જ્યારે જાણતાંજ નથી. ચૂપચાપ! અને પછી જરા લાગ જોઇ એવી તો આબાદ સોકટી મારો છો, કે બસ પોબાર! બેડો પાર! કેમ ખરી વાતને?"

"હઁ...કંઇક એમ ખરૂં."

"અને પેલો ત્હારો પાણી પાણી કરી નાંખનારો ઘરગથ્થુ અને મધ જેવો મીઠો સોનેરી શબ્દ! વશીકરણ મંત્ર! "**મ્હારા સમ**"

એ તો જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં સંભળાય, ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તો બસ...ત્હારો ઠરાવ પસાર ! ત્હારી માંગણી કબૂલ-મંજુર..."

"બહુ સારૂ."

અને વ્હાલા વાંચક ! મ્હારી સરલેના સીમંતમાં તું જરૂર જમવા પધારજે. ત્હનેય આમંત્રણ છે. જોજે ભૂલી જતો ! નહિ તો પછી ત્હનેય મ્હારી એ મધુરીનાજ શબ્દોમાં સોગન છે.

"મ્હારા સમ."

પુષ્પઃ— એમ કે? ૩ જું.

"ના ના, તે એનાથી રોજ ઉઠીને તમારી ગાળ તો નહિ સંભળાય, સમજ્યા?"

"એટલે તું એમ કહેવા માગે છે, કે ત્હારી બાયડીને અમારે કંઇ પણ કહેવું અગર ઘરનું કામ આપવું જ નહિ, ને રોજ તૈયાર પાટલે રાંધીને ખવડાવવું! એમને?"

"હા...હા. તે એની તબિયત સારી નથી રહેતો, એટલે એનાથી તો ઘરનું કામ નહિ થાય."

"એટલે અમારે કરવું! એમજને?"

"તે તમારાથી થાય તો કરો, નહિ તો પડયું રહેવા દયો. હવે એમ ફોડો. હું કાંઇ ન સમજું."

"એમ કે?"

"હા..."

× × × ×

ઉપરની ગરમાગરમ તકરાર ઉર્ફે ૧૮૫૭ નો બળવો વણિક જ્ઞાતિના એક આબરૂદાર ગણાતા ખાનદાન સદ્‍ગૃહસ્થ નામે ધીરજલાલને ત્યાં ફાટી નીકળ્યો હતો. વૃદ્ધ બાપ "ભાઇ ભાઇ" કહીને ઉછરેલા અને પરણાવીને પાંખ આણેલા એવા પોતાના એકના એક અંગ્રેજી સાત ધોરણ સુધી ભણેલા એજ્યુકેટેડ (કેળવાયલા) અને સુધરેલ પુત્રને આજકાલની નવી નખ જેવડી વહુની હથેલીમાં નાચી તેના તરફથી વકિલાત ન કરવાને માટે સમજાવી રહ્યો હતો. જ્યારે આ ફેશનેબલ અને સુધરેલ યુવાન પુત્ર વહુ આવતાંજ તેના હાથનું રમકડું બની જઇ પોતાના ઘરડાં ડોસા ડોસીને સ્હામે ઘડીએ ને પળે પત્નીનો પક્ષ લઇ ધુરકયાં કરતો હતો.

દીકરાના દીકરાની ઝોળી હલાવવાની હોંસમાં ડોસા ડોસીએ લાડીલા મનમોહનને એક શ્રીમંત શેઠીઆની મ્હોટા ઘરની, સળી તોડીને બે પણ ન કરે એવી. ભણેલીગણેલી, દેખાવડી અને સ્વતંત્રતા તેમજ સ્વચ્છન્દતાના પાશ્ચિમાત્ય પવનમાં સરેલી વહુરાણી શોધી આપી હતી. વૃદ્ધ વડીલોએ સાફ ઘર અને સારો પૈસોજ જોયો હતો! કન્યાની કાંચનવર્ણી કાયાજ જોઇ હતી! પરન્તુ રૂપના એ રસિયાઓએ ગુણ જોવાની કે, જાણવાની ઝાઝી તસ્દી ન્હોતી લીધી. અને તેનુંજ આ પરિણામ હતું.

પાંખ આવતા પંખીઓ માળા તજી જેમ પલાયન થાય છે. તેમ મનમોહન મોતનગૌરીના આવતાં માબાપનો મટી બાયડીનો થઇ

ગયો. અને મ્હોટે ભાગે આજ ભણેલાગણેલા યુવાનોના સંબંધમાં વસ્તુત્તઃ બને છે પણ એમજ! એ પૈસાદારની પુત્રીના પનોતાં પગલાં ઘરમાં થતાંજ જરાતરા માબાપની લાજ–મર્યાદા સાચવતો કૂળદીપક છેકજ છાપરે ચડયો. દિવાની અને અભિમાની શ્રીમંતાઈ! સોના અને સુગંધનો સંગમ! પછી શું પૂછવું? પીંગળામાં ભરથરી અને હુલાસીમાં તુલસીદાસની પેઠે મોતનમાં મોહન અંધ થઇ ગયો. મુંબઇની શેઠાણી થઇને હરતીફરતી એ શ્રીમાનની કન્યા ઘરમાં સળી તોડી બે ન કરતી, પરન્તુ અવનવા શણગાર સજવામાં. ભાતભાતના વાંકા સેંથ પાડવામાં અને મોઢા ઉપર પાઉડર લગાડવા પાછળજ કલાકોના કલાક કાઢતી. સ્હવારના ન્હાપાણી અને બપોરના ભોજન પછી પણ માળ ઉપર જઇ પલંગમાં આડી પડતી, અને પડી પડી આરામથી નોવેલો વાંચતી વાંચતી પોઢી જતી. સાંજે જ્યારે વૃદ્ધ સાસુ–સસરા દેવદર્શને જતાં. ત્યારે આ શ્રીમાનના સુધરેલ પુત્રી કોઇ વાર એકલાં તો વળી કોઇ વાર પોતાનાજ મનને મળતાં એવા પતિદેવનો હાથ હાથમાં લઇ બાગબગીચા અગર સીનેમાની ખુરસી શોભાવતાં. તેમ છતાં કોઇ દિવસ બાપડી વૃદ્ધ સાસુ ભોગજોગે પણ વહુરાણીને નીચે નળથી પાણીનો ઘડો ભરી લાવવા, અગર તો નાહી એમનેએમ પડતું મૂકેલું એમનું અગર એમના પતિનું વસ્ત્ર ધોઇને જરા સુકાતું કરી દેવા અથવા તો જમવા બેઠેલા સસરાજીને જરા પાણીનો લોટો ભરી આપવા કહેતી. તો બાર વાગ્યા સમજવા! રામનું રામાયણ લંબાય. રજનું ગજ થાય. અને છેવટે એટલેથીજ ન અટકતાં એ ફરિયાદ રાતના ઉપલી હાઇકોર્ટમાં (પતિની પાસે) નોંધાય. અને સ્હવાર પડતાંજ ફરિયાદીના વકીલ તરફથી (ધણી) એ માટે અપીલ પણ થાય. અને પછી

અંને "કજીયાનું મ્હોં કાળું" કરી બાપડાં વૃદ્ધ ડોસા–ડોસી પોતાના બોલેલા બોલ દીલગીરી દેખાડી પાછા ખેંચી લે ! અને તેમ છતાંય એ શ્રીમતીને ધુંવાપુંવા અને ડરામણું તો હમેશના જુદાંજ ! જારીજ !

× × × ×

"તે...અમારાંથી એવાં મોટાં અધમણીઆં ઘડા–ગાગર લઇને ઘાટણની માફક દાદરા તો નહિ ચઢાવાય ! હા...તમને શું ? અમારી તો ત્રણ દહાડામાં કમ્મર બેવડી વળી જાય. સમજયાને બા...ને પાણીનો લોટો ઢીંચવા જોઇએ, ત્યારે પહેલેથીજ ભરીને બેસતાં શું હાથ–ટાંટીયા ભાંગી જાય છે ? વહુ તો આજ આવી. એના ઉપરજ આટલી શેઠાઇ કે ? વહુના હાડકાં તો લોઢા–લાકડાના ઘડયાં હશે કેમ ? હું કાંઇ એવી વધારે નથી, બા ! મ્હારા બાપની એકની એક છું."

"ઠીક છે. ઠીક છે. ત્હારા વરને આવવા દેને. પછી ત્હારી વાત !"

"તે...એ શું કરવાના હતા ? કાંઇ ફાંસીએ તો નહિ ચઢાવેને ? લ્યો. વ્હોટાં દીકરાંના ડરામણાં દેખાડનાર ન જોયાં હોય તો ! હું થોડી કાંઇ તમારા લોકની ઓશિયાળી છું ? હજુ તો આવ્યાંને પૂરા આઠ દિન નથી થયા, ત્યાં તો જીવ બાળી બાળીને અડધી કરી નાખી. બળ્યું આ તે સાસરૂં કે......"

અને સાસુ શું બોલે ? ઠંડીગાર ! તેમાંય વળી પાછો છોકરો પણ હાથમાં ન મળે ! એય બાયડીનો ગુલામ. એટલે પછી દિવસ જતાં ઘરમાં મોતનનું ચઢી વાગ્યું. ખાવાનો વખત થાય, ત્યાં સુધી તો ત્રીજે મેડે પલંગમાં પડી પડી નવલકથાઓ વાંચ્યા કરે. ને ટાઇમસર ખાટલેથી ઉઠી પાટલે ગોઠવાય. ખાધું કે પાછી ઉપર ! તેમાં જો સાસુ

અગર સસરા સ્વામીનાથની ગેરહાજરીમાં એને કોઇ કામ સોંપે, તો મોઢું ચઢાવી બબડતી–ફફડતી એવું કરે, કે શેકીને વાવવા જેવું થાય. બરાબર એકના બેજ ટુકડા કરી નાખે. એટલે એને કામ પણ કોની હિંમત કે સોંપે?

આજ એમના પ્રેમઘેલાં પતિદેવ જમી–પરવારી નોકરી ઉપર સિધાવ્યા હતા. તે પછી બરાબર બપોરે અગીઆર વાગે 'જમવાની વખત થઇ,' એવી નીચેથી બૂમ પડતાંજ શેઠાણી નીચે આવી સ્નાન કરવા બેઠાં. દોડધામ અને લફડફફડ કરતાં ઉતાવળમાં એમનું ઝીણું જાળ જેવું ને બગલાની પાંખ જેવું કોઈ ધોળું લુગડું ડોલ (બાલદી) ના ખૂણામાં ભેરવાતાં ચરરરર કરતું કે ચીરાઇ ગયું. સ્હામેજ ઉભા ઉભા સાસુજી તુલસીપૂજા કરતાં હતાં, એમણે એ જોયું. એમની ઘરડી ઝીણી અસલી અને સરકારી આંખો એ ન જોઇ શકી. એમનાથી ન રહેવાયું. એ ધીરેથી બોલ્યાં: "વહુબેટા! આમ જરા જોઇને તો ચાલો. નવું ને નવું લુગડું હજુ તો ગઈ કાલેજ કાઢયું, ને આજ તો આખું કરી નાખ્યું. આવી રીતે બેકાળજીથી વાપરો તે કેમ પાલવે? આમ ખાતાં તો કૂબેરના ભંડારે ખૂટી જાય. નીતિએ નારાયણ વસે, ને અનીતિએ કુતરા ભસે."

બસ થઇ ચૂકયું. એક તો લુગડું ફાટવાથી શ્રીમતીનો મિજાજ છટકયો હતો, તેમાં સાસુજીના શબ્દે અગ્નિમાં ઘીની આહુતીની ગરજ સારી. એમના ધુંધવાયલા અંતરમાંથી સાસુજીને અકળાવવા ધુમડાના ગોટેગોટ છૂટયા:

"તેમાં તમારૂં શું લૂટાઈ ગયું? તમે શા માટે એટલા બધા તપી જાવ છો? ગયું તો મ્હારૂં ગયું, મ્હારા બાપનું ગયું, નથી કંઇ

તમારા દીકરાના પરસેવાના પૈસાનું, સમજ્યાને ? લ્યો, મ્હોટાં દબડાવવા આવ્યાં છો તે ! એ તો ઠીક છે, કે તમારા ઘરનું નથી. નહિ તો કોણ જાણે કેમનું કેમ કરી નાખો !" એટલું બોલતાં બોલતાં તો એ આડોશી પાડોશીઓને દેખાડવા આંખે લુગડાંનો ભીનો છેડો દાબી ખોટાં ડુસકાં ખાવા લાગી.

કોઇ જોશે તો કીંમત કરશે, અને ઘરડે ઘડપણે નાહકની ઘોળામાં ધૂળ પડશે; ધારી બાપડી સાસુની આંખો ભરાઇ આવી, એકના એક દીકરાની વહુના માથા ઉપર હાથ મૂકતાં ડોસી હવે ધીરાં પડી સમજાવવા લાગ્યાં: "વહૂબેટા ! તમે કાંઇ નવાઇના થોડાં છો ! જે આમ ઘરમાં ટીચકી સરખીયે ફોડતાં નથી. બધાંને ત્યાં વહુ આવે અને સાસુ-સસરાનું અને ઘરનું કામ ઉપાડી લે. એમાં આમ રોજ ઉઠીને ઘેડફજેતા શા ! એમાં વળી ન્હાનમ્ શાની ? બ્હેન ? પૈસો તો આજ છે. ને કાલે નથી. આ માટીની દેખાવડી દેહ ! રૂપની રોશની ! ઝાકળના બિન્દુ જેવી ! હમણાં છે, અને પળ પછી નથી, એવી ચંચળ છે. એની ઉપર આટલું અભિમાન અને આસ્થા રાખવી ખોટી !"

"હા...તે બધાને ત્યાંય સાસુઓ હોય છે. પણ કંઇ તમારા જેવાં રોજ ઉઠીને "રાં...ત્હારો રોટલો ને ઘડતાં ભાંગ્યો." જેવાં સ્વભાવના નહિ તો બા ! લોકોને ત્યાં જરી જુઓ, એકની એક વહુને પ્હેરાવી-ઓઢાવી, ખવડાવી-પિવડાવી કેવી છાતી પર ને છાતી પર રાખે છે. બધાં વહુ લાવે છે. પણ કોઇ તમારી માફક નવાઈની નહિ."

"ત્હારા જેવી વહુઓ જો હિન્દુ-સંસારમાં ઘેરઘેર હોયને, તો પછી પૂર્વનો સૂર્ય રોજ પશ્ચિમમાં ઉગે. સમજી ? અમેયે એક દિવસ

તમારી માફક વહુ બનીને સાસરે પર માંડવા આવ્યા હતા. હમારે માથેય સાસુ—સસરા હતા. પણ અમે કંઈ છેક તમારા જેવાં આખા સેઠ થઇને ન્હોતાં બેસી રહેતાં અમારે શું? અમે તો આજ છીએ ને કાલ નથી. ક્યાં તમારી સાથે આખી જીંદગીભર રહેવાના હતા! હમણાં તો આ સાસુની શિખામણો કડવી ઝેર જેવી લાગશે, પણ જ્યારે માથે પડશે, ત્યારેજ ખબર પડશે, કે સંસાર આમ ચાલે છે.”

“બહુ સારૂ.”

× × × ×

એક બાજુ સાસુજી તો બીજી બાજુ વહુજી ગુસ્સામાં ને ગુસ્સામાં મોઢું ચઢાવીને ચાલતા થયા. સાસુની શિખામણને ઘોળીને પી ગએલી મોતને આજ રીસમાં ને રીસમાં ખાધું પણ નહિ. ચોટલો છોડી નાખી વિખરાયલા વાળે અને વસ્ત્રે તે પતિના કાન ફૂંકવા તેની વાટ જોતી પલંગ ઉપર જઇ પડી. સાંજ પડતાં મનમોહન નોકરી ઉપરથી છૂટી ઘેર આવ્યો. વાળુ કરતાં કરતાં વહુને ઘરમાં ન જોવાથી તેણે પૂછ્યું:

“બા! તમે બધા જમ્યાં?”

“ના.” ડોસીએ ટુંકોટચ્ચ ઉત્તર વાળ્યો.

“કેમ? એ ક્યાં ગઇ છે? દેખાતી કેમ નથી?”

“કોણ જાણે ભાઇ! આજ સ્હવારનું ખાધુ પિધુયે નથી. મ્હેં બહુ બહુ કાલાવાલા કર્યા, પણ નીચે ન ઉતરી તે નજ ઉતરી. કોણ જાણે આજ વળી પાછું શુંયે ભૂત ભરાયું છે? તોબાહ ભગવાન ભાઇ! ત્હારી વહુથી તો!”

"ત્હેં કંઇ એને કહ્યું હશે!" હાથ ધોતાં કૂળદીપક બોલ્યો,

"મ્હે તો કશુંયે નથી કહ્યું, મ્હારે શું ત્હારી બાયડી સાથે ભાગલાગ વ્હેંચવા હતા ? અને હોય! એ તો ઘર છે! કદાચ ભૂલ થાય તો બે સારી–નઠારી વાત કહેવી પણ પડે! તેમાં વળી એટલો બધો તાનો ને રીસ શાની? અને તે પણ કોના ઉપર? હું કહેવા લાયક છું, ને એ સાંભળવા લાયક છે, તડતડ જેમ ફાવે એમ ધાણીના કુંદડાની માફક સ્હામા જવાબ આપવા કરતાં મ્હોટાંની બે વાત નીચી મુડીએ સાંભળી રહેવાથી કાંઇ ન્હાના માબાપના કે ઓછી આબરૂના નથી થઇ જતા. સમજ્યોને!"

"હા...હા...એ તો હવે હું બધુંય બરાબર સમજી ગયો." ત્હેતો મોહન દાદર ચઢી પોતાના શયનખંડમાં આવ્યો.

પતિના પગલાંનો ખડખડાટ સાંભળતાંજ મોતને સ્ત્રી ચરિત્રની ભૂમિકા ભજવવા આંખમાં ખોટાં આંસુ આણી બનાવટી સ્વાંગ ધારણ કરી લીધો હતો. મનમોહને એ રીસાયલી રામાને મનાવવા બહુ બહુ પ્રયત્નો કર્યા. પણ દેવી જગદંબાની રીસ ન ઉતરી તે નજ ઉતરી એ તો આંસુડાંના અવિરત ધોધ વહેડાવવાં લાગ્યાં.

"પણ શું થયું છે? તે તો મ્હને કહે."

"જાવ. મ્હને બોલાવશો નહિ, મ્હારે હવે કોઇને કંઇજ કહેવાનું અને સાંભળવાનું નથી રહ્યું, મ્હેરબાની કરી હવે મ્હને સળગી રહેલીને વધુ ન સતાવો,"

"પણ છે શું? તે તો કહે. બોલે એના બોર વેચાય,"

"બોલવાનું હજુ શું બાકી છે? મુઇ હું અભાગણી! આખો દિવસ અહીં ઘરનું ગદ્ધાવૈતરૂં કરવા છતાંય તમારી માનો તાપ ને જીભ તો જારીને જારીજ. હાય હાય રે મા! મ્હારૂં અહીં કોઇ સાંભળનાર નહિ. એટલેજને?" સ્ત્રી–ચરિત્ર નાટકનો પહેલો સીન અશ્રુદર્શન મોતને ધડાકા સાથે ઉપાડયો,

"પણ ત્હને એવું તે શું કહ્યું! તે તો કહે."

"અરે મુઇ. નહિ જેવી ધૂળગજાની વાત. આ જરા મ્હારી અસ્વસ્થ પ્રકૃતિને લઇને ન્હાવા જતાં મ્હને ફેર આવવાથી હું પડી ગઇ, ને લુગડું ભરાઇને જરા ફાટયું. તેમાં તો આ તમારી માએ (એની તો કંઇ સગીજ નહિ!) મ્હારે માથે ઝાડોના ઝાડ તોડી પાડયાં, રોજ ઉઠીને કંકાશ! બળ્યું આ ઘરમાં તે કેમ રહેવાય!"

"શું વાત એટલી બધી વધી ગઇ છે?"

"તો શું? તમારે થોડું કંઇ આખો દિવસ ઘરમાં રહેવું છે, કે ખબર પડે? તોપણ વ્હાલા! તમારી શરમ અને બ્હીકને લઇને આજ સુધી તો હું અક્ષર સરખોય ન્હોતી બોલતી, ઘાંચીના બોલની માફક નીચી મુડીએ જે કંઇ કહે તે સાંભળ્યા કરતી, જે કંઇ સોંપે તે કર્યા કરતી આપણા મનમાં કે હસે! મ્હોટાં છે, મુરબ્બી વડીલ છે, એટલે ભલે કહે. એમના બોલવા તરફ ન જોવું. પણ ભાઇસાહેબ! હવે તો હદ થાય છે. સહન પણ મૂવું કરી કરીને કેટલું–ક્યાં સુધી થાય? હવે તો મ્હારાથી બોલ્યા વિના નથી રહેવાતું, અને જો તમે કંઇ નાથ! હવે આ અભાગીનીની અરજ ધ્યાનમાં નહિ લ્યો, તો પછી હું જરૂર કોઇ વખત કુવો તાપી કરીશ, આપઘાત........"

એટલું બોલતાં બોલતાં તો એનું ડુસકાં ભરતું માથુ લાલચોળ આંખોવાળા એના બાયલા ધણીના ખોળામાં પડયું,

અંગ્રેજી ભણેલા પણ ગણેલા નહિ એવા યુવાન મનમોહનની આંખમાંથી અંગારા વરસવા* લાગ્યા, એ ઉશ્કેરાયલા અંધે સમજાવી પટાવીને પત્નીને શાન્ત પાડી, "ઠીક છે આજની રાતજ આવી છે, કાલ સ્હવારે બધુ બરાબર થઇ રહેશે, કહી એ વિચારના વમળમાં ગોથાં ખાતો આડો પડયો

અને સ્હવારના પ્હોરમાંજ પથરીમાંથી ઉઠતાંની સાથેજ પટીઆં પાડતી મોતને વળી પાછી કામીનીઆ ઓઇલની શીશી ઉંધી મારી, એટલે જેમણે આખી જીંદગીમાં કરકસરજ જોયેલી, એવાં ડોસીથી ફરી પાછું બોલ્યા વિના ન રહેવાયું:

"વહુ ! જરા હાથમાં જોર રાખો, તમારા નુકસાનથી તો બા ભગવાન તોબાહ્ ! દોઢ શેર ખાવ છો, ને પછી આવા જુવાન જોદ્ધ જેવા હાથમાં એટલી શીશીએ બરાબર નથી જેળવાતી ? એવી તે શી ધાડધાડ ! "

પાસેજ મનમોહન બેઠો બેઠો ચાહ પીતો હતો, તેને ખાસ દેખાડવા ને સંભળાવવા મોતને આંખમાં આંસુ આણી સુકા ઘાસના ભારામાં દેવતાની ચીણગાર મૂકી. " તે બા ! કાંઈ જાણી જોઇને–હાથે રહીને થોડું ઢોળ્યું છે ? "

" તો શું પગે ઢોળ્યું ? અત્યારથી આવા છતી આંખે આંધળા શાના છો ? "

" હવે, હોય ! બા તુંયે આવો સત્તરમી સદીનો ચીકણો સ્વભાવ શું રાખે છે ? એમાં શું મ્હોટી ધાડ આવીને ઢાંકણાં દેવાઈ

ગયાં ? બીજી લાવશું.” રાતના ઉકળેલા પણ માતાનું મોઢું જોતાંજ પાછા સ્હવારે શાન્ત પડી ગયેલા મોહને વહુની વ્હાર ખેંચી.

“ત્યારે ઢોળવા દઉં, કેમ ભાઇ ! એ તો જુદું ઘર માંડીને રહ્યા હોયને, ત્યારેજ એ બધી ખબર પડે, કે ઘર કેમ ચાલે છે ? એવી કરકસર કરી કરીને તો ત્હારી માએ ત્હને મ્હોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો અને પરણાવ્યો, સમજ્યો ભાઇ ? જો આમ તમારી પેઠે બાપ લાખ ચાળીસના દીકરા થઇને આંખ મીંચીને આવ્યું એટલું ઉડાવ્યું હોત, તો આ દહાડાય તું ન દેખત. ભાઇ ! એ તો જેને પડે, એજ જાણે. પ્રસુતીની પીડા વંધ્યા શું જાણે ?

“હવે પડી ખબર ! બીજા બધાને માબાપ હોય છે કે નહિ ? જેને નથી હોતાં તે નહિ ચલાવતાં હોય, કેમ ? ભૂખે મરી જતા હશે !”

“તે જરા એમને જઇને પૂછી જો, એટલે બધીય ખબર પડે. માથે મ્હોટાં બેઠાં હોય, એનો જરા ફેર પડે, ફેર. આખરે પણ તે તમે જુવાનીઆ તે જુવાનીઆજ. અમે તો આટલાંય કાઢયાં, અને આવા વખતમાં હવે તમે અમારાં જેટલાંય કાઢોને તો બસ ! ભાઇ ! અત્યારે તો નહિ પણ વખત આવે બધીય ખબર પડશે.”

“પણ ત્હારે એને એમ વાતવાતમાં, હાલતાં-ચાલતાં ટોકવાની કે તોડી પાડવાની શી જરૂર ? ત્હને એનું મ્હોં નથી ગમતું ?”

“મ્હને નહિ પણ ત્હારી વહુનેજ મ્હારૂં મોઢું નથી ગમતું. સમજ્યોને ?”

“તે એવા તે ત્હારા શા ગુણ ? એવો તે ત્હારો શો સ્વભાવ?”

"હાસ્તો ભાઇ! આજ સુધી માબાપ સારા હતાં. હવે વહુ આવી એટલે નઠારાં થઇ ગયાં, સારૂ અને ખરૂં કહેતાં પણ ભુંડા લાગીએ, ને દુસ્મન દેખાઇએ છીએ."

"પરંતુ તમને એક બીજાને ન બને તે. આજથી ત્હારે એને ન બોલાવવી, કોઇ–કોઇના નામજ ન દેવા બસ! એ એને રસ્તે, અને તું ત્હારે રસ્તે."

"એટલે?"

"એટલે એ જ કે સહુએ પોતપોતાનું સંભાળવું. પારકી પંચાત ન કરવી."

"પારકું કોણ? એ કે હું? શું ઘરમાં ઘરડી મા રોજ રાંધે. અને આજકાલની આવેલી, ઢીંચણ જેવડી વહુ ખારસી સ્હામે બેસી જોયાં કરે, અને સૂતીસૂતી ચોપડાઓ વાંચે, એ સુધારો ચાલવા દેવો! શું ત્હારા બાપ પાઇ પાઇ ભેગી કરી આ સુખને માટે વહુ લાવ્યાં? હોય! એ તો ઘર છે. વખત આવે તો બે વાત સારીનરસી કહેવીયે પડે, ને સાંભળવીયે પડે, તો વળી વખત આવે મ્હોટું મન રાખી એવા કોઇ ઘુંટડા મનમાંય ગળી જવાં પડે, અગર કોઇ વિષય પર આંખ આડા કાન કરવા પડે, તેમાં થઇ શું ગયું?"

"તો પછી રોજ ઉઠીને આવો કંકાશ કેમ પાલવે વારૂ?"

"એટલે શું ત્હારૂં એમ કહેવું છે, કે ત્હારી વહુને કંઇપણ કહેવું નહિ. એ જેમ કરે એમ કરવા દઉં, જેમ બોલે એમ બોલવા દઉં, જેમ નાચે એમ નાચવા દઉં, એમજને? બસ, આંખો અને મોઢું બંને બંધ કરીને બેસી રહું. રા...કે કૃષ્ણ કંઇ કહેવુંજ નહિ."

"હા...તે કહેવું હોય તો કહેવાની રીતે."

"એમ કે?"

અને પાસેનાજ હીંચકા ઉપર ચોપડામાં માથું ઘાલી બેઠેલા ધીરજલાલ આ બધોય સંસારનો ઝગડો ક્યારના શાન્ત અને એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યા હતા. એમનો મગજ હવે ફાટયો. ચોપડામાંથી મોઢું બ્હાર કાઢી એ બોલ્યાઃ "તે અલ્યા મોહન! તું ક્યાર ક્યારનો બૈરીનું ઉપરાણું લઇને ત્હારી માને શાનો દબાવ્યા કરે છે? હેં! તું કંઇ એનું પૂરૂંખૂરૂં કરે છે? બાયડી ત્હને એકલાનેજ છે, કે દુનિયામા કોઈ બીજાને હશે? એવી તે ત્હારી બાયડી શું શેઠાણી છે? કે ઘરનું કામકાજ કરતા એના પગની મેંદી ઘસાઇ જાય છે?"

"જો મ્હોટી નવલશાની દીકરી નહિ જોઇ હોય તો! પાછો એનો ધણી કમાઇ કમાઇને અહીં ધનના ઢગલા નથી વાળી દેતો. ત્યારે?" ડોશીનેય હવે જરા હુંફ આવી.

"સીધાંસીધાં રહેવું હોય તો આ ઘર છે, નહિ તો કાલ સ્હવારે તું ત્હારે ત્હારી બાયડીને લઇને ચાલતો થા બા! રસ્તે પડો. હવે કંઇ છેક ન્હાના—દૂધપીતાં નથી. અહીં તો બધાનું અને બધુંય સાંભળવું પડશે. જુદું ઘર માંડીને સ્વતંત્ર રહો, ત્યારે તમારે ધણીધણીઆણીને ફાવે એમ નાચજો. તમને કોઇ રોકનાર—ટોકનાર નથી સમજ્યા?"

ઓહ્! ભલે! એમાં શું થઇ ગયું? કાલે શા માટે? તમે કહેતા હો તો અત્યારેજ ચાલતો થાઉં. ક્યાં બધાને માબાપની અને મિલ્કતની આશા હોય છે!"

"જાવ, સુખેથી જાવ, અમારા આશિર્વાદ છે. કે જુદું ઘર માંડીને જાતમહેનતથી ઘરસંસાર ચલાવી ત્હારો અને ત્હારી બાયડીના

મનનો ઓરતો (મનોરથ) પૂરો કરો. બાયડી નચાવે એમ નાચે એવા બાયલા–વહુઘેલો દીકરાની અને આવી બાદશાહની દીકરી જેવી વહુનું મ્હારા ઘરમાં કંઈજ કામ નથી.”

“ લે ચાલ શું જુએ છે ? કપડાંલતાં બાંધી લે.” પત્નીનો હાથ પકડી ક્રોધમાં ને ક્રોધમાં મોહનલાલ તેને લઇ ચાલ્યા જવાની તૈયારી કરવા ઉપરે ચાલ્યો ગયો.

અને મોતનને તો બસ...એટલુંજ જોઇતું હતું, બંનેએ કપડાલત્તાં બાંધી પેક કરી જોયા વિચાર્યા વિનાજ એકદમ ઉછાંછળુ' પગલું ભરી જુવાનીના જોસમાં ચાલવા માંડયું. વૃદ્ધ ડોસા–ડોસીની આંખ પ્રેમ–આંસુથી ભીની થઈ રહી હતી. છતાં એ સપુત દીકરાને આવે ઘરડે ઘડપણે ન્હાનેથી મ્હોટો કરનાર માબાપને છોડી જતાં વિ- ચાર સરખો પણ ન થયો. જુઓ ! ન જોયા હોય તો જોઇ લ્યો આજકાલના અંગ્રેજી ભણતર ભણેલા સુધરેલ અને સપૂત એવા આ દીકરાઓ ! અને ફાટેલ અને ફેશનેબલ એવી પૈસાદારની પુત્રીઓ ! વહુરાણીઓ !

“ છોરૂ કછોરૂં થાય, પણ માવતરનો પ્રેમ ન બદલાય.” એ ન્યાયે વૃદ્ધ ડોસીએ પોતાના પતિને “ ગઇ ગૂજરી ભૂલી જાઓ” પુત્ર વહુને સમજાવી–પટાવી પાછાં તેડી લાવવા બહુ બહુ સમજાવ્યું, પરંતુ જવાબમાં દ્રઢનિશ્ચયી અને અનુભવી ડોસાએ મક્કમ દીલે કહ્યું : “તું ફીકર ન કર. થોડો વખત અફળાઇને અનુભવ લેવા દે, અંતરના અરમાન પૂરા કરવા દે. પછી એની મેળે અથડાઇ–કુટાઇને પાછાં ઠેકાણે આવશે. ક્યાં જવાના છે ? એતો સહુ કોઇ સ્નેહીસંબધીનું

ઉપલકીઉં કહેવાનું, બાકી આજના વખતમાં જીંદગીભર કોઇએ પણ ન સંઘરે એ તો ઠોકર વાગ્યા વિના એમનેએમ અક્કલજ નહિ આવે."

× × × ×

આજ મોહનને જુદું ઘર માંડીને રહ્યાને લગભગ બે માસ થવા આવ્યા છે. પ્હેલાની રુષ્ટપુષ્ટ મોતન તે આજ માથે પડતાં સીધી દોર અને પાતળી સોટી જેવી થઈ ગઇ છે. મનમોહન પણ મહીનાના ચાર દિવસ હાથે બાબા ટીપીટીપીને હવે સંસાર-લ્હાવાથી સંપૂર્ણ ધરાયો છે. પચ્ચીસ રૂપરડીમાં ઘર કેમ ચાલે છે ? તેની હવેજ એને ગમ પડી છે. આજ મેટ્રીક તો શું પણ બી. એ. અને એમ. એ. થયેલા જ્યાં સાડી સાતસો સરિયામ રસ્તા ઉપર અથડાય, ત્યાં મોહનના તે વળી શા હિસાબ ? " આજ તો દાળ નથી. અને આજતો ચોખા નથી ઘી મુદ્દલે નથી, અને ગોળ આજનો દિવસ ભાગ્યેજ ચાલશે. " એવી એવી રોજ ઉઠીને છપ્પનસો ચિન્તામાં ને ચિન્તામાં તે સુકાઇને અર્ધો થઇ ગયો હતો.

જ્યારે ભણેલીગણેલી અને અપ-ટુ-ડેટ મોતનને પણ હવે પહેલાંની માફક ફેનસી વાળ હોળવાની, કોરાં કડકડતાં દરરોજ ધોયેલાં લુગડાં પહેરવાની અને નોવેલ વાંચવાની નવરાશ નહોતી મળતી. પતિ-પત્ની વાતવાતમાં હવે વાંધો પડતાં લઢી પડતાં. પ્રેમનો નિશો અને યુવાનીનો તોર બંને હવે ઉતરી ગયા હતા. મોતન અને મોહન બંને હવે એક બીજાથી કંટાળી ગયા હતાં.

બળેલો-ઝળેલો મોહન પૈસાનાજ વિચાર કરતો કરતો આજ સાંજે નોકરી ઉપરથી ઘેર આવ્યો. ત્યાં તો વાડામાં લુગડાં ધોઇ થાકીને

લોથ થઇ આવેલી મોતને આજ બહુ દિવસથી દાબી રાખેલો અંતરનો ઉભરો એકદમ બહાર ઠાલવ્યો.

"બળ્યું ! આ લુગડાં ધોઇધોઇતે ને હવે આ કેડે રહી ગઇ, ને વાસણ માંજી માંજીને આ હાથે છાલાં પડયાં. દરરોજ કહું છું, પણ તમારી આંખજ કયાં ઉઘડે છે ? તમારે પરવડે તો બા કાલથી તમારૂં ધોતીઉ તમે નહીને જરા હાથેજ નિચોવીને સુકાવા નાખી દેજો, ને નહિ તો ધોનારી અને કામ કરનારી રાખો, ને આવડાં મ્હોટાં પાણીના ઘડાયે મ્હારાથી તો બા હવે નીચેથી દાદરો ચઢાવી–ઉચકીને નથી ઉપર ચઢાવાતાં. તમને શું ? પાણી ખેંચી ખેંચીને દોરડાથી આ હાથ લાલ લાલ થઇ ગયા. જુઓ તમારે જોઇએ તો નળ લઇ આપો."

"પણ કઇ આવક ઉપર ?"

"ચુલામાં ગઈ આવક ! તેમાં મ્હને શું કહો છો ? મ્હારે શું ? ત્યારે અમે તે મુઆ કંઇ માણસ છીએ કે ઢોર ? અમારામાંય કંઇ જીવ છે કે નહિ ? અમે તે શું કરીએ એટલે હાથે બધુંય કરી કરીને મરીએ."

"ત્યારે ઘરનું કામ તું નહિ કરે તો શું હું કરૂં ?"

"તે તમારે જોઇએ એમ કરો. બીજાના ઘરમાં શું મરદો કંઇ હાથ–લાકડી કરતાંજ નહિ હોય ? તમારે તો રોજ આવીને આં તૈયાર પાટલે ગોઠવાઇ જવું. બસ, બીજું કંઇ છે ?"

"એમ કે ?"

"નહિ તો વળી !"

"અને બ્હાર નોકરી કરવા તો બીજો ત્હારો બાપ જતો હશે, કેમ ?" મોહને લાલચોળ આંખે ગર્જના કરી.

" ઓહો ! તેમાં શી મ્હોટી નવાઇ કરી ?"

" તું તો મ્હોટી નવલશા–હીરજીની દીકરીને ! "

" હાસ્તો, નોકરી ! નોકરી ! કરીને બ્હીવડાવો છો, ને આટલા વખતમાં નોકરો કરીને મ્હને શું વાલની વીંટી બંધાવી દીધી ?"

" તો ત્હને નહિ તો ક્યા ત્હારા બાપને બંધાવું છું ? "

" જુઓ, વળી ! હા...જરા જોઇ વિચારીને બોલજો. વધારે ઓછી વતી જીભ ન લંબાવશો. ઓછી તમારી ઓશિકાળી છું ? પગથી તે માથા સુધીની પોણીપાંનસો ચીજ તો મ્હારા બાપના ઘરની પ્હેરૂં છું, નથી તમે એક વાલ સોનું વસાવી આપ્યું. કે...

" એમ કે ? "

" હા...હું નહોતી જાણુતી કે..."

" તો ત્હારા બાપને કહેવું હતું તે કે કોઇ ગાડીઘોડામાં દરરોજ ફેરવે, અને ત્હારા બધાય મોજશોખ પૂરા કરે એવો લખપતીનો દીકરો જમાઇ તરીકે શોધે..."

" બાપ શું કરે ? બાપે તો બહુએ સારૂ જોયું, પણ નસીબજ આડુ ત્યાં કોઇને શું કહીએ ? પણ એ બાપડીને પાળવાની, એનું પોષણ કરવાની શક્તિ ન્હોતી, તો પછી પરણ્યા શું કરવા ?"

" જખ મારવા "

" ઘોડે ચઢીને તો વ્હેલા વ્હેલા આવ્યા હતા."

" તે ત્હારા બાપને પૂછ. સ્હામે આવીને આગળથી ચોખા ચોઢી ગયો હતો. "

" બહુ સારૂ, બેસો હવે તમારા કરતા તો મ્હારા બાપા સો દરજ્જે સારા છે. "

" તો જા ત્હારા બાપને ત્યાં રહે. અહીંઆ ત્હારૂં નહિ ચાલે."

" ઓહો ! ને એમાં વળી બ્હીક શાને બતાવ્યા કરો છો ? તમને નથી પણ મ્હારા બાપને તે સોનાની–શાખની છું. સમજ્યાને? એકની એક છું. ત્યાં તો હું ફૂલે પૂજાઉં છું."

" ત્યારે ! શું કહેવાય ? ત્હારો બાપ તે કોણ ? "

" હવે રાખોને. જઈશ તો મોઢું આટલું થઇ જશે. અરે ! જો આજે જાઉં, તો કાલે સ્હવારેજ ખબર પડી જાય."

" અરે પણ અત્યારેજ ચાલતી થાને ? "

" બહુ સારૂ, જો એમજ છે, તો લ્યો ચાલી. તમારી સત્તરવાર ગરજ પડે તો તેડવા આવજો."

" ભલે, જાવ, સિધાવો."

" ઠસ્સામાં ને ઠસ્સામાં એ પૈસાદારની પુત્રી કપડાંની પોટલી બગલમાં મારી પિએર ચાલતી થઇ ગઇ. સાસરૂં અને પિએર એકજ ગામમાં હોઈ બહુ દૂર ન્હોતાં. ઝળઝળીઆં ભરેલી આંખે એ એને જતી જોઇ રહ્યો. આજ બરાબર બે માસે એને પોતાનું ઘર અને પેલો માતા સાથે ટંટો કરી જુદો પડયાનો પ્રસંગ સાંભરી આવ્યો. પિતાના એકેએક બોલ આજ તેના કાનમાં પડઘા પાડી રહ્યા હતા."

× × × ×

" મોતન એના બાપને ઘેર ગઇ. હવે હાથે રાંધવાની કડાકૂટને લઇને મોહનને નોકરી ઉપર જતાં મોડું થવા લાગ્યું. એ વિહ્વળ બન્યો. એવામાં એને નોકરી ઉપરથી પણ રજા મળી. આ નવા આઘાતની ચિન્તાએ એના નબળા મન ઉપર ઉંડી અસર કરી. એ માંદગીને બિછાને પટકાયો. અત્યારે એની સારવાર કરનાર કોઇ ન્હોતુ

એક ભલા નિશાળીઆએ મોહનની આ માંદગીના સમાચાર એના માતા પિતાને પહોંચાડયા. આખરે માબાપ તે માબાપ ! પુત્રની

માંદગીની ખબર સાંભળતાંજ તેમનું હૈયું હાથ ન રહ્યું. એમનો ટેક તૂટી ગયો. ક્રોધ ઉતરી ગયો. દોષ ભૂલી ગયા. જે બાયડીને માટે મોહન માબાપ સાથે લઢી જુદો રહ્યો, તે બાયડીએ તો તેના આ વખતમાં પાછું ફરીને જોયું સરખું પણ નહિ, જ્યારે ગમે એવા હડધૂત થયેલા પણ માબાપનો તો લોક લાજ્યે છૂટકો ન થયો. માબાપને મન ગમે એવાંય છોકરાં તે છોકરાંજ! ફાળભર્યાં એ વૃદ્ધ હૃદયો દોડયાં. બેશુદ્ધ મોહનને તેઓ ઘેર લઈ આવ્યાં. હજારો રૂપીઆનું દવાદારૂમાં પાણી કર્યું. રાત દિવસ ઉજાગરા વેઠી ઘરડી માએ દીકરાની બરદાસ્ત કરી. ત્યારે બરાબર છ માસે આજ મોહન પુનર્જીવન પામ્યો. ઠોકર વાગતાં એની આંખો આજ ખુલી. એને ભાન થયું. ડોસા ગળગળા સાદે બોલ્યા:

"ભાઈ! હવે ત્હારે જવું હોય તો પાછો સુખેથી ત્હારે નવે ઘેર જા. તું ત્હારી ફરજ ભૂલ્યો, પરન્તુ અમે તો અમારાથી બનતી બજાવી છે."

મોહનની આંખમાંથી પાણીની ધારા ચાલી. તે માતા પિતા ઉભયને વારાફરતી પગે પડયો. "મ્હને માફ કરો. આખરે તમે તે તમે! અને એ તે એ! તમારી ગરજ કોઈથીય ન સરે હવે તો હું તમારી સાથેજ રહી તમારી સેવા કરી કરેલાં પાપનું યોગ્ય પ્રાયશ્ચિત કરીશ, પિતાજી!"

"અને ત્હારી માંદગી દરમ્યાન ત્હારા સસરાએ ત્હારા એકવાર સમાચાર પૂછાવ્યા હતા. તે પછી આજ એમનો કાગળ આવ્યો છે. લે, જો. એમાં એ લખે છે, કે: "જો કે મોતનની તબિયત પણ હમણાં જરા એવીજ ચાલે છે, તેમ છતાં પણ જો તમને ખાસ અગવડ હોય તો લખજો. હું મોકલી આપીશ."

"બસ એજ, કે બીજું કંઇ છે? એની પોતાની તરફથી કંઇ લખાણુ ?"

"કંઇજ નહિ ભાઈ ! જવાબમાં શું લખવું છે ?

"એમ લખી દયો, કે હાલમાં અમને કશીજ જરૂર નથી, ભવિષ્યમાં જરૂર પડશે, તો તમારી દીકરીને તેડાવવાને લખીશું.એજ

"ભાઇ મ્હારી એક વાત માનીશ ?"

"શી ?"

"મનુષ્ય માત્ર ભૂલને પાત્ર ! હોય, એય એવી કઇ મ્હોટી થઈ ગઇ ! ત્હારા જેવીજ હજુ નાદાન કહેવાય. તો એકવાર એની ભૂલ સુધારવાની તક આપ."

"ભલે, તો તમને જેમ યોગ્ય લાગે એમ લખો."

...ખરેખર ! માબાપ તે માબાપજ ! એની તોલ કોઇ ન આવે !...

પુષ્પ:- તમારા સમ. -:ચોથું

વ્હાલા ! વાંચક બિરાદરો ! તમને મ્હેં મારી સરલાના સીમંતમાં "મ્હારા સમ" દઇને તેડાવ્યાં, તેમ છતાં તમે કોઇ ન આવ્યાં, એટલેજ **તમારા સમ** મ્હારે આજ ફરી પાછું ન્હોતરૂં દેવા પધારવું પડયું. જોજો વળી ! હવે આવવા ભૂલતાં !

મ્હારૂં નામ સુરેશ ! એ તો તમે જાણો છો ને ? અને મ્હારી ગૃહદેવીનું ગુણવંતનું નામ સરલા છે. યાદ છે ને ? કે ભૂલી ગયા ! મ્હારી સરલાનું સીમંત થઇ ગયાને આજ બે માસ થઇ ગયા છે. હાલમાં તે સુવાવડને બિછાને છે.

રાત્રીનો સમય હતો. હું એક ખુણામાં બેઠો બેઠો લેમ્પના (ફાન્સી) પ્રકાશમાં ટુંક વખતમાં બ્હાર પડનાર "બે ઘડી મોજ" નામના એક હાસ્યરસિક પુસ્તકમાં આવનાર હું ને મ્હારી વહુ," વર-વહુના વિનોદ, અમારાં ઘરવાળાં, વિગેરે વિગેરે ન્હાનકડી પણ રમુજભરી ભાષામાં સામાજીક ટકોર કરતી નવલિકાઓની અનુક્રમણિકાની જાહેર ખબર સુરતના સુપ્રસિદ્ધ અઠવાડિક "હિન્દુ" માં વાંચી રહ્યો હતો. ત્યાં તો એકાએક નુપૂર-ઝંકાર થયો. મ્હેં છાપામાંથી આંખ ઉંચી કરી બારણા તરફ જોયું. આવનાર એક બાર-તેર વર્ષની બાળા હતી. મ્હારી સરેલની નવ-પરણિત ન્હાની બ્હેન, અને મ્હારી મશ્કરી સાળી હતી. એનું નામ હતું તરલા!

"કહું કે? બોલો!" તરલા હસતી હસતી અને શરમાતી શરમાતી મ્હારી પાસે આવી ઉભી રહી.

"કહી નાખને, જે કહેવું હોય તે! એવું તે શું છે?"

"વધામણી, અને તે પણ પાછી મંગલ વધાઇ! બોલો, સાંભળવી છેના!"

"તરલા! તુંજ કહેને, કે મંગળ-વધામણી તે વળી કોને સાંભળવી ન ગમે?"

"તો પ્હેલાં વચન આપો જોઉં, કે હું તમને ખૂશ કરૂં તેના બદલામાં તમે મ્હને..."

"તું જે માગીશ તે આપીશ. થયું? ત્હારાથી શું વધારે છે?"

"પણ શું? ઇનામનું કાંઇ નામનિશાન?"

"ત્હારી મ્હોટી બ્હેનને અપાવ્યું હતુંને, એવું એક અમ્મર ચડ્ડી કંઇ છે? બોલ!"

"બસ...એટલુંજ."

" તો...જા...એવું નહિ બલ્કે એથીયે સરસ ! પછી કંઇ ?"

" બસ...બસ. તો તો બહુ થયું."

" ત્યારે હવે કહી દે જોઉં ? એવી તે શી વધામણી છે ?"

" સાકર વ્હેંચો ત્યારે લ્યો, મ્હોટી બ્હેને હમણાંજ કીકાને જન્મ આપ્યો છે."

" ના...ના...ખરેખર ! હેં ! છાપું ફેંકી દઇ હું એકદમ ઉભો થઇ ગયો."

" **તમારા સમ.**" અને એટલુંજ બોલી એ લજ્જાશિલ તરલા મ્હારી સ્નેહરાજ્ઞી સરલાની સારવાર માટે દોડી ગઇ.

મ્હારી સરલાને સાસરીઆના સગામાં હતો કેવળ આ સેવક જાતે ને પોતે, જ્યારે પિયરીઆમાં આ ન્હાનકડી બ્હેન.એને પરણ્યાને હજુ છ માસ થયા હતા, ત્યાં તો એ બાપડીના પિતાએ પરલોકનો રસ્તો લીધો, એટલે ન્હાની ઉમરમાં પરણતાંની સાથેજ એને સંસરાનો ઉમરો જોવો પડયો હતો. મ્હારી સરલાના અત્યાગ્રહે પ્રસુતી સમયની સેવા કરવા એને હું જાતે જઈને તેડી લાવ્યો હતો. જરા નાદાન હોવાથી હજુ એનામાં રમતિયાળપણું વધારે હતું, તે ઉપરાંત એની મ્હોટી બ્હેનની જેવીજ એ પણ વિનોદી સ્વભાવની હોવાથી મ્હને એ બહુજ ગમતી હતી. વારંવાર તે કંઇ ને કંઈ નવી નવી વિનોદ–ચેષ્ટાઓ કર્યાજ કરતી.

એની વધાઇએ મ્હારા ઉરમાં આનન્દના રસ–સાગરો રેલાવ્યાં. મ્હેં આખી શેરીમાં સાકર વ્હેંચી, મારો હર્ષ પ્રકટ કર્યો. ચાળીસ દિવસ તો જોતજોતામાં પસાર થઇ ગયા, અને મ્હારી સરલા નાહી ઉઠી, એટલે તો હસમુખી તરલાને સાસરેથી પણ તેડું આવી રહ્યું.

એની બ્હેનની રજા લઈ એ ચાલતી થઇ. ઘરમાં અમે વર–વહુ અને અમારો ન્હાનકડો કીકલો, ત્રણે હવે એકલાં પડયાં. હસમુખી તરલા અમને હરહમેશ ઉઠતાં ને બેસતાં યાદ આવતી, પણ એની વિનોદી ખોટ પૂરનાર એક મૂર્તિ અમારે ત્યાં આજે હતી, અને તે મ્હારો ને મ્હારી સરલાનો વ્હાલો બાલુડો બંસી !

વખતને વીતતાં વાર શી ? આંખ મીચીને ઉઘાડીએ એટલામાં તો એક વર્ષ વીત્યું. નોકરી ઉપરથી આજ સાંજે હું ઘેર આવ્યો. મ્હારા મનમાં કંઇ કંઇ તરંગો ઉદ્‌ભવતા હતા. નીચે કોઇ ન્હોતું. વસ્ત્ર બદલી હું ઉપર આવ્યો. શયનખંડમાં ઝાંખો દીવો બળી રહ્યો હતો. મ્હારી સરલા પલંગમાં પડી પડી પાસે બેઠેલા મ્હારા ન્હાનકડા બંસીને બનાવટી નારંગી બતાવી રમાડી રહી હતી. મ્હારા બંસીની પાસે " ઘડીભર ગમ્મત. " ની રમુજી ચોપડી પડેલી હતી, જ્યારે મ્હારા હાથમાં હમણાંજ નવી બ્હાર પડેલી " બે ઘડી મોજ " નામની ચોપડી હતી.

[આ પ્રસંગ ઉપર દોરાયલું બેરંગીચિત્ર ટાઇટલપેજ ઉપર જુઓ.]

" બંસી ! " મ્હેં પાછળથી આવી બૂમ મારી.

સરલા વસ્ત્ર ઠીક કરી વ્હેલી વ્હેલી ઉભી થઇ ગઇ. મ્હેં મ્હારા બંસીને હાથમાં લીધો અને રમાડતાં રમાડતાં બોલ્યો. " યાદ છેને ? કાલ તો આપણા બચુની વર્ષ ગાંઠ ! કંસાર બનાવજે. અને..."

" અને શું ?"

" આપણે બધાના મોઢા ગળ્યાં કરાવ્યાં, પણ એક અંગતનું સગું તો ખાસ રહી ગયું છે એને કાલ આમંત્રણ દઇ આવજે. "

" એ વળી કોણ ? "

" કેમ ત્હને યાદ નથી ? "

" તમારા સમ. "

" આપણાં આ બચુકલા બંસીના જન્મની મંગળ વધાઇ મ્હને પ્હેલવ્હેલી પહોંચાડનાર ત્હારી રમુજી બ્હેન તરલા ! "

" એમ છે ? "

" હા, અરે એ વખતે મ્હેં એને ત્હને અપાવેલું એવું એક અમ્મર એની ખુશાલીના ઇનામમાં અપાવવાનું વચન આપ્યું હતું. "

" ત્યારે કાલેજ લાવી નાખોને, વળી એમાં વાર શી ? "

" હુંય એજ વિચારમાં છું. "

અને બીજે દિવસે જ્યારે હું અર્ધા દિવસની રજા લઇ નોકરી ઉપરથી ઘેર આવ્યો, ત્યારે મ્હારા હાથમાં અમ્મરની પોટલી હતી, મ્હારી સરલાએ દાદરો ચઢતાજ મ્હારા હાથમાંથી એ આંચકી લીધી.

" લાવો જોઉં, કેવુંક લાવ્યા છો "

" રહેવા દે, રહેવા દે. ત્હારે જોઇને કંઇ કામ નથી. "

" પણ જરા...જોવા તો દયો. નથી ગળે પડવાની. "

આજેજ મ્હારી સરલાના સરળ હૃદયની પરીક્ષા હતી. એણે પોટલી છોડી, અંદરથી લખ લખ થતું સાચ્ચું સોનેરી તારથી શોભતું બનારસી અમ્મર બ્હાર કાઢ્યું. એટલે મ્હેં એને પૂછ્યું, " કેમ ઠીક છે ને ? "

[પણ સરલા બોલેજ શાની]

" ત્હારા જેવું તો નહિજ, કેમ ? "

" વાહરે ! મ્હને બનાવવા નિકળ્યા છો કે ? એમ કંઈ હું તદ્દન ભોળી નથી, મ્હારા કરતાં તો આ વધારે ભારે છે, સમજ્યાને ? અમેય ધાન ખાઇએ છીએ, કંઇ ધૂળ નથી ફાકતાં, "

" એટલે ત્હારૂં શું કહેવું છે ? વજનમાં ભારી છે ?"

" વજનમાં શાનું ? કીંમતમાં, તમે પણ એમ ન્હાના છોકરાંને શું સમજાવો છો ? "

" પણ...કોણ કહે છે ?"

" હું કહું છું, વળી બીજું કોણ ? "

" એમ ?"

" ત્યારે ! "

" જો ત્હને અદેખાઈ આવતી હોય, તો એ તું રાખી લે, અને ત્હારાવાળું ત્હારી બ્હેનને આપી દેજે, મ્હારે શું "

" એનું શું આપ્યું ? "

" સાઠ રૂપીઆ. "

" મ્હારા સમ. "

" ત્હારા સમ. "

" દસજ રૂપીઆ વધારેને ! હોય, એમાં શું ? "

" બોલ ! ત્યાર પછી ત્હેં શું વિચાર કર્યો ! ત્હારે કયું રાખવું છે ? આ કે તે ? "

" ના, ના, ભલે આ તરલાજ પ્હેરે. એ પણ મ્હારી ન્હાની બ્હેનજ છે ને ! ઘી ઢળીને પણ બીજે કયાં ? ખીચડીમાંજ ઢળવાનું છેને ! હું કાંઇ એવી અદેખી નથી. "

"સરલા ! વ્હાલી ! શું આ શબ્દો સાચા હૃદયથી બોલે છે ?"

" તમારા સમ. "

બસ. પરીક્ષા થઇ ચૂકી. યોગ્ય વખત થતાંજ તરલા અમારે ત્યાં આવી પ્હોંચી. અમે બધાં આજ આનન્દથી જમ્યા. અને એ

મ્હારા બંસીને રમાડતી હતી, તેજ વખતે મ્હારી સરલાએ એને નવું અમ્મર લાવી સ્વહસ્તેજ પ્હેરાવ્યું. એનું નામ તે સરળહૃદયની સુંદરી !

"લે, બ્હેન, આ ત્હારા બનેવીએ બંસીના જન્મદિવસની ખુશાલીમાં ત્હને ઈનામ આપવા કહ્યું હતું તે, તે! યાદ છે ને?"

અને તરલાનું શશિમુખ એ સ્વીકારતાં મલકાઇ ગયું.

× × × ×

વર્ષો પાણીના રેલાની માફક વહી ગયાં. અમારો ન્હાનકડો બંસી આજ વીસ વર્ષની ભરયુવાનીમાં મ્હાલી રહ્યો છે. એને માટે એની માસીએ (તરલાએ) એના જેવીજ એક તેર વરસની છોકરી શોધી કાઢી છે. એ સુશિક્ષ છોકરીનું નામ છે બાળા !

આજ અમારે ત્યાં વળી પાછો શુભ પ્રસંગ છે, અમારા બંસીનું વેવીશાળ આજ બાળાની સાથે થાય છે. ઘરમાં ગોળધાણા તૈયાર થાય છે. તરલા સહુને મોખરે આજ હસ્તેમુખે સગાં સ્નેહીને તેડાં કરતી ઘરમાં આમ તેમ આનન્દથી મ્હાલી રહી છે, હું એ રીતરિવાજની ખટપટમાંથી છાનોમાનો છટ્કી મ્હારા એકાન્ત ઓરડામાં આવી "બે ઘડી મોજ"નું વિનોદી પુસ્તક ઉત્સાહભેર વાંચી રહ્યો હતો. વાંચવામાં એવો તો રસ ઝામેલો હતો, કે નીચે શું થાય છે! એનું મ્હને મુદ્દલ ભાન ન્હોતું. ત્યાં તો એકાએક મ્હારી સરલેના "આજ તે વળી વાંચવાનું હોય કે?" એ શબ્દોથી ભંગ પડયો.

"ચાલો, વહુને જોવી છેને?"

"હવે ત્હેં અને ત્હારી બ્હેને પરીક્ષા કરી છે, એટલે મ્હને નિરાંત છે. સાસુ તું થશે. ત્હારે વેઠવાની છે, એટલે તુંજ જો."

"અને તમારે કંઇજ લેવાદેવા નહિ, કેમ ?"

"નહિ જેવી પણુ સરલે ! ત્હને તો એ ગમીને ? છોકરી કેવી છે ? ત્હારા બંસીથી ઉતરે એમ તો નથીને ?"

"ના...ના. જેટલી દેખાવડી છે, તેટલીજ સ્વભાવે શાન્ત અને સુશીલ છે."

"નહિ...નહિ !"

"**તમારા સમ.**"

એટલામાં તો અમારા ધણી-ધણીઆણીના એકાન્ત વાર્તા-વિનોદમાં તરલાએ આવી ભંગ પાડયો. "ચાલો, જમવાની વખત થઇ ગઇ છે. બધાં તમારી રાહ જુએ છે."

"હા...ચાલો."

નીચે વાડામાં હારબંધ પાટલા નાખેલા હતા. હું જઇને એમાંના એક ઉપર ગોઠવાયો. સ્હામેજ પતરાળીમાં પિરસાયા કંસારમાંથી મધ મધ ખુશબો છૂટી રહી હતી. વાંચક ! મ્હને બહુએ થયું, કે "તમારી રાહ જોઉં." પણુ શું કરૂં ? મન હાથમાં ન રહ્યું. મ્હોંમાં પાણી છૂટયાં એટલે મ્હેં આંખ મીંચીને કોળીઓ ભરતાં કહ્યું: "હાં...હવે ચાલવા દયો." વાંચક ! જમવાનું શરૂ થઇ ગયું, છતાં **તમારા સમ.** આખરે તમે નજ આવ્યાને ?

[વાંચક:—તમારો બહુ આગ્રહ છે, તો જાવ આવીશું.

પુષ્પ:— તમારા ભાભી. —:પાંચમું.

વાંચક બિરાદર ! **તમારા ભાભી** એટલે કોણ ? **મ્હારા વહુજી,** અર્થાત્ **સેવકના સમ્રાજ્ઞી.**

મ્હને મ્હારી વહુ કહેતાં શરમ લાગે, એ સ્વાભાવિક છે, માટેજ હું **તમારા ભાભી** કહી રહ્યો છું. જો કે વહુનું નામ ટપ્પ દેતું કે પબ્લીકમાં (જાહેરમાં) દઇ દેવું એ અવિવેકી, બેશરમી અને અણઘટતું ગણાય છે, તોય વાંચક વીરા ! ત્હને હું મ્હારો ગાઢ સ્નેહી યા સંબંધી ગણીને, દીલોજાન દોસ્ત સમજીને કાનમાં કહી દઉં છું. જોજે, હૃદયમાં દાબી રાખજે, કોઇને કહીશ મા ! હોં? **મ્હારા સમ.**

મ્હારી એ મનોહારીણી મનોરમાનું મીઠું મધ જેવું નામ મધુરી છે, જ્યારે તમારા ભાઇ ઉર્ફે એમનાં મનમોહનનું મુબારક નામ મધુસૂદન છે. સેવકની વય જ્યારે સત્તાવીસ વર્ષની છે, ત્યારે તમારા ભાભીસાહેબ અત્યારે સત્તર વર્ષની ભરયુવાનીને હિંડોળે હીંચી રહ્યાં છે. બસ ! અમારી આટલી ઓળખાણ પછી હવે બેધડક આગળ વધો, કારણ વિશેષ પ્રસસ્તાવનાની હવે જરૂર નથી.

બાળગોપાળની જંજાળથી પરમકૃપાળુ પરમાત્માએ અમારાં પ્રેમાળ દંપતિયુગલને દૂર રાખી મહાન ઉપકાર કર્યો છે, જેને માટે સેવક તેમનો જન્મો જન્મનો આભારી છે વળી પ્રિયાને પિયરઆમાં અર્થાત્ સેવકને સાસરીઆમાં મ્હોટું શૂન્ય છે, વધારામાં તમારા ભાભીની ભારે પતિભકિત તથા પ્રભુ ભકિતથી પ્રસન્ન થઇ દયાનિધિ દેવે એમને ઘરડાં સાસુ સસરાના રોજ ઉઠીને સાંભળવા પડતાં કટકટારા અને નણંદ–ભાઈ–ભોજાઇ કે દેરાણી–જેઠાણીના કંકાશથી છૂટ્ટી બક્ષી છે. અમારાં ન્હાનકડાં ઘરમાં હું અને મ્હારી અલી... હાલમાં તો અમે બેજ જણ છીએ, ખુદા જાણે ! ભવિષ્યમાં વસ્તી વધે તો !

સુરતના હવાપાણી અમારા ઘરવાળાને નહિ સદવાથી (મફક આવવાથી) અને તમારા ભાભીનો પડતો બોલ પટ દઇને ઉઠાવી લેવાની મ્હને બૂરી આદત પરેલી હોવાથી મ્હેં કચવાતે દીલે અને એમણે હરખાતે હૈયે મ્હારી જન્મભૂમિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તમારા ભાભીની ઇચ્છા મુંબઇ જવાની અને જોવાની થવાથી આખરે મ્હારે એમનો ઠરાવ મુંગે મોઢે મંજુરી આપી પસાર કરવો પડયો (ઉડી તો કોઇ દિવસ જતોજ ન્હોતો !) અને એક કાળી બિહામણી

રાત્રે અમે જગમશહુર એવી આલોકમાં આવેલી ભારતવર્ષની ઇન્દ્રપુરીમાં (મુમ્બઇ) પૂર દોરદમામથી આવી પહોંચ્યાં એક રાક્ષસી બંગલાના, જેને જુની અને જંગલી ભાષામાં કાતરીયું, પરન્તુ નવી અને સુધરેલ ભાષામાં રૂમ યાને ઓરડી કહેવામાં આવે છે. એવા એકજ પલંગ અને એકજ ચુલો રહી શકે એવા ભાગને અમારાં પૂણ્યવન્તા અને પ્રેમભીના પનોતાં પગલાંથી પાવન કર્યો. અહાહા! એ ધન્ય ઘડી! ધન્ય અવસર! આ જીંદગીમાં તો હું કોઇ દિવસ, કોઇ કાળેય નહિ ભૂલું!

× × × ×

અમે સુરતવાસી હવે મુંબઇ નિવાસી બન્યાં. અને ત્યાં તો તમે જાણો છોને ? બધુંજ ધોળું જોઇએ. અધુરામાં પૂરૂં **તમારા ભાભી**નું પિયર પણ મુંબઇમાંજ હોવાથી, એમનેય આજ લાંબે વખતે મુમ્બાપુરીની મોહીનીનો અસલ મોહ થઇ આવે એમાં બેશક કાંઇ મ્હોટી નવાઇની વાત ન્હોતી. એવણ કાંઇ ગામડાના જુના જંગલી વિચારના ન્હોતાં, બલ્કે મુંબઇનીજ હાયસ્કુલમાં (હાઇસ્કુલ) અંગ્રેજી સાતડે સાત (મેટ્રીક) થોથાનું સંપૂર્ણ જ્ઞાન સંપાદન કરનાર શોખીન, એજ્યુકેટેડ, તેમજ સુધારાના વિષયમાં આગળ પડતો ભાગ લેનાર હતા. ન્હાનપણમાં નિશાળમાંથીજ એઓ ગરબા ગાવામાં દોરડા કૂદવામાં, હારમોનીયમ વગાડવામાં, ગાયનો ગાવામાં, ભાષણો કરવામાં અને શાળાઓ તરફથી સોશીયલ ગેધેરીંગના પ્રસંગોમાં ભજવતાં પ્રસંગોમાં દુશ્યન્તની, શકુન્તલાની કે રોમીઓની, જુલીએટની ભાવભરી ભૂમિકા ભજવવામાં પ્હેલા નબરના ઇનામ–ચાંદ જીતી જઇ બહુજ લાઇટમાં (પ્રકાશમાં–પ્રખ્યાતિમાં) આવેલાં હતાં. અને એવી

ભણેલ ગણેલ, સુધરેલ, શોખીન, અને વેલનોન (જુની અને જાણીતી) શ્રીમંતની પુત્રીનો હાથ દૈવેચ્છાને લઇ કોઇ અમૃત ચોઘડીએ મ્હારા હાથમાં આવી પડવાથી હું મ્હને ભાગ્યશાળી માનતો હતો ! એક વખત, તે માનતો હતો, આજે નહિ !

એમનો પ્હેરવા-ઓઢવાનો શોખ ઓગણીમા સૈકાની આદર્શ આર્યરમણીને શોભાવે એવો નહિ, પરન્તુ વીસમીસદીના અર્ધ અનુકરણીક યુરોપીઅન અને પારસી સ્ટાઇલનો (ભેળસેળ) હતો. અર્થાત્ લેઇટેસ્ટમાં લેઇટેસ્ટ નોવેલ્ટી અને સ્ટાઇલ (છેલ્લામાં છેલ્લી ઢબે) વડે પોતાની રૂપની રોશનીને અપ-ટુ-ડેટ રીતે શણગારી હતી.

અને આ તમારો સેવક, જો ભૂલેચૂકે કદાચ સ્હામા મળો, તો ગાગરીઓ ભટ્ટ તો નહિ, પરન્તુ કોઇ જોશીણુવા યા બમ્મન તો જરૂર ધારોજ ધારો. માથે લગભગ સવાબશેર વજનની બાપદાદાના વખતથી ચાલતી આવેલી જરી-પુરાણી લાલ વાણીઆશાહી પાઘડી, અંગરખો અને ખેસ જ્યારે **તમારાં ભાભી** ઇંગ્લીશ કટ્ટનું પોલકું એની ઉપર વિલાયતી પીન ખોસેલું બારીક પોતનું રંગીલ વાયલ, કામીનીઆ ઓઇલ નાખી કેશકલાપની છૂટ્ટી લટો ગૂંથી વાળેલો અને અર્ધું કપાળ ઢાંકી દે એવો વાંકા સેંથાવાળો માથાનો અર્ધો ઉઘાડો સીન, કાંડે નાજુક લેડી રીસ્ટ વોચ, એક હાથમાં ફેન્સી નાજુક લેડી-અંબ્રેલા, (છત્રી) બીજા હાથમાં લટકતી મખમલની મની-પર્સ (પૈસાનું પાકીટ) પગમાં ઉંચી એડીના બુટ, અને છતી દેખતી આંખે અંધાપો આણવા નાકે ચઢાવેલાં શોખનાં ચશ્મા...મતલબ કે પગના તળીઆથી માંડી તે માથાના બાલ સુધી એકેએક વિદેશી ચિત્રવિચિત્ર ડીઝાઇનોથી સજ્જ થએલાં !

મ્હારા **માધવલાલના** જૂના જન્મનામમાં પણ મધુસૂદનનો નવો ફેરફાર કરવાનું માન એજ **તમારા ભાભીને** હતું. એમના કહેવાથી મ્હારે મુંબઇમાં આવતાંજ મ્હારા બાપદાદાના ગામડીઆ સાદા પોશાકને તિલાંજલી આપી જરા અપ-ટુ-ડેટ અને વીસમીસદીનો વેશ સિવડાવવો પડયો. અને તેમ છતાંય, "તમે ભણ્યાં છો, પણ તદ્દન ઇડીઅટજ રહ્યાં છો! મેનર, રીસ્પેકટ પોઝીશન કે એટીકેટનું તો જરાય ભાન નથી. હવે તમે મુંબઇમાં છો. માટે જરા ચૌદમીસદીના જનાવરમાંથી વીસમીસદીના માણસ બનો. બબ્બે કોઇ મળવા આવે તો કહેતાં કે તમારી સાથે ઇન્ટ્રોડયુઝ (ઓળખાણ)કરાવતાંય મ્હને લજવાવું પડે છે.સમજ્યા !" એવા એવા તરવારની ધાર જેવા વચનામૃતોનો વરસાદ તો એમનો રોજ ઉઠીને જારીને જારીજ !

મુંબઇની એક અંગ્રેજી શાળામાં મ્હને **તમારા ભાભીની** ઇન્ફલ્યુઅન્સથી (લાગવગ) સંસ્કૃતના અધ્યાપક તરીકેની જગ્યા મળી. શરૂઆતમાં પગાર રૂપીઆ પંચોત્તેરનો કીધો હતો. તેમાં પચ્ચીસ રૂપીઆ તો ઘરના ભાડાનાજ જાય ! પછી બાકી રહે પૂરા પચાસ. તેમાં બરાબર અડધોઅડધ ૫૦ ટકા તો **તમારા ભાભીના** ડ્રેસીંગના ઉધાર બીલ માટે રીઝવર્ડજ હોય ! બાકીની પચ્ચીસ રૂપરડીમાં રસોય્યો, રામો, હજામ, ધોબી ઇત્યાદિ ઇત્યાદિ ઠાઠમાઠ સાથે ઘરખર્ચ ચલાવવું, અને તે પણ પાછું મુંબઇ જેવા એકના બમણા ભાવવાળાં શહેરમાં ! આવી કટ્ટી મોંઘવારીના જમાનામાં ! મ્હારે માટે કેવળ અશકય બલ્કે કવાઇટ ઇમ્પોસીબલ હતું.

છતાંય બે–ચાર મહિના તો અમે દુઃખેપાપે અમારૂં સંસાર–ગાડું આમ ગબડાવ્યું. પણ જ્યારે સુરતથી બચાવી લાવેલા પાંચ પૈસાનો જીવ પણ અહીંના આંધળા ખર્ચમાં મયદાને સાફ થઇ ગયો, અને ઉલ્ટો દર મહિને દેવાનો ડુંગર પર ડુંગર ખડકાવા લાગ્યો, ત્યારે લોકોની ઉઘરાણીના આંકડા અને બીલો જોઇને મ્હારી આંખો તો ફાટી ગઇ! તેમ છતાંય એ બાબત તરફ એનું વારંવાર ધ્યાન ખેંચવા છતાં એની બંધ આંખો ન ઉઘડી તે નજ ઉઘડી.

આખરે હું એના હદબ્હારના ગજા ઉપરાંત ખર્ચથી કંટાળ્યો. મ્હનેય લાગ્યું, કે હવે તો બોલ્યા વિના બોર નહિ વેચાય. અને એક દિવસે એ એના સ્થાપેલ સુધરેલ **મહીલા–મંડળ**ની મીટીંગમાંથી (સભા) રાતના મોડી ઘેર આવી, એટલે મ્હારો ઘણા દિવસનો શાંન્ત સ્વભાવ એકદમ ઉછળી આવ્યો. વાતવાતમાં અમે ધણી–ધણીઆણી લઢી પડયાં. જો કે તુંના તોછડા નામને બદલે **તમે**ના માનવંતા સંબોધને, અને **સાંભળે**ને બદલે **સાંભળો** કહીને બોલાવવાનું શિક્ષણ મ્હને એમના તરફથી આપવામાં આવ્યું હતું, છતાં આજ મ્હારા ઉકળેલા લોહીએ એના એટીકેટ અને પોઝીશનને ઉંચે અભરાઇએ મૂકી તીખ્ખા શબ્દોમાં કહ્યું:

[એતો પત્થરના પૂતળાની માફક આશ્ચર્યભરી આંખે મ્હારી તરફ જોઇજ રહી!]

"......આવતી કાલથી મ્હારી રજા વગર ત્હારે બહાર ક્યાંય પણ જવું નહિ. સમજી?"

"એટલે?" એણે કોઇ ઔર સ્ટાઇલમાં ઉભા રહેતાં ભવાં ચઢાવી મ્હને સ્હામો સવાલ કર્યો.

"એટલે એજ કે, આજ દિન સુધી મ્હેં જરા નમતી દોરી મૂકી, ત્હને જેમ નાચે એમ નાચવા દીધી, પણ તું તો આંગળી આપતાં પ્હોંચુ પકડી બેઠી, છેકજ માથે ચઢી બેઠી છે. અને બસ... હવેથી રોજ રાતના આમ દસ દસ વાગે ઘરમાં આવે, એ મ્હને મુદ્દલ નહિ પાલવે."

"ઓહો ! આજ કાંઇ એકદમ તમારા મગજમાં વળી એ ભૂત ક્યાંથી ભરાયું ?" ટહોર કરતા શબ્દમાં એણે ચાળા પાડયાં.

"એ ભૂત–બૂત બધુંય ત્હને કાલ સ્હવારથી ખબર પડશે. સમજી ? સાંભળ, હું કાલથીજ રામા રસોઆ અને ઘાટીને પેન્શન યાને પાણીચું નાળીએર પકડાવું છું. ત્હારાથી રંધાય તો હાથે રાંધજે, નહિ તો કંઇ નહિ. હું મ્હારે મ્હારૂં ગમે એમ ફોડી લઇશ. ભાષણો કરવા જવાની, મોજશોખ મારવા અને હરવા–ફરવા જવાની હવે કશી નથી. જરૂર જો ઘરમાં માનભેર રહેવું હોય તો કાલથી હવે જરા હાથેજ તસ્દી લઇ ઘર સંભાળવા માંડો."

"અને નહિતો ?"

"નહિતો ! નક્કી કંઇ નવા–જુની થશે, એ ખાત્રી રાખજે."

"નવા–જુની એટલે ? શું લાકડી લઇને ઉઠવાનો તો ઇરાદો નથીને ?"

"કદાચ ! વખત આવે તો તેમે કરવું પડે."

"કાંઇ અચાનક આવો અસાધારણ ફેરફાર !"

"એ ફેરફાર કેમ થયો તે ત્હારે જાણવું છે ?"

"હઁ..."

"તો લે એ ફેરફાર કરાવનાર આ ત્હારા ઉડીને આંખે વળગે એવા, કલેજું આરપાર કોરે એવા મોજ–શોખના નમૂનેદાર બીલો. આંખ ઉપર ચઢાવેલા શોખના અંધારીયાં ઉતારી, દીવો લઇને એ બરાબર જો, વાંચ, અને પછી વિચાર કરીને જે જવાબ આંપવો હોય તે આપ."

એના ફેશનેબલ ડ્રેસીંગની સીલાઈના, કપડાંના, બૂટના, રૂમાલના અને વૉશીંગ કુંપનીઓ વગેરેના આંખ મીંચીને ચઢાવેલા કઝનબંધ ઉધારીયાં બીલોનો થોકડો ગજવામાંથી કાઢી મ્હેં એની સ્હામેના ટેબલ ઉપર ઠોકયો. "લ્યો, હું જરા અંદરના ખંડમાં જઇ આવું, ત્યાં સુધીમાં આ તમારાં માનીતાં અણુચૂકવ્યાં આંકડાઓ– અહેશાનો ઉપર વન બાઇ વન (એક પછી એક) ઠંડે કલેજે આંખ ફેરવી જજો."

"પછી ? પછી તમે શું કહેવા માંગો છો ?"

"પછીની વાત પછી. હમણાં તો આટલીજ તસ્દી લ્યોને, એટલેજ બસ, તમારો મ્હોટો આભાર."

અને આટલું બોલી હું એના જવાબની રાહ જોયા વિના ત્યાંથી ચાલ્યો ગયો. અંદરના ખંડમાં જઇ હું બારીએ ઉભો. ત્યાં તો રસ્તેથી પસાર થતાં અમારા પ્રીન્સીપાલની (હેડમાસ્તર) નજર મ્હારી ઉપર પડી. મ્હારાથી એકદમ બોલાઇ ગયું, "આવો, આવો, પધારો."

એમની સાથે અમારી શાળાના બીજા બે શિક્ષકો હતા. ત્રણે એકદમ ઉપર ધસી આવ્યા. મ્હેં ડરતે દીલે એમના સ્વાગત કર્યાં. શાળામાં રહ્યાં પછી મ્હારી સહાય અને સરળ સ્વભાવે મ્હેં સર્વ કોઇના દીલ જીતી લીધા હતાં. તેમાંય હેડમાસ્તરનો ચાહ તો મ્હારા પ્રતિ અનન્યજ હતો. વાતવાતમાં એક શિક્ષકે મલકાતે મોઢે એમને કહ્યું:

સાહેબ! તમે જાણો છો કે?"

"શું?"

"અમે બધાએ આવતી કાલે એમની પાસે જાફત લેવાનું નક્કી કર્યું છે."

"શાનું?"

"પાંચ રૂપીઆ પગાર વધ્યોને, તે બદલ."

"ઓહ! આઇસી. બરાબર છે. ચાલો, ત્યારે તો મી. મધુસૂદન! અમનેય ન્હોતરૂં ખરૂંને?"

"કોણે ના કહી, સાહેબ! આખું ઘરજ તમારૂં છેને."

"સાહેબ કાલ રવીવારની રજા પણ છે."

"હા, એ પણ ઠીક છે. ચાલો, ત્યારે કાલ તો મી. મધુસૂદન તમારે ત્યાંજ ધામા."

"ભલે! એમાં શું?"

બોલતાં તો બોલાઇ જવાયું, પણ એમના ગયા પછી મ્હારી આંખમાં આંસુ આવી ગયાં. અને મ્હારી ચિન્તાનું કારણ **તમારા ભાભીજ** હતાં. કારણ આ કાર્ય મ્હેં મ્હારી અર્ધાંગનાની રજા વિના કીધું હતું, અને મ્હારા ઘરમાં એ કાયદોજ ન્હોતો. "હે હરિ! મ્હારી લાજ હવે ત્હારે હાથ છે." અને મોઢે માગીને લીધેલાં આમંત્રણ પાછાંય કેવી રીતે ઠેલાય? મ્હારી સ્થિતિ અત્યારે સૂડી વચ્ચે સોપારી જેવી હતી. છતાં પડશે એવાં દેવાશે, એવી મનમાં ગાંઠ વાળી. હું શ્રીમતીની ખબર લેવા અંદરના ઓરડામાં ધસી આવ્યો.

"કેમ! જોયું?"

"જોયું! એમાં શું જોવાનું હતું જે!"

"ત્હારા ખર્ચના મહાભારત આંકડાઓ! બીજું શું હોય!"

"હોય! એ તો એમજ ચાલે. સહુ આસ્તે આસ્તે ભરી દેવાશે."

"પણ ક્યાંથી! ચોરી કરીને! ત્હારાં સગલાંઓ તો રોજ આવીને મ્હારી પત્તર ઠોકે છે, તેનું કેમ?"

બસ એજ કે કંઈ બીજું? ઓહો! તમે એટલા માટેજ ગભરાવ છોને? ફિકર નહિ, આવવા દયો એમને, કાલે હું એ બધાંને સમજાવી દઇશ."

એ બેપરવા બાયડીને મન તો આ રમત જેવી વાત હતી. મ્હને એના આવા ઉડાવ જવાબથી એવો તો ક્રોધ ચઢયો, કે જાણે શુંનું શું કરી નાખું! પણ હું ખામોશ ખાઈ ગયો. "બચ્ચા! મધુસૂદન! આટલા દિવસ સહન કર્યું, ચલાવી લીધું, તો કાલનો એક દિવસ વધારે વેઠી લે." અત્યારે મ્હને એની ગરજ હતી. નહિ તો કાલ પધારનાર પરોણાઓ વચ્ચે આબરૂના કાંકરા થઇ જવાનો મ્હને ભય હતો. મ્હેં ઠંડા પડી એને સમજાવવા માંડી:

"જો મધુરી! ત્હારે આવો આંધળો ખર્ચ કરતાં પહેલાં આપણી આવકની ઉપર ખાસ ધ્યાન રાખવું જોઇએ."

"ભલે, હવેથી એમ કરશું. હવે અત્યારે તો એ વાતને ઉંચી મૂકો."

"અને એક બીજી વાત. કાલ બપોરે આપણે ત્યાં મ્હારી નિશાળના બે માસ્તરો અને પ્રીન્સીપાલ સાહેબ જાતે પધારવાના છે."

"શા માટે?"

"મ્હારો પગાર પાંચ રૂપીઆ વધ્યો, તેની નિફ્ત લેવા."

"હા...તેને શું છે?"

" તેમને બધાને કાલનો દિવસ હાથે રાંધીને જમાડવાના છે."

" તે છોને, રામા-રસોઇયા. મ્હારૂં શું કામ છે ?"

" નહિ નહિ. તું ન સમજી ? રોજ નિશાળમાં બધાં વચ્ચે હું ત્હારી પતિભક્તિ અને પાકશાસ્ત્રમાં નિપૂણતા માટે ખૂબ પ્રસંશા કરૂં છું, એટલે કાલનો દિવસ તો...તેમને ખાસ બતાવવા ખાતર ત્હારે હાથેજ,......"

" તે મ્હારાથી નહિ બને. હું કાંઇ બંધાતી નથી."

" પણ ફક્ત કાલનોજ દિવસ તું મ્હારી આટલી આબરૂ સાચવ."

હવે વારો બદલાયો હતો. આ વખતે એનો દાવ હતો. હું દિન હતો, જ્યારે એના પગમાં પૂરૂં જોર હતું, "પછી તું કહેશે એમ કરીશ."

" એમ ?"

" જરૂર." મ્હેં ગરજના માર્યાં ગધેડાને પણ બાપ કહેવો પડે, એમ કાલાવાલા કરવા માંડયા.

" તો હવે સાંભળો મ્હારી શર્ત. કાલ મ્હારે પ્હેરવાને માટે એક અપ-ટુ-ડેટ ફર્સ્ટક્લાસ ઝીણું હમણાંજ બ્હાર પડેલું કોરૂં વાયલ લઇ આવો."

" હેં ! વળી એ શું ?" હું તો હેબતાઇજ ગયો. " ત્હને બીજો કંઇ ધંધો છે કે બસ આખો દિવસ એજ વાત. નવું નવું વસાવવું, પ્હેરવું-ઓઢવું, અને ખાઇપી લીલાલ્હેર કરવી, બસ એ સિવાય તું બીજું સમજે છેજ શું ?"

"ઓછું ન સમજીએ તો!" એની કમાન પાછી છટકી. લોકો મુઆ! સારૂં સારૂં પ્હેરી-ઓઢીને હરવા ફરવા જાય. ત્યારે તમારે કશુંય નહિ. જરા જુઓ તો ખરા. બધાંજ કંઇ તમારાં જેવાં નિરસ અને શોખ વગરનાં નથી હોતાં. પોતાના બાયડી-છોકરાંને કેવાં મનગમતાં લાડ લડાવી, હરવા-ફરવા લઇ જાય છે?"

"અને ત્હને હું નવા નવા લુગડાં-ઘરેણાં લાવી આપું, તોજ તું ખૂશ થાય, પ્રસન્ન રહે, ખરૂંને?"

"હાસ્તો, એમાં તમે નવું શું કહ્યું? અમારે અબળાઓને બીજું જોઇએ શું? થોડી કાંઈ તમારા મર્દોની માફક ડગલે ને પગલે ચાહ, પાન, સોડા, લેમન, સીગારેટ..."

"બસ, બસ. બહુ થયું. પણ મ્હારૂં તો એમ કહેવું છે, કે ત્હારી પાસે કયાં લુગડાં નથી? આખી ટ્રન્કો ને ટ્રન્કો ભરીને તો પડેલાં છે. કેટલાં અમ્મર! કેટલી સાડી! કેટલાં વાયલ! કેટલાં છાયલ! કેટલાં સાળુ! કેટલાં લુગડાં! કેટલાં પોલકાં! નેકલેસ, એરીંગ, બુટી, બંગડી, ઘડિયાળ વગેરે વગેરે તો બેસુમાર છે, તોય તું ધરાતીજ નથી? હજુય કેટલું પહેરવું છે? ખરીદી લાવી લાવીને શું દુકાન માંડવી છે? જો સાંભળ! ત્હારા સસરાના મૂકેલાં અને મ્હારા બચાવેલ તમામ પૈસાનું ત્હારા આવા મુંબઇની શેઠાણીના જેવાં હદબ્હારના અને વગરવિચાર્યા આંધળાં ખર્ચોથી તદ્દન તળીયું દેખાયું છે. આપણાં જેવાં સારાં ઘરનાં બૈરાંને તે વળી રોજ ઉઠીને નાટક, સીનેમા અને સરકસ કેવાં જોવાના હોય......"

"ના, તે તમને ન ગમે એટલે કે ? અમારાથી કંઇ તમારી માફક બધું તજી દેવાય એમ નથી. અમને કેમ ન ગમે ? શું અમે મુઆ ! કંઇ માણુસ નથી. અમારામાં જીવ નથી ? લાખ્ખો લોકો જોવા જાય, તો અમને મન કેમ ન થાય ? અમે થોડાં કંઇ કોઇની માફક વહી જવાના છીએ ? અને જો તમે એમ ધારતા હો, કે નાટક—સીનેમા જોઇને બૈરાં બગડી જાય છે. અને ધણી ઉપર સત્તા ચલાવતાં શીખે છે, તો......તો પછી......"

"પણ તું આવો ઉંધો અર્થ લઇ, આડી આડી વાત કાં કરે છે વારૂ ? મ્હારૂં તો એમ કહેવું છે, કે હાલમાં ભજવાતાં નાટકો અને બતાવાતાં સીનેમા–પીક્ચરો પુરૂષ–સ્ત્રી તેમજ બાળકો ત્રણેમાંથી એકેને જોવાં લાયક નથી. એમાં ખાસ કરીને અમર્યાદ હાવભાવો લટકાં–મટકાં, નાચ–નખરાં વ્હાલા–વ્હાલીના અશ્લીલ અને નાગાં–ઉઘાડાં ફારસો, જે કેવળ સામાન્ય હલકી વૃત્તિઓના જન–મનરંજનને માટેજાં આલેખાયલાં હોય છે, તેમજ આશક–માશુકના ઢીંગલા–ઢીંગલી જેવડ પ્રેમ–પાત્રો ઉતારી, ચુંબનો અને પ્રેમલા–પ્રેમલીના શૃંગારિક ગાયનો, ભાષણો અને ટાહ્યલાંઓથી ભરપૂર ચિત્રો જોઇને મ્હોટા તેમજ ન્હાના દરેકની વૃત્તિ ખોટે રસ્તે દોરાય છે, અને વિશેષ કરી કુમળાં હ્રદયના બાળકો, યુવાનો, કન્યાઓ, કુળવધૂઓ અને યુવતીઓના નિર્દોષ અણુ–સમજુ અને પવિત્ર હ્રદય ઉપર એની બહુજ માઠી અને ઉંડી છાપ પડે છે. એમાં ઇતિહાસ અને સમાજને વેગળે મુકી આલેખાયેલી વસ્તુઓનાં (બહુધા દુર્વ્યસન, વેશ્યાબાજી, બળાત્કાર અને નાચ–ગાન જેવાં) સમાજની કેવળ કાળી બાજુજ રજુ કરતાં લોકોની અધમ વૃત્તિનેજ આકર્ષનારાં અને ઉત્તેજીત કરનારાં ઢંગધડા વગરના ઉડન–છૂ દ્રશ્યોજ

ગૂંથાયલાં હોય છે. ઇતિહાસ અને સમાજની ઉજવળ દિશાઓનાં રમ્ય લલિત અને આદર્શ ચિત્રો તો એમને ગણ્યાગાંઠયાંજ જડે છે."

"એ બધું સમજ્યા ! ન દેખાડવા હોય તેના બધાં બ્હાના-ફાંફા."

"ના, ના, એમ નથી. હું થોડો કાંઇ ત્હારા અહિતને માટે કહું છું. તેમ છતાં કોઇ આદર્શ આર્ય-સતી અગર વીરાંગના પતિવ્રતાનો ધાર્મિક ખેલ પડશે, તો ત્હને વગર કહ્યે જોવા લઇ જઇશ."

"નથી જોવા જવું અમારે તો એ સતી-ફતીનો ખેલ ! તમેજ જોયા કરો, એટલે બસ !" એટલું કહેતાં તો **તમારા ભાભીએ** ધુંવાંફુંવા કરતાં રીસમાં ને રીસમાં પગ ઠોકતાં ત્યાંથી ચાલવા માંડયું: "ઠીક છે, ત્યારે ! તમે પણ યાદ રાખજો કે, કાલે **સુધરેલી સરલાનો** નવો ખેલ જોવા ન લઇ જાવ, અને વાયલ નહિ લઇ આવો, તો રાંધે છેજ કોણ ? તેય હું જોઉં છુંને ?"

સારે દિવસે ઘરમાં કંકાશ થશે, અને નાહક હા...ના કરતાં **તમારા ભાભી** વળી રીસાઈ જશે, તો આવનાર પરોણાને જમાડવાની અને એમને મનાવવાની મહા પંચાત પડશે, એ આશાથી હું ફરી પાછો ઠંડો થઇ ગયો. મ્હેં એને જતી રોકી કહ્યું: "ભલે, ખેલ જોવા લઇ જઇશ, પણ નવા લુગડાનું તો તું હવે હમણાં માંડીજ વાળ. ત્હારી પાસે ઢગલાબંધ છેને ?"

"પણ બધાય ચોળાયલાં-ચૂંથાયલાં-વપરાયલાં-પહેરાયલાં. એકેક કોરૂં-નવું ન મળે. તમે તો હવે પગનો છેડો છેકજ માથે મુકયો છે, પણ સાથે સાથે શું બધાની વચ્ચે મ્હારી પણ આબરૂ ગુમાવવી છે ?"

" એટલે શું સારાં સારાં કપડાં પહેરવામાં અને ઘરેણાં ઘાલવામાંજ આબરૂ આવી જાય છે ? "

" સત્તરવાર વળી. પગાર વધ્યાની ખુશાલીમાં મિત્રોને મીજબાની આપવા તૈયાર થયાં છો, અને ઘરની બૈરીને એક લુગડાંનું ચીથરૂંય અપાવતાં કંઠે પ્રાણ આવે છે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉકરડાને આટો. "

" ભલે, ભાઇ ! ભલે. તું જેમ કહેશે, એમ કરીશું. પછી કંઇ છે ? " તેની આજ્ઞા અને ઇચ્છા પ્રમાણે વર્તવાનું સળગતા દીલે વધાવી લેતાં મ્હેં હવે એ વાતને ટુંકાવવા માંડી.

" તો ભલે, પણ જોજો યાદ રાખજો, કે તમારે તે વેળા તે બધાંની વચ્ચે મ્હને એક ઘરની નોકરડીની માફક તું–કારથી હુકમ નહિ કરવો, પણ ગૃહદેવી ગણીને " તમે, આવો, લ્યો, લાવો. " વગેરે વગેરે માન મરતબો જાળવીને સન્માનસૂચક શબ્દોથી સંબોધન કરવાં, અને આજ પછી પણ એ બાબત તો તમારે હંમેશાં હૈડે ને હોઠે ગોખીજ રાખવી, કે હું તમારી કંઇ ગુલામડી, ચાકરડી, કે રાંધનારી ભઠિયારી કે વાસણ માંજનારી દાસી નથી, પણ દેવી છું, નહિ તો પછી..."

" પછીની વાત હવે પછી. મ્હને તમારી તમામ શર્તો ઠેઠ તળીએથી તે ટોચ પર્યંત કબૂલ મંજુર છે. "

" તો જાવ, ભલે આવે. આમંત્રણ દઇ આવજો. પણ જોજો શર્ત પ્રમાણે પેલું...લાવવાનું ન ભૂલતા. હા ! "

મ્હારા અને તમારા ભાભીના અરસપરસ કોલકરારો થયા. એકરાર પત્ર ઉપર ન છૂટકે કાયદેસર સહી કરી હું એ અણધારી આવેલી પડેલી આપત્તિમાંથી હાલ તો નિશ્ચિંત થયો. છતાં હજુ કોણ

જાણે કાલ કેવી જશે? "ન જાણ્યું જાનકીનાથે સ્હવારે શું થવાનું છે?" એના એજ વિચારો અંતરમાં ઘોળાતાં હતાં. નીચે આવી મ્હેં રામા, રસોઇયા અને ઘાટીને કાલનો દિવસ છુટ્ટી હોવાની જણાવી. તેઓ તો બાપડાં ખૂશખૂશ થઇ નાચવા–કૂદવા લાગ્યાં. પણ તે અભાગીઆઓને પણ ક્યાં ખબર હતી ? કે કાલની છુટ્ટી તેમને માટે હમ્મેશને સારૂ લીલા નાળીએરનીજ ગરજ સારનાર હતી. કારણ ? આવતી કાલનો સૂર્ય જો પૂરો પાધરો ઉગીને આથમી જાય, તો મ્હેં એ તમામને કાલથીજ દીલગીરી સાથે છુટા કરવાનો દ્રઢ નિશ્ચય કીધો હતો. શું કરૂં ? કેવળ કાલનોજ દિવસ આડો હતો, અને એને માટેજ હું જેમ મદારીની દોર પર મર્કટ નાચે એમ નાચી રહ્યો હતો. **प्रभाते किंम भविष्यति** ! એ સ્વપ્ન જોતો હું છેવટે સૂતો.

બીજા દિવસનું મંગળ પ્રભાત થયું. મ્હને તો આજનો દિવસ સારી રીતે પસાર થાય એની આખી રાતભરજ ચટપટી થયેલ હોવાથી ઉંઘ આવીજ ન્હોતી. હું વ્હેલો ઉઠયો. દાતણપાણી કરી ઝટપટ ઠંડે પાણીએ સ્નાન કરી નાંખ્યું. ત્યાં તો ઘડિઆળમાં આઠના ટકોરા થયા. એટલે **તમારા ભાભી** ધીરે હહીને આળસ મરડી બગાસાં ખાતાં ખાતાં ઉઠયાં. મ્હને ચીડ તો એવી ચઢી, કે ન પૂછો વાત, પણ પાછો ચૂપ થઇ ગયો. બરાબર સાડાઆઠે દાતણનો કુચડો દાંતમાં દબાવીને શ્રીમતી બારીએ જઇ બેઠાં. નવ વાગે ગામગપાટા હાંકતાં એમનું દાતણ પૂરૂં થયું. હું તો દેવ–સેવા કરવા બેઠો હતો, તે દરમ્યાન **તમારા ભાભી**એ ખાસ્સો દોઢ શેરનો એક ચાહનો કપ સ્ટવ ઉપર બનાવી પ્હેલાં ચઢાવી લીધો, પછી એની ઉપરજ પાણી ગરમ કરી શરીર પલાળી લીધું.

" હવે તમે દેવસેવા કરી રહ્યા હો, તો પ્હેલાં બજારમાં જઇ કાલે કહ્યું હતું તે વાયલ પેલી હમણાંજ નવી નીકળેલી ઇંગ્લીશ શોપમાંથી, અને સાથે સાથે શાકભાજી ને મરીમસાલો બજારમાંથી લેતા આવો. એ ગીતા રહેવા દયો, પછી આવીને વાંચજો."

ગીતાને પડતી મૂકી હું તાબડતોબ ઉઠયો. બજારમાં જઇ એમના ઓર્ડર મુજબનો સોદો બંધાવી લાવ્યો. લાવતાંની સાથેજ બંડલ છોડી નવા વાયલને શરીરે શોભાવતાં એ બોલીઃ

" બોલો હવે, આજ શું બનાવવું છે ?"

" પૂરણપોળી આવડશેને ?"

" એમાં વળી આવડવાનું શું હતું ? શું તમે એમ ધારો છો, કે અમે રાંધતાં નથી, એટલે સાવ ભોટ હોઇશું ? કરીએ નહિ તેથી શું ? જાણીએ તો બધુંય. પરણ્યા ન હોય, તેથી શું જાનેય નહિ ગયાં હોઇએ !"

" ના...ના...કોણે કહ્યું. મોટી મહેરબાની."

પૂરણપોળી કરવાનો ઠરાવ પસાર થયો. એમણે એમની આખી જીંદગીમાં આજ પ્હેલવ્હેલાં ચુલામાં લાકડા નાખી અધરણ મૂકયું. હું સ્હામે બેસી ગીતા વાંચવા લાગ્યો. એમણે અદ્ધર દાળ–ચોખા કાઢી વીણવા માંડયા. ઢોળ–ફોડ અને ધમપછાડ કરતાં આખરે દાળ-ભાત તો એમને મુબારક હાથે તૈયાર થયાં. (સ્વાદે ! પ્રભુ જાણે.) શાક પણ જેવું આવડે તેવું અધકચરૂં બાફી કાઢયું. અને પછી દાઝતાં જાય, અને બબડતાં જાય, એવી રીતે એમણે પૂરણપોળી માટે પા તૈયાર કર્યો.

બાપજીંદગીએ રોટલી શું, ભાખરી શું, પૂરી શું, પણ જેણે રોટલોય ન ટીપ્યો હોય, તેને પૂરણપોળી વણતાં તો પછી આવડેજ

ક્યાંથી ? તેમ છતાં પોતાની હુંશિયારીમાંથી હાથ કાઢે નહિ એવા **તમારા ભાભી**એ મ્હને મુગ્ધ કરવાને માટે આજે આખળીઓ અને વેલણુ હાથમાં લીધાં. પણ શું વણે ? મ્હારૂં કપાળ ! આખરે સત્તરસો પ્રયત્નો કર્યા છતાં અને છપ્પનસો નવી નવી જાતની વાંકી ચુંકી પેટંટ ડીઝાઈનો કાઢીને ભાંગ્યા છતાંય એમનો પત્તો જ્યારે નજ લાગ્યો ત્યારે એ ખીજવાઇ ગયાં. તેમાં અધુરામાં પૂરા ચૂલાના ધુમાડાએ જબરી કરી ! એ ફૂંકે ફૂંકે ને આંખો પૂરાય. એમની આંખમાં આંસુ આવ્યાં, અને એ વખતે મ્હારાથી હાસ્ય વિના ન રહેવાયું.

" આહાહાહા ! કેમ તમે તો પાકશાસ્ત્રમાં પ્રવીણ પંડિત હોવાનો દાવો ધરાવતા હતાને ? આમ કેમ ? "

બસ...થઇ ચૂક્યું. તેલના વઘારામાંથી રાઇ તતડી બ્હારે પડી, અને ભડકો થયો. " તમે શું કહ્યું ? શું બોલ્યા ? એક તો રંધાવું ને ઉપરથી પાછી મશ્કરી ! હું તો કંઇ નથી રાંધતી. લ્યો, રાંધીને ખાવું હોય તો ખાજો, ને ખવડાવજો નહિ તો ગોદડું ઓઢીને ઉંઘી જજો. મ્હેં તો બાપજન્મે કોઈ દિવસ કીધું નથી, કરવાની ટેવ નથી, ને આપણાથી તો નહિ બને, બા ! "

" પણ હવે...હમણા..." હું અડધી વાંચેલી ગીતા પડતી મૂકી ઉભો થયો.

અને મ્હારી રીસાયલી રાધીકાને હું પાછો સમજાવી-પટાવી મનાવી લઉં, ત્યાં તો એના જેવીજ એક અપ-ટુ-ડેટ સખીની સવારી અમારે ત્યાં આવી પહોંચી.

" કોણ મેનાબ્હેન ? મ્હારા મીસીસે સ્હામે જઇ એમનું સ્વાગત કર્યું.

"હા, મધુરીબ્હેન ! ચાલો. આજ આવવું છેને ?

"ક્યાં ?"

"કેમ ! ખબર નથી ? આજે સાંજે આપણા મહિલા મંડળમાં ચર્ચાનાર સ્ત્રી-પુરૂષના સમાન હક્કના વિષય ઉપર પ્રમુખની પસંદગી કરવાને અત્યારે આપણા સભ્યોની ખાસ જરૂર છે."

"પણ આજ તો મ્હારે ત્યાં એમના એક મિત્ર જમવા પધારનાર છે, એટલે......"

"હોય ! હવે એમાં શું ? બળ્યું, બ્હેન ! બૈરાના નસીબમાં તો બારે દહાડાનોજ ચૂલો. ઘડીની નવરાશ નહિ. રોજ ઉઠીને કંઇ ને કંઇ નવું લફરૂં તો હોય ! હોય ! ને હોયજ. આવશે તો ઘડીવાર બેસશે. એમાં શું થઇ ગયું ? આજ તો રવિવાર છે, રજાનો દિવસ છે, એવડી શી ઉતાવળ છે ? લ્યો...ચાલો, આજ તો તમારે આવ્યા વિના ચાલે એમજ નથી. ને...તેમ છતાં આપણને ત્યાં ક્યાં બહુ વાર લાગવાની હતી ? હમણાં ઘડીક વારમાં-ઉભે પગલે પાછાં ફરીશું. હજુ મ્હારેય ઘરમાં કામ પડેલું છેને ! તમારે એકલાંને ત્યાં થોડું નવાઇનું બાકી છે ?"

"એમ છે ? ચાલ ત્યારે, વ્હેલાં વ્હેલાં જઇ આવીએ."

લુગડાં તો પહેરેલાંજ હતાં, એટલે એમણે એ ઠીક કરી ઝટપટ બુટ ચઢાવવા માંડયા. અને મ્હારી રજા કે પરવાનગી લેવાની તો એમને જરૂરજ ન્હોતી. તેમ છતાં મ્હારાથી ન રહેવાયું. હું બળતે જીગરે ધસ્યો: "ક્યાં ચલાવ્યું ?"

"કંઇ નહિ, એ તો હમણાં બે સેકન્ડમાં પાછી આવું છું."

"પણ પેલા પરોણાઓ આવી પ્હોંચશે તેનું કેમ ?"

" મ્હારા આવ્યા પછી બધું થઇ રહેશે."

આગળપાછળનો વિચાર કર્યા વિના એ તો એમને એમ ચાલી ગઇ. મ્હારી ગીતા ગીતાને ઠેકાણે રહી ગઇ. અને સ્નેહીઓ આવી પહોંચતાં આબરૂ જવાની બ્હીકે મ્હેં ગુપચૂપ રસોડાનો પાટલો શોભાવ્યો. શું કરૂં ? મ્હેં મ્હારે હાથેજ આજ રસોઇયા અને નોકર–ચાકરને રજા આપી હતી. નહિ તો આ દશા–આ સ્થિતિ ન આવત ! ખરેખર વનિતાના તે વળી વિશ્વાસ શા ! પણ હવે એ રાંડયા પછીનું ડહાપણ શા અર્થનું ? અહાહા ! આજનો શો અજબ અનૂભવ ! બહૂજ થોડાંને ગણ્યાંગાંઠયાંનેજ નસીબ હોય છે !

બિરાદરો ! તમને હું શું કહું ? **તમારા ભાભીનો** અવતાર **તમારા ભાઇએ** ભોગવ્યો. ધોતીયું પહેરનાર લુગડું પ્હેરનારી થઇ મ્હેં પાકશાસ્ત્રની તાલીમ લેવા માંડી. આશરે અર્ધો કલાકના ભોગે પાશેર પાશેય પરસેવો ઉતાર્યા પછી મ્હેં આખા–અડધાં, કાચા–પાકાં બળેલાં–ઝળેલાં બધુ મળી આશરે ડઝનેક પૂરણપોળીના નંગ થાળીમાં ખડક્યાં. ત્યાં તો દાદર ખખડયો. કોઇ બૂટવાળા પગનો ઉપર ચઢવાનો ખડખડાટ મ્હારે કાને પડયો. હા...સ, આખરે એ જલ્દી પાછી આવી પ્હોંચી ખરી." મ્હારા જીવમાં કંઇક જીવ આવ્યો.

પણ જ્યાં એ વ્યકિત ઠેઠ ઉપર ચઢી મ્હારી સ્હામે આવી ઉભી રહી, ત્યાં તો મ્હારા ડોળા ફાટી ગયા. વેલણુ હાથમાંથી સરી હેઠે પડયું. હું એની સ્હામેજ જોઇ રહ્યો. " આવો આવો, કેમ કંઇ એકલાંજ પધાર્યાં ?" કહેતાં હાથ ધોઇ નાખી મ્હેં આવનાર મ્હારા આચાર્યનું સ્વાગત કર્યું.

"મદનલાલ મોહનલાલને તેડવા ગયા છે. પણ અલ્યા મધુ-સૂદન! આ શું? આજ કંઇ ત્હારે જાતે તસ્દી લેવી પડી? ભાભી-સાહેબે ચાર દિવસની વેકેશન લીધી લાગે છે?"

"ના...ના...એવું કંઇજ નથી." હું તૂટતી જીભે અને ચૂરેચૂરા થઇ જતા હૃદયે બોલ્યો.

"ત્યારે શું થયું છે? પિએર સિધાવ્યાં છે? કે તબિયત સારી નથી?"

"એમાંનું કશું નથી, સાહેબ!"

"તો પછી?"

"તમે મ્હારી સાથે ચાલો."

મ્હેં ટોપી–લુગડાં પ્હેરી લીધાં. હેડમાસ્તર તો મ્હારા આજના આવા અજબ વર્તન તરફ જોઈજ રહ્યાં. હું એમને ઘસડી ગયો. અમે **મહિલા–મંડળને** દરવાજે આવી ઉભા. અંદરના હોલમાં ખુરસીઓ ઉપર કેટલીક સુધરેલી સ્ત્રીઓ બેઠી હતી, એમાં એ સહુની વચ્ચે પ્ર-મુખપદે અમારાં અર્ધાંગના વિરાજ્યાં હતાં. મ્હેં એમને બતાવતાં મ્હારા આચાર્યને કહ્યું: "સાહેબ! પેલાં રહ્યાં સ્ત્રી–સ્વાતંત્ર્યના વિષય ચર્ચતાં મ્હારાં પતિવ્રતા પત્ની! જોયાં?"

અને મ્હારી આંખમાં આ વેળા આંસુ હતાં. સાહેબ તો મ્હારી સ્હામેજ જોઇ રહ્યા: "આ...ત્હારી...સ્ત્રી!"

"જી...હા...એજ."

"જેની વિદ્વતાના મ્હોટા મ્હોટા બણગાઓ અને લેખો મ્હેં છાપામાં વાંચ્યા હતા, તેજ આ ત્હારી ભણેલી ગણેલી સ્ત્રી!"

"જી...હા...સાહેબ! એ એજ મૂર્તિ!"

"અફસોસ !"

"અને સાહેબ ! હવે તમે મ્હારૂં આટલું એક કામ કરજો. એ જેવી અહીંથી બ્હાર નીકળે, તેવોજ આ ન્હાનકડો પત્ર એના હાથમાં મૂકી દેજો. બસ...સાહેબજી !"

× × × × ×

અને એ વાતને આજે વર્ષો વીત્યાં છે. તમારા ભાભીએ મ્હારા ગૃહત્યાગને બીજેજ દિવસે એક શ્રીમત ભાટીઆ સાથે સીવીલ-મેરેજ (સ્નેહલગ્ન ! સુધરેલ લગ્ન ! પુનર્લગ્ન.) કીધાં, એ વાત મ્હેં અખબારમાં વાંચી. "હવે કયું ઉજળું મોઢું લઈ હું દુનિયામાં જાઉં !" સંસાર અને સ્ત્રી ઉપર મ્હને ધિક્કાર છૂટયો. મ્હારૂં ચિત્ત હવે ત્યાગ અને વૈરાગ્યને પંથે વળ્યું. તેજ દિવસથી મ્હેં ભગવાં પ્હેરી ભભૂતિ ચોળી, ખાંધે ઝોળી ભેરવી સંન્યાસીની દિક્ષા લીધી.

આજ હું દંડધારી સંન્યાસીના વેશમાં ભારતમાં, મ્હારા પવિત્ર ભારતના ગામડે ગામડામાં, શહેરે શહેરમાં અને ખુણેખુણે ભટકું છું, સ્થળે સ્થળે આદર્શ કન્યા કેળવણીનો વિષય ચર્ચું છું. અને કન્યાઓને માટે શિક્ષણમંદિરો, અને વિદ્યામંદિરો, સ્થાપવા મહેનત કરી રહ્યો છું.

પ્રભો ભારતવર્ષની એકેએક કુમળી કન્યાઓના હૃદયમાં પ્રાચીન પતિભક્તિની એ અનસૂયા અને અરૂંધતી જેવી પવિત્ર નિર્મળ અને આદર્શ ભાવના ભરો ! એજ એક માત્ર અભ્યર્થના. હવે તો કન્યા કેળવણી એજ માત્ર મ્હારા જીવનનું એક ધ્યેય છે ! શ્રેય છે !

* અને ગમે તેવી આશા ક્યાં અમર નથી ? *

પુષ્પ:— ચંપાભાભીના ચીર —:છઠ્ઠું

કોલેજમાં હમણાં મે-વેકેશનની એટલે તાપની રજા પડી હતી. કુદરતની કરામત જોવાનો મ્હને ભારે શોખ હતો, એટલે એ રજાના દિવસોમાં ગ્રામ્યજીવનનો લ્હાવો લુંટવા હું મ્હારા એક સહાધ્યાયી સ્નેહી સાથે એને ન્હાનકડે ગામડે ગયો. મ્હારા મિત્રના ઘરમાં આ મ્હરાં પ્હેલાવ્હેલાંજ નહિ, પણ આ સાથે ત્રીજી વારના કુમ્ કુમ્-પગલ હતાં. એક તો મ્હારા ઉરમાં આનન્દના પૂર ઊછળતાં હતાં, તેમા વળી સગાસહોદર સહુ કોઇથીય વિશેષ એવાં અમારા સ્નેહીના ડાબા અંગ યાને મ્હારા ચંપાભાભી પણ આ વેળા સાસરેજ આવેલાં હતાં, એટલે મ્હારે માટે તો સરિતા અને સાગરના સંગમ! સોના અને સુગંધના સંમિશ્રણ! જેવું હતું.

ઉમરમાં એ અમર યુગલ લગભગ મ્હારી બરોબરીનુંજ હતું. ભાભી જરા નહિ જેવા ન્હાના રહ્યાં અને સ્વભાવે પાછાં મ્હારાથીય ચાર ચંદા ચઢે એવાં બટકબોલાં, મસ્તીખોર અને હસમુખા એટલે મ્હનેતો બસ ખૂબજ ગમ્મત પડી. આખો દિવસ અમે પૂર છૂટથી મજાક–મશ્કરી કરવામાંજ પૂરો કરતાં, એકમેકને બનાવવાનોજ લાગ શોધતાં.

સ્હવારમાં વ્હેલાં ઉઠી ભાભી સાહેબે તો નાહી નાખ્યું, પણ બધાની આંખો તો બરાબર આઠેજ ઉઘડી, અને આંખો ચોળતો હજુ તો હું પથારીમાંથી હમણાંજ ઉઠી દાતણની ચીરી મ્હોમાં નાખી પડશાળને હીંચકે હીંચી રહ્યો હતો, ત્યાં તો રમ...ઝમ રમ...ઝમ કરતાં મ્હારા ભગત ભાભીશ્રી દેવદર્શને જવા નિકળ્યાં.

“ જરા હીંચકો રાખો તો ! ” રૂપાની ઘંટડી વાગે ને રણકો કાનમાં રહી જાય, એમ એ બોલ્યાં.

અને આ કંઇ અમારે પ્હેલો પ્રસંગ ન્હોતો. મ્હેં હીંચકો થોભાવ્યો. પૂંઠ ફેરવી પાછળ જોયું ! તો ખરેખર ! ગુજરાતી આર્ય ગૌરીના લજ્જાશિલ અને લાલિત્યભર્યાં સાદા છતાં સ્વચ્છ અને સુંદર લાગતાં સફેદ વસ્ત્રમાં સજ્જ થયેલ ચંપાભાભી ઉભા હતાં.

“ ઓહો ! તમે છોકે ભાભી ? મ્હેં તો ઓળખ્યાંયે નહિ ! ” મ્હેં હાથે રહીને અજાણ્યા હોવાનો ડોળ કર્યો.

“ શાના ઓળખો ? આંખમાં હજુ ઉંઘ હશે ! ”

“ હાં...જરા એવુંજ છે. પણ તમે ! અત્યારમાં આમ કણી કણીને ક્યાં ચલાવ્યું ? ”

" જરા દર્શને જવું છે."

" ત્યારે તો ભગત લાગો છો !" મ્હેં મીઠો ટહુકો કર્યો.

" હૂં...મ્હરા ભાભી જાય છે કે નહિ !"

એમણે મ્હારી વહુની વાત કાઢી. અને વહુની વાત નીકળતાં કયો વર અને વરની વાત નિકળતાં કઈ વહુ ન શરમાય ? પરન્તુ મ્હને તો વહુજ ન્હોતી. અખંડ અણીશુદ્ધ બાળબ્રહ્મચારી હતો. એટલે પછી પૂછવુંજ શું ? હું હસતો હસતો અને શરમાતો શરમાતો બોલ્યોઃ " તમારા સમ. કોઈ દિવસતો કહો !"

" તે...તમારી રજા નહિ હોય, એટલે પછી બીચારાં શું કરે ?"

મ્હેં પણ વગર પરણ્યે પતિદેવતા થવાનો લાખેણો લ્હાવો લુટતાં જારીજ રાખ્યુંઃ " રજા ! અરેરે ! વળી રજા કેવી ! તમે એ શું બોલ્યાં ? આજકાલના વીસમીસદીના ભણેલ-ગણેલ અને સુધરેલ બૈરાં, સ્રી-સ્વાતંત્ર્યના લેખો લખતાં અને ભાષણો કરતાં બૈરાં ! એમને વળી તીન દમણીના ધણીની તે રજા કેવી લેવાની હોય ? ઉલટાં પતિદેવતાઓ બાપડાં પગલે પગલે પત્ની દેવીઓની સલાહ અને સંમતિ લે છે, પૂછી પૂછીને પાણી પીએ છે. કેમ ખરૂંને ?"

" તે તો બા ! તમારા ગામનો અને તમારા ઘરનો રિવાજ તમે જાણો. બાકી, અમારા ગામમાં અને ઘરમાં તો એવું કંઇ નથી."

" ખોટું લાગે તો માફ કરજો, ભાભી ! તમે ગામડાના ગોરી રહ્યાં, એટલે એ બધું ન જાણો. બાકી શહેરની સુંદરીઓની તો વાતજ ન કરવી. સમજ્યા ?"

"એટલે !"

"એટલે શહેર તે શહેર, અને ગમે એવુંય ગામડું તે ગામડું. અમારા શહેરના પરાંઓની તોલે તમારા ગામડાની ગંદી ગલીકુંચીઓ, અને અમારા શહેરની ઉઘાડે માથે ફરનારી એજ્યુકેટેડ અલબેલીઓની તોલે તમારી ગામડાની અભણ, સાદી અને ગામડી ઘુંઘટવાળીઓ તે ક્યાંથી આવે ? ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ! સમજ્યા ! મ્હારાં સલુણાં ભાભી સરકાર !"

"ઓછી ન આવે તો ! ભલે અમે ગામડાના બબૂચક અમારે ઘેર રહ્યાં ! તમારી રીતભાત અને રહેણીકરણી બા ! તમનેજ મુબારક ! અમને એ આવડેય નહિ. અને અમારે એ જોઇએય નહિ. અમારૂં છે એજ અમને મુંબારક રહે તો બસ, ભયોભયો !"

"કાં એમ બોલો છો, ભાભી !"

"ત્યારે શું ભાઈ! તમારા શહેરના વિલાસી, ખર્ચાળ અને પાતકી જીવન કરતાં અમારા આ ન્હાનાશા ગામડાના સાદા, સંતોષી, સુખી અને નિર્દોષ ગ્રામ્ય-જીવન તમને નથી ગમતાં ? નથી વધારે વ્હાલાં લાગતાં ? આપણા પ્રાચીન પ્રભુપ્રિય એવા સંતજનોએ અહીંજ પોતાના પંચવટી જેવાં પવિત્ર આશ્રમો બાંધી જેના મુક્ત કંઠે વખાણ કર્યાં છે, ગીત ગાયાં છે, એ આ એકાન્ત પૂણ્ય-પ્રદેશો તમારા નેજીને બદલે નર્યાં નર્કાલયોથી ભરેલ નગરોથી ક્યાં ઉતરે એમ છે, નાગરિક-જીવન સાથે ગ્રામ્ય-જીવનની સરખામણી તો ભાઇ ! કોઇ કાળેય-ભૂલ-થીય કૃપા કરી ન કરશો."

"કેમ એમ ?"

"તો શું? એ તો પેલી કહેવત છે ને, કે જેનું ખાય એના ગુણ ગાય. 'અન્ન એવા ઓડકાર' એ પ્રમાણે તમે તમારા શહેરની સભ્યતા પાસે અમારા ન્હાના શા ગામડાને ઉતારી પાડો, એમાં નવાઇએ શી?"

"નહિ તો નહિ તો?"

"નહિ તો અમારા ગ્રામ્યજીવનમાં તમે શહેરી–જીવનથી એવી તે શી ન્યૂનતા જોઇ, એ તો મ્હને બતાવો."

"જુઓ ત્યારે, તમારા ગામડાંના જીવનમાં ન મળે કોઇ વિદ્યાપ્રેમી, કવિ, લેખક, કે રસના પિપાસુ એવા રસિયાંઓ! બસ કેવળ ઘર, સંસાર, અને બહુ થાય તો ખેતર! એથી આગળ વધીને કંઇજ નહિ. એટલામાંજ તમારાં ગ્રામ્ય–જીવનના જીવન–મરણના સરવાળાનો જવાબ આવી જાય છે. જ્યાં જુઓ ત્યાં નરી નિરસતાનાજ દર્શન! મ્હેં તો એકેય (તમારા સિવાય!) રસિક જીવન ક્યાંય ભાળ્યું નથી."

"તમે શાના ભાળો? તમે તો કાલ ઉઠીને કહેશો, કે તમારા ભાઇ અને આ ચંપાભાભીય ગામડાના છે, એટલે બસ અમેય અરસિકની ગણત્રીમાં આવી ગયાં. એમજને?"

"ના, ના, હું કાંઇ તમારી વાત નથી કરતો." આપણે બહાદુરીથી હવે બબ્બે બબ્બે કદમ પાછળ હઠવા માંડયું.

"ત્યારે પછી? ગામડામાં શું નથી? ચંદુભાઇ! તમે આટઆટલું ભણ્યા પણ ગણ્યા લાગતા નથી. એક સાધારણ ગામડાની છોકરી જેટલીય તમારામાં અક્કલ નથી. હા!

"હેં? શું એટલું બધું?"

"તો શું? અરે ગ્રામ્ય-જીવન જેટલી રસિકતા તો તમારા શહેરમાં તો શું પણ પૃથ્વીના પડ પર તો બીજે ક્યાંય (લંડન-પેરીસ જેવા હીરા-મોતીએ મઢેલા નગરમાં તો) બતાવો! ગામડાની નદીઓ, ગામડાના લીલા હરિયાળાં ખેતરો! ગામડાના તળાવો! ગામડાના વાવ-કૂવાઓ, ગામડાની ગોરી ને પનઘટના પાણીડાં, સોનલ ઉઢેણી અને રૂપલ બેડલુ! એવી એવી રસિકતાઓના જ્યાં બારે માસ ભર્યાભંડાર છે એમાં તમને રસિકતા શોધી નથી જડતી? અજબ! ભાઇ! નવરાત્રીના રાસડાં, ગરબીઓ, અને પનઘટ કે કોશના દ્રશ્યો તમે જોયાં છે? અરે વાંચ્યાં છે? કોકને મોઢેય સાંભળ્યા છે? જેમાંથી કવિ, લેખક અને ચિત્રકાર ત્રણેને પ્રેરણા મળે, એ અમારૂં ગામડું! સાહિત્ય, સંગીત અને કલા ત્રણેનો જ્યાં સ્નેહભર્યો સંગમ! જ્યાં ધર્મ છે, પ્રેમ છે, સ્નેહ છે, સંપ છે, સત્ય છે, પવિત્રતા છે, એ જાદુભર્યાં, કામણભર્યાં રાધા-કહ્નૈયાના ગોકુલ-મથુરા શા એવા અમારાં ગામડાં! કયો સમર્થ કવિવર એના ગુણાનુગાન ગાવા કાવ્ય લખી શકે! કયો સર્વશ્રેષ્ઠ લેખક એની ઉપર આખી જીંદગીભરમાં એકજ છતાં પૂર્ણ લેખ લખી શકે! કયો પ્રતિભાશાળી ચિત્રકાર એની કળાના કળશને-રસના ધોધને પીંછીથી સજીવ ઉતારી શકે? કુદરતની એ કલા-પ્રસાદીના ગુણ ગાવ ગાવ તોય એવાંને એવાંજ અધુરાં! સમજ્યા, સાંભળ્યું? કે હજુય એના રસ ગાન આગળ સંભળાવું?"

"બસ-બસ. ભાભી? તમે તો ભલભલાં પંડિતોનેય બાજુએ મૂકો એવાં જબ્બર ટીકાકાર અને ભાષણકર્તા છોને? આપણે તો ભાઇ! તમારૂં આ પરાક્રમ આજેજ જાણ્યું. હાં! એવું જાણુત, તો હું

તમારી સાથે મેદાનમાંજ ન પડત. મ્હારી ભૂલ થઇ ભાઈસાહેબ ! હો ! માફ કરજો." ભાભી સાથે વાદવિવાદમાં મ્હારૂં ટટ્ટુ ન ચાલતાં હું ટ્રેજીકમાંથી એકદમ કોમીકના સીનમાં ઉતરી પડયો.

"ચાલો, ખસો ખસો, હવે જવા દ્યો. મ્હને તો મોડું થાય છે."

"જવાબ આપશો તોજ જવા દઈશ. બોલો ! આ બધું બોલતાં તમને કોણે શિખવ્યું ? મ્હારા ભાઇએ તો નથી ભણાવ્યુંને ?"

"તે તમારા ભાઇ આવે ત્યારે પૂછી જોજોને ! મ્હને શું પૂછો છો ?"

"હા...અને તમે બ્હાર જાવ છો તે મ્હારા ભાઇની રજા લીધી છે કે ?" મ્હેં હીંચકો ઉંચો અટકાવી એમનો માર્ગ રોક્યોઃ "જવાબ દ્યો, તોજ જવા દઉં."

"એમાં વળી રજા શાની ? તમે લોકો અમને પૂછીને બધે જતાં હશો કેમ ?"

"છતાં તમારે હવેથી એમની રજા લેવી."

"બહુ સારૂ. તમારાં ઘરવાળાં કેવાંક છે, તે તો એક દિવસ બતાવો. પછી વાત."

"પિયેર ગયાં છે." મ્હેં મલકાતે મોઢે તોપ મારી.

"ત્યારે તો સાસરે જમવા જતા હશો ?"

"એ વાત જ જવા દયોને, ભાભી ! હું તો હજુ પરણ્યોય નથી, અને રાંડયોય નથી. બાળકુંવારો બાળબ્રહ્મચારી છું. સમજ્યા ! હા...હા...હા." હું ખડખડ હસી પડયો.

"વાહરે ! તમેય કોઇ અજબ મૂર્તિ લાગો છોને !"

" વારુ, ભાભી ! દેવ જેવા મ્હારા ભાઈ ઘરમાં બેઠા છે, એમને દર્શને જવાને બદલે, વળી મંદિરના દેવને દર્શને જવાની શી જરૂર ? ઘેર બેઠાં ગંગા છે, એમાંજ સ્નાન કરોને ! એમનેજ પૂજોને ! એ રીઝશે તો તમારાં બધાંય કોડ પૂરાં કરશે. કેમ ખરૂંને ? "

ભાભી જરા હસ્યાં. " બહુ સારૂ, હવેથી એમ કરીશું. હોં ! તમારી વહુ આવેને, એને એવી શિખામણ આપજો. સમજ્યા ? "

એટલામાં આરતીનો ઘંટારવ થયો. " ચાલો, ખસો, જવા દ્યો. આરતી આવી." કહેતાંજ બળ કરી હીંચકો હડસેલી એ મ્હારા હાથમાંથી છટકી ન્હાસી ગયાં. જ્યારે આ તમારા સેવક હીંચકાની ઉપર ઝૂલવાને બદલે, હીંચકો સેવકની ઉપર ઝૂલી રહ્યો હતો. અંતે મ્હારી હાર થઈ, અને એ જીત્યાં. ભલા ! એ તો સો ટચના સોના જેવી સાફ–ચોકખી વાત છે, કેઃ–" પુરૂષ પર જીત પ્રમદાની થતી આવી સદાની છે. "

*   *   *   *

થોડી વારે નદીએ ન્હાવા ગએલાં અમારાં સ્નેહીની પધરામણી થઈ. એ ભાઈ જરા શરીરે ભીમસેની જમાનાના હોવાથી હરહંમેશ ટાઢેજ પાણીએ ન્હાતા હતા, જ્યારે આ તમારા સેવકને ઠંડુ પાણી જોઈનેજ ટાઢ ચઢતી હતી. એટલે અમારાં બંનેનો મીઆં–મહાદેવનો મેળ મળેજ ક્યાંથી ? એ નદીએ તો બંદા બાથ–રૂમમાં ! (ન્હાવાની ન્હાની શી ચોકડી !)

ઘરમાં પગ મૂકતાંજ ભાઈએ આમતેમ અંદર નજર નાખતાં મ્હને પૂછ્યું: " કેમ અલ્યા ચંદુ ! ત્હારા ભાભીસાહેબ ક્યાં પધાર્યાં છે ? કાંઈ દેખાતાં નથીને ? "

મ્હારૂં મૂળ નામ તો હતું મી. ચંદ્રવદન ! પરન્તુ ઘરમાં અને બ્હાર સહુ કોઇ મ્હને ચંદુને લાડકે અને ટુંકેજ નામે બોલાવતું, અને ઓળખતું, અને મ્હને પણ એ ચંદ્રવદન કરતાં ચંદુનું ટચુકડુંજ નામ ગમતું. મ્હોટાભાઇની મુઝવણ હું પામી ગયો. એટલે ધીરેથી ભાઇને ખોટું ન લાગે, એમ ટકોર કરતો હસતે વદને હું બોલ્યો: " શું વહુઘેલી દુનિયા ! આજકાલના યુવાન છોકરાઓ ઘડીકવાર જો ઘરમાં વહુને ન જુએ, તો જાણે બીજા તુલસીદાસ (ગાંડાઘેલા) થઇ જાય. કાં ભાઇ ! તમેય એટલી વારમાંજ સુના પડી ગયા કે ? "

" મ્હારે શું ? અક્કલના ખાન ! ત્હનેજ જમવાનું મોડું થાય, એટલા માટે પૂછી રહ્યો છું. અરે હાં ! પણ તું ન્હાયો કે અલ્યા ?"

" પણ ન્હાયજ કયાંથી ? ભાઈ કે ભાભી બંનેમાંથી કોઇએ મ્હારો ભાવજ નથી પૂછયોને ! "

" તું કેટલોક પૂછે છે ? કે અમે પૂછીએ ! "

" વાહ ભાઇ ! તમે પણ હવે અમે બોલતાં શીખ્યાં ખરાં ! ફિકર નહિ. હમે હાથે પાણી કાઢી નાહી નાખીશું. થોડા કંઇ ન્હાયા વિના રહેવાના છીએ ? "

" નાહિ નાખોને તો બા ! એમાં કંઇ થોડો કોઇના ઉપર ઉપકાર કરવાના હતા ?

" ભલે ભાઇ ! ભલે. બાયડીવાળાનો ભાવ આજ બધાં પૂછે, અમારા જેવાં સીન્ગલ (વાંઢા) નો ભાવ કોણ પૂછે ? "

" હા...તે તમેય ભા ! ડબલ (બેવડાં) થઈ જાવને, એટલે તમનેય બેઠાં બેઠાં મ્હારા નવા ભાભી ઉપર હુકમ કરવાનો મળશે. પછી તો આમ ટપ્પ બોલ્યો, ને ચપ્પ હાજર. "

" ઠીક છે, તમને પૂછીશું. "

એટલું કહી હું ન્હાવાને માટે પાછલા વાડામાં દોડી ગયો.

*   *   *   *

ઠીક છે! બાપદાદાના વખતની ચાલતી આવેલી પ્રથા! એટલે છૂટકોજ નહિ થાય, એટલાજ ખાતર મ્હેં આમતેમ બેચાર લોટા પાણી શરીર ઉપર ઢોળી મૂળસ્નાન કરી નાંખ્યું.

" એ...ભાઈ! જરા દીલ લૂંછવાનો ટુવાલ હોય તો લાવજો." મ્હેં ન્હાવાની ઓરડીમાં બેઠાં બેઠાં ભીને દીલેજ ભાઇને બૂમ મારી.

મ્હારો પ્હાડી સૂર અંદર તો બરાબર પ્હોંચ્યો. ઘરથી દેવમંદિર ભાગ્યેજ પચાસ કદમ પૂરૂં દૂર। હશે, એટલે ભાભીશ્રી દર્શન કરી કયારનાંય પાછાં પધારી ચૂકયાં હતાં. અત્યારે રસોડામાં બેઠાં બેઠાં તેઓ રાંધતાં હતાં. ભાઇને કાને મ્હારી બૂમ પડી, એટલે એમણે બ્હારને હીંચકે બેઠાં બેઠાંજ હું આબાદ સાંભળું એમ એમના અર્ધાંગને હુકમ ફરમાવી દીધો. " જા...તો...જરા ચંદુભાઇને લૂછવાનો ટુવાલ અને ધોતીઉં આપી આવ તો. "

ભાઇનો ઓર્ડર થતાંજ ભાભી હાથ ધોઇ ઉઠયાં. એમના ઝાંઝર ઝમકયાં. દરમ્યાન મ્હારા ભાઇ મ્હારા ધારવા મુજબ આરસી—કાંસકી લઇ એમના નાટકીઆ જેવા લાંબા વાળના પટીઆં પાડવામાં ગૂંથાયા. બ્હાર ઠંડીમાં થરથરતો ભીને દીલે ને ભીને ધોતીએ હું ટુવાલની રાહ જોતો ઉભો હતો, ત્યાં તો ભાભીશ્રી ખાલી હાથે સ્હામા આવી ઉભા રહ્યાં. મ્હેં એમને ગરીબ ગાય જેવા શબ્દોમાં કહ્યું; " ભાભી! જરા અંદરથી દીલ લૂછવાને ટુવાલ ને ધોતીઉ ન આણી આપો? મ્હોટી મહેરબાની થશે! "

" લ્યો, વળી અમારાં ગામડીઆના ઘરમાં તે ટુવાલ કેવો ? એ તો તમારા શહેરમાંજ હોય ! અમારે ત્યાં શું હોય ? ધૂળ ને ઢેફાં !" ભાભીએ દાવ પર આબાદ સોકટી મારી.

" હવે મશ્કરી જવા દયોને ભાભીસાહેબ !" મ્હેં ઠંડીમાં દાંત કકડાવતાં જેમતેમ જવાબ વાળ્યો.

" તો શું તમે ખોટું માનો છો ?"

" ભાઇસાહેબ ! હવે આપતાં હો તો આપોને ! મ્હારે અત્યારે ખોટા–ખરાની પરીક્ષા નથી કરવી."

" પણ ક્યાંથી આપું ? તમારા ભાઇએ કોઇ દી વસાવ્યો હોય, ત્યારેને ? હા...બાકી કહો તો તમારા ભાઇનું આ ધોતીયું સ્હામા વાંસડા ઉપર સૂકાય છે, તે આપું. એ ચાલશે ?" કોઇ ન સાંભળે એમ એમણે મ્હને બનાવવા માંડયો.

પણ હુંય ક્યાં એમ તો એનાથી જાઉં એવો હતો. મ્હેં હાજરજવાબીની પેઠે રોકડુંજ પરખાવ્યું: " ત્યારે એની જોડે તમારૂં લુગડું સુકાય છે, એનાથીજ લૂંછી નાખુ તો કેમ ? ભાઇનું ધોતીઉં આપવાને તૈયાર થયાં છો, ત્યારે તમારાં ચીર તે એવા શું અમુલખ છે ? આપકી લાપસી ને પરાઈ કુસ્કી, કેમ ? એમજને ?"

" ઓહોહો ! એમાં શું ? તમારાથી કંઇ તે વધારે છે ? તમને એમ ઠીક લાગતું હોય, તો એમ. લ્યો, એનાથી લૂછી નાખો. બીજું કંઇ છે ?"

અને મ્હેં સ્વપ્ને પણ એમ ન્હોતું ધાર્યું, કે મ્હારા બોલેલા બોલ આમ મ્હારેજ ગળે પડશે. ભાભીએ વાડાના વાંસડા ઉપર સૂકાતું

એમનું લુગડું ખેંચી લાવી મ્હારા ભીના દીલ ઉપર ફેંક્યું. " લ્યો, લૂછી નાખજો, હવે બોલ્યા છો તે... નહી લૂછી નાખો તો તમને મ્હારા સોગન છે. "

જવાબની દરકાર રાખ્યા વિના એ તો ચાલ્યાં ગયાં. ભાભીના સોગન ! મ્હને તો ભારે પડયા. બોલ્યું વચન પાળવાનો રાજા હરિશ્ચંદ્ર જેવો અખતરો અને શિઆળાની ટાઢ ! બંનેએ મ્હને મુંઝાવ્યો. આખરે મ્હેં આજુબાજુ ઉડતી નજર નાખી જોઇ લીધું. " કોઈ જોતું તો નથીને ? " અને પછી આંખ મીચી મ્હેં પણ મ્હારાં એ પ્રેમાળ **ચંપાભાભીના ચીરથી** દીલ લૂછી નાખ્યું. અરે પણ પછી ! પ્હેરવાને—બદલવાને ધોતીયું કયાં હતું ?

હું ફરીવાર મૂઝાયો. વાંસડા ઉપર નજર નાખી, તો ભાઇનું ધોતીયું પણ ગેપ ! નકકી એ પરાક્રમ પણ એમનુંજ ! સમય વિચારી અંતે હું એજ ટુવાલ (ચીર) અંગે વીંટાળી બિલાડીને પગલે ગુપચુપ બ્હાર જવા મંડયો. પણ રસ્તોજ રસોડામાં થઇને જતો હતો. એટલે મ્હારી ગમે તેટલીય સાવચેતી અને અગમચેતી છતાંય હું ભાભીની ચકોર આંખોથી છટકવામાં ન ફાવ્યો.

આજકાલના ફુંક મારે તો ઉડી જાય એવાં નાજુક બૈરાંઓ સફેદ કલકત્તાના લુગડાં પહેરે છે, તે તો તમે જાણો છોને ? મ્હારા ચંપાભાભી તો જોકે ગામડાના હતાં, છતાં મ્હારા ભાઇ જરા ભણેલા ગણેલા અને શહેરના સુધરેલ વાતાવરણમાં ઉછરેલ હોવાથી એમણે ભાભીને માટે કલકત્તાના બારીક સફેદ લુગડાંજ પહેરવાની ખાસ ફરમાશ કરી હતી. હું ઉતાવળમાં ને ઉતાવળમાં ધોતીઆને બદલે એમનું ઝીણી કાળી કોરનું સફેદ લુગડુજ લઇને વાડામાં દોડયો. ત્યાં તો

ભાઇ રસોડામાં આવી ભાભીને પૂછવા લાગ્યા: " કેમ ! ચંદુભાઇ શું કરે છે ? એમને ટુવાલ આપ્યો ? "

" જુઓને, વાડામાં ધોતીયું બદલતા હશે. "

પૂરી કમબખ્તી ! ખરેખર હું મ્હારાં મશ્કરાં ચંપાભાભીના ચીર શરીરે શોભાવી રહ્યો હતો, ત્યાં તો ભાઇ ધસી આવ્યા. એમની પાછળ ડાહ્યાં ડમરાં મંદ મંદ હસતાં ભાભી પણ આવ્યાં. મ્હારી નૌતમ દશા ઉર્ફે ન્યુ પેટંટ તેમણે જોઇ. પછી શું થયું ? તે તમેજ સમજી લ્યો. તમારા સમ, મ્હને તો કહેતાં ને લખતાં પણ શરમ આવે છે. હસીને હસીને ભાઇ ભાભીએ તો હદ વાળી. બનાવવામાં પણ બાકી ન રાખ્યો. હું તો ખિસીયાણોજ પડી ગયો. અને કેમ જાણે હજુ આટલું તો મ્હારે માટે ઓછું હોય, તેમ ભાભીસાહેબ મલકાતે મુખડે ભાઇસાહેબ પાસે મ્હારી બહાદુરીનું ઇનામ અપવવા બોલ્યા:

" વાહરે ચંદુભાઇ ! આ તે કંઇ ઠીક કહેવાય કે ? આ શું ? ખોળી ખોળીને મારૂં નવુંજ લુગડું શોધી કાઢયું ? તમારા ભાઇનું એકાદ ધોતીયું હોત તોય ઠીક ! તમારી આવી મશ્કરી તો અમને નહિ પાલવે બા ! હા...... "

" હવે હોય એ તો...... " ભાઇ વળી ભાભી તરફથી બોલ્યા.

આ તો ચોર ઉલટો કોટવાળને દંડે ! હોય બાપા હોય ! એમનો હસવાનો અને મ્હારો લાજી મરવાનો વખત હતો. નીચી મુડીએ એ બધુંય હું સાંભળી રહ્યો હતો, ત્યાં તો ભાભીસાહેબના ગયા પછી પાછા ભાઇ મ્હને બોલવા લાગ્યા:

" અલ્યા ચંદુ ! આ શા તોફાન ! તું કાંઇ હવે છેકજ ન્હાનો છે શું ? ત્હારી ભાભીના ચીર તે ત્હારે મને કાંઇ ટુવાલ—ખુવાલ ધાર્યાં શું વારૂં ?

" પણ ભાઇ ! મ્હારી ભાભીના એ પરાક્રમ તમે ન સમજો. બસો......એ તો જે જાણતા હોય, તેજ એમના ગુણ જાણે."

એટલું કહી મ્હેં તો દોટ મૂકી. ભાઇ તો તાબુતના થાંભલાની માફક મ્હારી તરફજ જોતા રહ્યા !

* * * *

રાત્રી પડી, આજ મ્હારૂં ભેજુ ઠેકાણે ન્હોતું, એટલે મ્હેં ખાધું, કે તરતજ હીંચકા ઉપર લંબાવી દીધું. મ્હને પ્રસ્તાવનામાંજ કરી લેવા દયો, કે હું જરા બીનહરીફ અને અજોડ ઉંઘણસી હતો, એટલે ઘસઘસાટ ઘોરવા મંડયો. ભાઇએ આવી મ્હને કયારે ઉઠાડયો, અને કયાં સુવાડાવ્યો ? તેની કાંઇજ ખબર મ્હને ન્હોતી. હા...... પરન્તુ ભાભીશ્રીના થોડાંક શબ્દો મને સાંભરે છે.

" કેમ કાંઇ ઓઢવાનું જોઇશે કે ચાલશે ? કહો તો આપી જાઉં"

" નાખી જાવ, નાખવું હોય તો ! " મ્હેં પથારીમાંથી લંબાવતાં અર્ધી ઉંઘમાંથીજ જવાબ દીધેલો.

અને પછી ભાભી કંઇક મ્હારા શરીર ઉપર નાખી ગયા,અને હું પણ માથે–મ્હોડે ઓઢીને સુઇ ગયો. મ્હને આખા ઘરમાં મોડામાં મોડા ઉઠવાની ખરાબ ટેવ હોવાથી સ્હવાર પડતાંજ ભાઈ મ્હને ઉઠાડવા આવ્યા. કોણ જાણે બુમ પાડયા પછી એમણે એવું તે શું જોયું ? કે ઘડીભર ટેબ્લો થઇ ગયાં ! હું તો તબિયતથી આળસ અને બગાસાં ખાતો ખાતો અફીણની માફક આંખો ચોળતો ઉઠયો. ત્યાં તો મ્હારી પથારી પાસે બેસી ખડખડાટ હસી રહેલા ભાઇને મ્હેં જોયા.

"એ વળી સ્હવારના પ્હોરમાં ઉઠતાંની સાથેજ શું છે ?"

જવાબમાં એમણે મ્હારૂં ઓઢવાનું ખેંચી મ્હને બતાવ્યું. હવેજ મ્હારી આંખો ઉઘડી. ભાઇ કાંઇ ફોકટના ન્હોતા હસતા. આ સાથે મ્હારી બીજી વાર હાર થઇ. રાતના ભાભી મ્હને જાણી જોઇને મશ્કરી ખાતર ઓઢવાનાને બદલે એમનું ગામઠી જાડું અને જુનું લુગડું અર્થાત્ ચીર આપી ગયાં હતાં. વાહ્! ભાભી વાહ્! પ્રમદા બુદ્ધિ પાનીએ, કે પુરૂષ–બુદ્ધિ પાનીએ?" મ્હેં મ્હારા અંતરાત્માનેજ સવાલ પૂછ્યો.

ભાઇના ગયા પછી હું ઉતરેલે મ્હોડે દાતણનું લાકડું મોઢામાં નાખી બ્હાર ઓટલે જઇને ગોઠવાયો. અંદર ભાઇ–ભાભી "ખી...ખી... ખી..." કરીને હસતાં હતાં. તે બધુંય હું બહાર બેઠો બેઠો સાંભળતો હતો. પણ શું ઉજળું મોઢું લઇને બોલું? "ઠીક છે, ભાભી સાહેબ! વખત આવવા દયો, તમનેય જોઈ લઇશ." કહી હાલ તો હું મનમાંજ બડબડી બેસી રહ્યો, અને જ્યાં લોટો હાથમાં લઇ મોઢું ધોવા જાઉં છું, ત્યાં તો હા...ક...થુ...પાણીમાં નર્યું મીઠું નાખેલું હતું. ફરી મ્હારી આંખ ભાભી ઉપર કતરાઇ. અને મ્હારૂં કટાણું મોઢું! એ સીન તો આબાદ જોવા જેવો હતો.

*　　*　　*　　*

શિઆળાની મોસમ હોવાથી બીજે દીવસે અમારે ભાઇના એક ઓળખાણના પટેલને ત્યાં પાસેના ગામડામાં પોંક ખાવા જવાનું નક્કી થયું હતું. ભાઇની સૂચના પ્રમાણે આજ હું અંધારામાં ઉઠી તૈયાર થઇ ગયો, અને ભાઇએ નિશાની આપી તે પ્રમાણે મ્હેં એક પોટલીમાં બદલવાને માટે એક એક ધોતીઉં બાંધી લીધું.

સાત સાડાસાતને સુમારે તો અમે પટેલને ખેતરે પહોંચી ગયા. વ્હેલી સ્હવારમાં દાતણપાણી કરી અમે તો લીલા લીલા મીઠા મીઠા પોંક ઉપર અમારો મારો ચલાવવો શરૂ કરી દીધો. બરાબર નવ વાગે અમે પોંક ખાઇ ધરાયા. એટલે પટેલની પરોણાચાકરીને માન આપી એમને ઘેર પહોંચ્યા. પ્હેલાં તો ભાઇએ ઘેર પ્હોંચતાંજ ન્હાવાની વાત ઉંચી મૂકી જરા આડા પડવાની વાત છેડી, પણ હું કયાં એમને એમ સહેલાઇથી છોડું એમ હતો! મ્હેં તો "અરે! એ શું બોલ્યા? આપણે વૈષ્ણવને તે વળી ન્હાયા વગર ચાલે કે? ઉઠો...ઉઠો..." એમ કહી મહામહેનતે ને પરાણે એમના કપડાં કઢાવ્યાં. આગળની ગોઠવણ મુજબ હું તો ઝટપટ નાહી ઉઠયો, ને પોટલી છોડી મ્હારૂં ધોતીયું બદલવા લાગ્યો, ત્યાં ભાઇ ન્હાવા બેઠા. ન્હાઈ રહ્યા કેડે એમણે મ્હારી પાસે ટુવાલમાં ધોતીઉં લપેટેલ પોટલી માંગી, અને મ્હેં એ એમના હાથમાં લાવી મૂકી. ભાઇએ તો ટુવાલ છોડી અંદરથી વસ્ત્ર કાઢયું. અને જયાં ઘડી ઉકેલી બદલવા જાય છે, ત્યાં તો..."અરે! અલ્યા ચંદુ! આ શું?"

"શું છે ભાઇ?" હું આશ્ચર્ય પામતો એમની પાસે આવી ઉભો.

"આ શું બાંધી લાવ્યો? આ તો ત્હારી ભાભીનું લુગડું!"

"હું શું જાણું? ભાઇસાહેબ! ભૂલમાં અંધારામાં ભૂલથી તમારા ધોતીઆને બદલે એ હાથમાં આવી જતાં બંધાઇ ગયું હશે! બંને એકસરખાં રંગના એટલે ભૂલાવામાં પડી જવાય, એમાં શું આશ્ચર્ય!"

"ચૂપ રહે, હરામખોર! એ ત્હારૂંજ કારસ્થાન છે."

હું હસી પડયો. આ વખતે નીચું જોવાનું એ બાઇસાહેબના ભાઇસાહેબને હતું. એ પણ સમજ્યાં કે સેવક કંઇ છેક એમ ગાંજ્યો જાય એમ નથી ? એણે પણ દાવ ઉપર સોકટી આબાદ મારી બતાવી છે.

"પણ હવે પહેરવું શું ? એનો કંઇ ઉપાય ?"

"ભાઇ ! સાચું પૂછો તો મ્હારા મનમાં કે કદાચ ભાઇ ભાભી વિના સૂના પડી જાય, એકલાં ન ગમે, ચ્હેન ન પડે, એટલા માટે એમના સ્નેહસ્મરણ–ચિહ્ન તરીકે આ ચીર સાથે..."

"પણ ઓ અક્કલના ઓથમીર !" ભાઇ મ્હારો કાન પકડી કોઇ સાંભળે નહિ એમ પોતાની આબરૂનો બચાવ કરતાં મ્હારા કાનમાં કહેવા લાગ્યાઃ "આવી મજાક–મશ્કરી અને ગમ્મત તે વળી અહીંયા પારકાને ઘેર હોય કે ? આટલો મ્હોટો વધી જાણ્યો, પણ હજુ ત્હારામાં બે બદામની પણ અક્કલ નથી."

પણ પછી શું ? પેલી કાળી કોર ઓટીમાં દબાઇ જાય, એમ સફાઇથી ભાઇએ આખરે એજ મ્હારા **ચંપાભાભીના ચીરને** મનેકમને પણ વધાવી લીધું.

"હા...હા...હા...હા...હા...વેર...વસૂલ." હું હસી પડયો, સાંજે અમે ઘેર પાછા પધાર્યા. પણ ભાઇએ પટેલને ત્યાં પ્હેરેલા પેલા ચીરનો પ્રસંગ હું હજુ ન્હોતો ભૂલ્યો. ભાઇને મોતીડે વધાવવાને મ્હારા ભાભી આંગણામાંજ ઉભેલા હતા. આવતાની સાથેજ મ્હેં એમને હસતે વદને કહ્યુંઃ "કેમ આવીએ કે ?"

"હા, ભલે પધારો. તમારા ભાઇ કયાં છે ?"

"ધીરે ધીરે પાછળ આવે છે. લ્યો આ પોટલી, પટેલને ત્યાંથી ભાઇ તમારે માટે બંધાવી લાવ્યા છે."

બૈરાંનો જીવ ! આકળો અને અધીરો ! એટલે ભાભી પૂછ્યા-ગાછ્યા વિનાજ પડશાળને હીંચકે બેસી હોસે હોસે એ છોડવા મંડી પડ્યાં. પણ જ્યાં છોડીને જુએ છે, ત્યાં તો ઠંડા આઇસ્ક્રીમ ! મ્હારા ઉપર તીરછી નજર નાખી તેઓ બોલ્યાચાલ્યા વિના એમના એમજ પોટલી ત્યાં પડતી મૂકી ચાલ્યા ગયા. એમાં મ્હારા ભાઇએ પટેલને ત્યાં પ્હેરી પવિત્ર કીધેલાં એવાં ભાભીના ચીર હતાં.

એટલામાં તો ભાઇ પાછળજ આવી પહોંચ્યા, પોટલી હીંચકા ઉપર ખુલ્લી પડેલી જોતાંજ એમણે મ્હને ખાનગીમાં ધીરેથી કહ્યું: " ચંદુ ! આને આમ વચ્ચે શું લાવીને નાખ્યા ? જા ત્હારી ભાભી જાણે નહિ એમ એને છાના માના પાછલા વાડામાં સૂકાતા નાખી આવ." અને " બહુ સારૂ ' એમ ટુંકો ઉત્તર આપી હું અંદરના ભાગમાં ચાલ્યો ગયો. પણ બાપડા ભાઇને એ ક્યાં ખબર હતી, કે સેવકે એમની આ બહાદુરીના બારણા ભાભીસાહેબ પાસે પણ ક્યારનાય બેપોળ કરી નાખ્યા હતા !

હાથ-મ્હોં ધોઇ અમે જમવા બેઠાં. જમતાં જમતાં મ્હેં બન્નેમાંથી કોઇ ન સમજે એમ એક પછી એકને વારાફરતી ખૂબ બનાવ્યાં, ત્યાં એકાએક મ્હારી આંખ રસોડાની ખીંટીએ લટકાવેલી એક પોટલી તરફ ગઇ.

" ભાઇ ! પેલી પોટલીમાં શું છે ? "

" કોને ખબર ! હશે કંઇ ! "

મ્હને તો કુતૂહલ થયું, અને મ્હેં તો ઉઠી ધીરેથી એ પોટલી નીચે પાડી. એમાં મ્હારી ભાભીના જરી-પૂરાણા, ફાટેલ-તૂટેલ ચીર બાંધેલાં હતાં. વાસણવાળાને આપવા અમારા ઉદાર (કંજુસ નહિ)

ભાભીશ્રીએ એ રતનની પેઠે જતન કરીને જાળવી રાખ્યાં હતાં. "રહેવા દયો હવે...જો રહ્યાં..." કહેતાંજ મ્હારા ઉપર ચીડવાયલાં ભાભીએ એ આંચકી લીધી, અને મ્હારા તો હસી હસીને પેટમાંય દુઃખી આવ્યું.

આખરે અમે જમી ઉઠયાં. અમારી એ રાત તો અસહકાર યાને અણબોલ્યામાંજ ગઇ, પરંતુ બીજી સ્હવારે જ્યારે ભાભી મીઠું પાણી ભરવા નદીએ સિધાવ્યાં, અને ભાઇ ઉપડયા ન્હાવા, એટલે સેવક ધીરેથી રસોડામાં સરકયા. પેલી પોટલી ઉઠાવી. ભાભીના કપડાં ઘણાં ખરા સ્હામેના ખુલ્લા કબાટમાંજ પડી રહેતાં હતાં, એ મ્હેં ધીમેથી ઉઘાડયું, પેલા નવલાં ને પ્રદર્શનમાં મૂકવા લાયક પોટલીમાં બાંધી રાખેલાં ફેન્સી રેશમી અમ્મરો એની અંદર ગોઠવીને મૂકવા માંડયા. પણ યા નસીબ ! એટલામાં તો કોણ જાણે કયાથી તે ભાભી એકદમ ત્યાં ધસી આવ્યાં, હું પકડાઇ ગયો.

"કેમ રે ચોર ! એ શું કરવા માંડયું છે ? ખસો જોઉં ?"

ચોરી પકડાઇ ગઇ. પેલા અણમૂલાં આભૂષણો નીચે પટકતાં ભાભી હવે છણુકયાં: "બંને એકલાં પડીને ઘરમાં આવાજ ધંધા કર્યા કરો છોને ?"

ભાઇશ્રી પાંચ પોત્તે પણ વગર લેવેદેવે બાપડા મ્હારી સાથે ચીનના શાહુકારની ગણત્રીમાં ગણાઇ ચૂકયા. હું શરમિંદો ને ભોંઠો પડયો, છતાંક ઠાવકુ મોઢું રાખી બોલ્યો: "તે ભાભી ! આવા અમૂલખ ચીરો તે કયાં મોસાળામાં મૂકવાને રાખી મૂક્યાં છે ?"

"હા...તમારા લગનમાં એ પ્હેરવા જોઇશેને, એટલા માટે સમજ્યા, મ્હારા લાડકડા દિયરીયા !"

અને બસ ! બંદાની લૂલી આ રોકડો જવાબ સાંભળતાંજ બંધ થઈ ગઇ–ચ્હોંટી ગઇ.

× × × ×

જ્યારે દસ વાગે અમે પાછા જમવા બેઠા, ત્યારે મ્હેં ફરી પેલી વાત ઉપાડી: " ને ભાઇ ! તમે ભાભીને આવાં અણમૂલ ને અપ-ટુ-ડેટ ચીરો તો અપાવો. છો, પણ ભાભીજ એટલાં કંજુસ છે, કે બધા આમ ગાંસડીમાં જતન કરીને–બાંધીને ઉંચાંજ મૂકી રાખે છે, સંઘરી રાખે છે. "

" બેસો બેસો હવે, મ્હોટા ભાઇને સંભળાવતા ! એવાં એવાંય તમે ક્યાં ઓઢવા અને પ્હેરવામાં બાકી રાખ્યાં છે ? " પેલા પ્રસંગો સંભારી ભાભીએ મ્હારી જીભ જકડી લીધી.

ભાઇ–ભાભી બન્ને હસી પડયાં, એટલે મ્હેં ભાઇને કહ્યું: "એ મીસ્ટર ! પણ તમે શાના હસો છો ? તમારો તો હસવાનો અધિકારજ નથી, મ્હેં તો આપણા ઘરમાં પ્હેર્યાં, પણ તમે તો...પારકાને ત્યાં...પટેલને ત્યાં..."

ભેદનો ભંડોળ ખૂલી જાય એ બ્હીકે ભાઇએ મ્હારા મોઢા ઉપર હાથ દાબી દીધો, અને મ્હેં પણ આટલી વાર ભાભી પાસે ભાઇનું માન–નાક રાખ્યું, વજન સાચવી લીધું. અમારા બન્નેની સ્થિતિ જ્યાં (આવ રે મ્હારા હરખા ! ને હું તું બે સરખા !) જેવી હતી, ત્યાં કોણ કોને કહે ? શું કહે ? પણ ચાલાક ભાભી તો એ બધુંય ક્યારનાય સમજી ગયાં હતાં. પણ એ તો પેલી કહેવત છે કે " મન જાણે પાપ ને મા જાણે બાપ. "

× × × ×

એટલામાં એવું બન્યું કે જે બીજે દિવસે ભાભી મ્હારા ભાઇને એકદમ ચાર દિવસની સીક લીવનો રીપોર્ટ આપી દૂર બેઠા. હવે બાઇસાહેબની ડયુટી ભાઇસાહેબને માથે આવી આજ મહારાજા સરકાર કુકર (રસોઇયા) નું કામ કરતા હતા, સેવક એમની પાસે ઉભો રહી બૉયની માફક ઓર્ડર ઉઠાવતો હતો, જ્યારે મહારાણી સરકાર સુપરવીઝન (દેખરેખ) પર હતાં,

રસોડામાં ચુલો ફુંકતાં ભાઇની આંખો ધુમાડે ઘેરાઇ, એટલે પછી શ્રાવણ ભાદરવાની હેલી ડાબા જમણી થવા લાગી. એક એકથી ચઢે એવા નમુનેદાર મેઘધનુષના સાત રંગની માફક સાત ડીઝાઇનની ઈંડાકૃતી ફુલકા રોટલી ભાઇ વણી વણી તાવી ઉપર નાખતા હતા ! હું અને ભાભી ! અમે સ્હામે બેસી આ તાલ જોઇ રહ્યાં હતાં !

" ભાઇ ! આ પણ કર્મના ભોગજને ? મહીનામાં ચાર દિવસ બાપડીનો પણ અવતાર ભોગવવો પડે. પરણેલાને આ બધી પીડા ! છે કાંઇ અમારા જેવા કુંવારાને ચિંતા કે ખટપટ !" મ્હેં મમરો મૂક્યો.

"અરે જરા આવવા તો દો પેલીને ? પછી એ બધીય ખબર પડશે."

" સેવક તો જીવનપર્યન્ત બ્રહ્મચારી ભિષ્મજ રહેવાના છે."

" જોઇશું ને તે ! ભિષ્મ કે ભરથરી ! તે તો વખત આવે એની મેળે જણાશે." પાસેના ખુણામાં બેઠાં બેઠાં ભાભી બોલ્યાં.

પણ ભાઈનું ચિત્ત એનાથી જરા વાતમાં દોરવાતાં એમનાથી ઉહની ઉહની રોટલી તબેથાને બદલે હાથેથીજ પકડાઇ ગઇ. મ્હોમાં આંગળી નાખી ચૂસતાં એ ખીજવાયાં: "હવે જરા મુંગો બેસ, કેટલું બોલ...બોલ..."

" હાં ! એ તો ભાઇ ! જેના કામ તેજ કરે. મ્હારાં ભાભીને "હવે રાંધવું એમાં તે શી મ્હોટી ધાડ મારવાની ?" એમ રોજ ઉઠીને

ચીઢવતાં હતાંને, હવે ખબર પડીને ? હજુ તો આ મંગળાચરણ છે, ભાઇ ! એમાંજ આમ કંટાળી ગયા, તો પછી આગળના પ્રવેશ કેમ ભજવાશે ?"

"માફ કર ! ભાઇ ! સાત જન્મેય ભગવાન કોઇને સ્ત્રીનો અવતાર ન આપે."

"બસ કે ?"

અને જમી રહ્યા પછી સ્હવારના નાહી ઉઠેલાં **ચંપાભાભીના ચીર** ભાઇએ નીચોવી સૂકાતાં કર્યાં. મ્હારાથી ન રહેવાયું, એટલે હું બોલ્યો: "ભાઇ આ કયા પ્રકારની પત્નીભક્તિ ?"

"લગ્ન તો થવા દે, પછી એ બધુંય એની મેળે સમજાશે; બચ્ચાજી !"

અને મ્હારા ભાઇની એ વાત કેટલે અંશે ખરી હશે । એ તો વાંચક તમે કોઇ અનુભવીજ જાણો. અગર તો એક ઇશ્વર ! બાકી હજુ સુધી તો પરમાત્માએ મ્હને એ લ્હાવો અને એ અનુભવ લેવા લાયક નથી ધાર્યો. તમારો શું અભિપ્રાય છે ?

——:મ્હારે એ લ્હાવો મેળવવા માગણી કરવી કે માંડી વાળવું?:——

પુષ્પ:— મ્હારા વહુજી. —:સાતમું.

જરા દોરી હલાવતે તો ભાર પડતે કેમ ? મીસીસનો સખ્ત સ્વર ઘરમાંથી સંભળાયો.

કર્મસંજોગે આ તમારા સેવક મોતીલાલનું પાનું ગામડાની એક અભણ અને સંસ્કારહીન એવી કજીઆખોર કૂભાર્યા સાથે પડયું હતું. એનો બાપ હતો આખા ગામનો પટેલ, અને અને વળી પાંચ પૈસે સુખી ! તેમાંય વળી મ્હારા વહુજી એમના બાપને ત્યાં ન્હાનામાં ન્હાના—છેલ્લામાં છેલ્લા અને પાંચ પાંચ ભાઇએ એકના એકજ બ્હેન હતા, એટલે એમના માન—પાન અને બોલવામાં હાજર જવાબી બીજા બીરબલને હંફાવે એવાં હોય તો શું નવાઇ ? પૈસાદાર પિતાને ત્યાં 'બ્હેન બ્હેન' થઇને ઉછરેલી લાડકવાયી છોકરી સાથે મ્હારા છેડાછેડી ગાંઠતાં મહાશયના મર્હુમ

પિતાશ્રીએ જો કંઇ જોવાની તસ્દી લીધી હોય તો તે ફક્ત સદ્ધર સાસરૂં ! અને બીજું એમનું પટેલનું ઉંચું ખાનદાની કૂળ ને મોભ્ભો ! બાકી રૂપ અને ગુણનો સ્વપ્નેય વિચાર નહોતો કર્યો.

એક તો ગામડીયું ગામ, અને તેમાંય વળી મ્હારા વહુજી રહ્યાં એમના બાપને ન્હાના અને લાડકડાં ! એટલે મુળથીજ નિશાળે ભણુવા જવામાં મ્હોટું મીંડું રાખ્યું હતું. અધુરામાં પૂરાં જન્મદાતા જનનીનાય જન્મતાંજ સ્વર્ગવાસ એટલે સંસ્કાર અને ચારિત્ર્યમાં પણુ શુન્ય. વળી ઘરમાં પાંચ પાંચ ભાઇઓની વહુ, એટલે ગૃહ–કેળવણી લેવાનો (પાકશાસ્ત્ર) પણુ એમને વખતજ શાનો આવે ?

અમારી કણુબીની ન્યાત, અને તેમાંય બાર વરસે દેવી બોલે, એટલે પેટમાં અને પારણામાં, વહુ મ્હોટી અગર વર મ્હોટો, એવું કાંઇ પણુ જોયા વિચાર્યા વિનાજ માબાપો લાકડે માંકડાં વળગાડી દેતાં ! અને આ તમારો સેવક પણુ એવાંજ એક સ્નેહલગ્નનો ન્હાનપણુથીજ ભોગ થયો હતો ! તે વખત હું વિદ્યાર્થી હતો, આજ એક ભણેલગણેલ યુવાન છું. અમારા બંનેની દિશા એક એકથી આસમાન અને અવની જેટલી ઉંધી છે. એ સાહિત્યનો કક્કો ન સમજે, ત્યાં હું કાલીદાસ અને ન્હાનાલાલ, શેકસપીઅર અને ટેનીસનની વાતો કરૂં ! ભેંસ આગળ એ ભાગવત ! ધૂળ પર એ લીંપણુ ! હું એની પાસે રાતના થોડો થોડો વખત બેસી સરસ્વતીચંદ્ર માંહેના ગુણુસુંદરીના ગૃહસંસારના રસિક પ્રસંગો વાંચી સંભળાવું, ત્યાં એ પલંગમાં પડી પડી ઘોરે, હું પોથાંને પ્રેમથી પૂજું, ત્યાં એ પગ નીચે છૂંદી ચાલતી થાય. આ અમારો સુખી સંસાર હતો ! પણુ શું કરૂં ? હવે છૂટકો ન્હોતો.

ઇલાજ ન્હોતો. મ્હારે દુનિયામાં રહેવું હતું, કોઇની માફક એને ઠોકરે મારી સંન્યાસી ન્હોતું થવું. લોકલજ્જાએ પણ મ્હારે અંદરથી કચવાતે મને અને ઉપરથી હસતે મોઢે ગૃહ–સંસાર માંડવો પડયો હતો.

ગર્વઘેલી મોતન એનાં બાપને ત્યાં ન્હાનાં–મ્હોટાંને એકજ લાકડીએ હાંકવા ટેવાયલી, અને કોઇ દિવસ સળી તોડીને જેણે બે સરખી ન કરેલી, તે આ ગરીબનું ઘર માંડતાં થનગન થનગન નાચે એમાં શું આશ્ચર્ય ? એનો બાપ જો પોતાની આ હીરાકણીનો હાથ મ્હારા હાથમાં સોંપવા લલચાયો હોય, તો તે ફક્ત એક મ્હારા અભ્યાસને લઇનેજ ! હા...તે વખતે અમારી સ્થિતિ પણ જરા પાંચ પૈસે સારી હતી. પરન્તુ પૂજ્ય પિતાના સ્વર્ગવાસ પછી તો એ બધોય પૈસો મ્હારા અભ્યાસમાં અને સાહિત્યના શૉખમાંજ ફના થઇ ગયો.

નોકર–ચાકરોને હુકમ કરી, પાણીની જગ્યાએ દુધ પી ફૂલની માફક ઉછરેલી મ્હારી મોતનને તેડવા સાસરાને બારણે જ્યારે હું પ્હેલ-વ્હેલો ઇન્ટરની પરીક્ષા પસાર કરી ચઢયો, ત્યારે આ મુફલીસ ભિખારીનું ઘર માંડવા મ્હારી મોતને તો એના બાપને ચોકખી ધસીને નાજ પાડેલી, પણ આજુબાજુના બે–ચાર સમજુ વૃદ્ધ વડીલોએ મળી 'હાથી દરબારે અને સૂતા તો સાસરેજ શોભે,' એવું કહી એના બાપને સમજાવવી એને સારી રીતે રાખવાકરવાની વિ. વિ. કંઇ શરતો કરી મ્હારી સાથે મોકલી એ ઘેર આવી. એટલે અમે વર–વહુએ સંસાર માંડયો.

ગૃહજંજાળમાં ઇન્ટર સુધીનો અભ્યાસ તો કોલેજની ટર્મ માંડમાંડ ભરીને પણ ખેંચ્યો. પરન્તુ હવે એકને બદલે બબ્બે જીવોની ઉપાધી થવાથી, અને તેમાંય પુરૂષના કરતાં સ્ત્રીના રાજ્ય તેલ–ધુપેલ

પાન–સોપારી વિગેરે વિગેરે સત્તરસો નવાં લફરાં વળગવાથી આખરે મ્હેં ગૃહખર્ચને પ્હોંચી વળવા એક ઓફિસમાં કામચલાઉ કલાર્કની જગ્યા લઇ લીધી, અને દરરોજ બપોરના જમવાના બે કલાકના ગાળામાં અને સાંજે જમ્યા પછી સૂતી વખતે બી. એ નો અભ્યાસ કરવો આગળ ચાલુ રાખ્યો. પરન્તુ અફસોસ ! મ્હને કહી લેવા દ્યો, કે જેના આગમનથી હું ' અનેકધા ઉપાધીઓમાંથી મુક્ત થઈશ ' એવી અનેરી આશાઓની ઇમારત અંતરમાં ચણતો હતો, તે એકજ અઠવાડિયામાં ઉંધી વળી ગઇ. ઉલટી મ્હારી સ્થિતિ તો " ઘરનો બળ્યો વનમાં ગયો, તો વનમાં લાગી લ્હાય " એવી કફોડી થઇ પડી.

છતાં જેની સાથે આખી જીંદગી વિતાડવાની છે, તેની સાથે રોજ ઉઠીને કંકાસ કરવો કેમ પાલવે ? ' પાણીમાં રહેવું અને મગર સાથે કુસ્તી ' એ કેમ બને ? વારંવાર હું તપી જતો, તોય પાછો એ ગરમાગરમ ઘુંટડા ભગ્નહૃદયે ગળી જતો. પુરૂષ એટલે સંસારનું સુકાન ! અને સ્ત્રી એટલે સંસારની નૌકાઓ ! ગૃહદેવીઓ ! એ મ્હારી માન્યતા મ્હારા મનમાં ને મનમાં અને મ્હનેજ મુબારક રહી ગઇ !

આખરે મ્હેં એ જડભરત જગદંબાને બે શબ્દ શિખવવાની આશા માંડીજ વાળી. સહરાના ઉજ્જડ રણમાં શિતળ મધુરાં જળનાં સરોવરો છલકાવવાના મ્હારા મહા મનોરથો મ્હને મૃગજળ જેવાં લાગ્યાં. છતાં આશા કોને નથી હોતી ? મનુષ્ય માત્ર અને જગત્ આખાનું જીવન એ અનન્ત અને અમર આશા ઉપર ! પથારીએ પડેલો એંસી વર્ષનો વૃદ્ધ (દવા ખાય છે) એને નથી છોડી શકતો, તેમ હું પણ મ્હારા વહુજી તરફની એકેએક આશા હજુ કાંઈ છોડી બેઠો ન હતો. હું હવે હરહમેશ એજ વિચારતો, કે "હશે...હોય...હજુ એ નાદાન

છે. અણુસમજુ છે. એને માથે પડયું નથી. ધીરે ધીરે માથે પડશે, અને સંસાર, સુખ તથા સ્ત્રી-પુરૂષના અન્યોન્ય સંબંધ એ સમજતી થશે, એટલે એની મેળે સુધરશે. એકાદ બે પુત્રની માતા થવાનો પ્રસંગ આવશે, એટલે આપોઆપ ઘડાઇને ઠેકાણે આવી જશે. અને મ્હારાં એ સોનેરી સ્વપ્ના બરાબર એક વર્ષ પછી સાચાં પડવાનો સમય આવી લાગ્યો. મ્હારી મોતન એક દૂધપીતી નિર્દોષ બાલિકા આજ મ્હારા ભવિષ્યના વારસામાં ધરી ચૂકી છે. તમને શું કહું ? એક વર્ષ વીત્યાં છતાં, એક છોકરીની માતા થયા છતાં, હજુ મ્હારા વહુજીના વિચાર, વાણી કે વર્તનમાં એવો કશોય નોંધવા લાયક ખાસ ફેરફાર થયો નથી. એ તો હતાં એનાં એજ છે !

× × × ×

આજ ઓફિસમાંથી થાકીને લોથપોથ થઇને હું બપોરે ઘેર જમવા આવ્યો હતો. મ્હારા વહુજી રસોડામાં રાંધતાં હતાં. હજુ તો હું પૂરોપાધરો ડગલો પણ નહિ ઉતારી રહ્યો હોઉં, ત્યાં તો દાળમાં વધાર દેતાં જેવો તડતડાટ અને છનછનાટ થાય, તેમ ધમાડપછાડ કરતાં કડછી અફાળી દેવી જગદંબા રસોડામાંથી એકદમ બહાર આવ્યાં. વચલા ખંડમાં મ્હારી ન્હાનકડી બચી (બબી—ફીફી) ઘોડીયામાં પારણામાં સૂતેલી હતી, તે ઉંઘમાંથી એકાએક જાગી ઉઠવાથી રડી પડી હતી, તેની ઉપરજ આ બધું વાતનું વતેસર અર્થાત્ રજનું ગજ થઈ ગયું હતું. મ્હને દિવાનખાનામાં ધોતીઉં બદલતો જોતાંજ એની આંખો ચાર થઇ ગઇ. એણે મ્હને પગથી તે માથા સુધી ઝાળ ઉઠે એવા કડક શબ્દોમાં મ્હારી ધૂળ ખંખેરવા માંડીઃ “ જરા દોરી હલાવતે તો ભાર પડતે, કેમ ? ”

ખરા બપોરના તાપમાંથી ઉકળતે મને અને ભૂખ્યે પેટે આવીને હજુ મ્હેં પૂરો શ્વાસ પણ ન્હોતો ખાધો, ત્યાં તો મ્હારા માનીતા ગૃહલક્ષ્મીએ આવી દારૂમાં દીવાસળી ચાંપી. એકાએક વિજળી ઝબુકે એમ મ્હારા અંતર–આકાશમાં ચમકારો તો થયો. પરન્તુ એ અનર્થ કારક પ્રકાશને એમને એમજ અંદર દાબી દેતાં મ્હેં એને કશો પણ જવાબ ન વાળ્યો. ત્યાં તો પારણા પાસે ધસી પાંગોઠું પકડી ઝોળીમાંથી બરાડતી બબલીને બ્હાર ખેંચી કાઢતાં એણે મ્હને સંભળાવવા બબડવું ચાલું રાખ્યું: " મુઆ ! મરતાંયે નથી કે ઓછાં થાય. આખો દિવસ જીવ ખાય છે. બે ઘડી પણ સુખે જંપવા નથી દેતાં. "

બબડાટ ફડફડાટ કરતાં એણે છોકરીને હાથમાં લીધી, ઉંઘ-માંથી ઉઠેલી એટલે એ પયપાન કરવાને માટે જોરથી રડવા લાગી. એટલે તો પછી પૂછવુંજ શું ? મ્હારા ઉપરથી રીસ એ બાપડા નિર્દોષ બાળક ઉપર ઉતરી. સાથે સાથે આપણી સંસ્કાર અને શિક્ષણહીન માતાઓ એવે વખતે જે અણઘટતી સરસ્વતી–ગાલિપ્રદાનો(વલ્લામુઆ ફાટીમુઆ...પાઘડી બળ્યા ...મુઇ...રાંડ...કુંભારજા વિગેરે નિઃસંકોચ-પણે વાપરે છે, તે) પણ એમના શ્રીમુખમાંથી છૂટવાં બાકી ન રહ્યાં.

" લે...પેટબળી ! લે, " એક પછી એક કોપરાપાક અને મીઠા મેસુરના કટકાઓ મ્હારી કીકલીને એની માતા તરફથી પ્રસાદીમાં મળવા લાગ્યા. હવે મ્હારાથી ન રહેવાયું. મ્હારા મગજની કમાન છટકી. એના હાથમાંથી મ્હારી દૂધપીતી નિર્દોષ બાલિકાને આંચકી લેતાં હું ભ્રમર ચઢાવી ગાજ્યો : " ચાલ, ખસ. એમાં નાહકની બાપડાં છોકરાંને શીદને મારે છે ? કોઇની–પારકી રીસ એની ઉપર ! ત્હારા તો બારે દહાડા આવા–સરખાજ જવાના. તું સુધરવાની ક્યારે ? હજુ ત્હને અક્કલ તે ક્યારે આવશે ? "

" અક્કલ આવશે હવે આવતે જન્મારે. સમજ્યાને લાવો..." મ્હારા હાથમાંથી દીકરાના તોલની મ્હારી મોંઘી દીકરીને, ઝૂંટવી લેતાં એણે હવે મ્હારા તરફ એના કાતીલ ડોળા ફેરવ્યાઃ " ...ઓહો ! મ્હોટા કમાઇને આવ્યા, તે બ્હીક બતાવો છો ? ઘરમાં વાઘ ને બ્હાર તો બકરી જેવા છો ! નબળો માટી બૈયર પર શૂરો ! મ્હોટો પાંચસોનો પગારદાર હોય તેનોય આટલો–તમારા જેટલો રૉફ ને મિજાજ તો ન હોય, ને ગમે તો રોજ ઉઠીને..."

" કમાતા નથી ત્યારે શું હજામત કરીએ છીએ ?" મ્હેં બળતા હૃદયે એ સળગી ઉઠેલા દાવાનળમાં ફુંક મારી.

" ત્યારે બીજું શું વળી ? શો મ્હોટો વાઘ મારો છો ? બધીય ખબર છે, બેસી રહોને વળી. બાંધી મુઠ્ઠી લાખની, ને ઉઘાડો તો ખાખની. એટલામાંજ બધું સમજી લેવાનું."

" બહુ સારૂ. હવે બહુ થયું. મહેરબાની કરી હવે તમે અંદર સિધાવો, અને તમારૂં કામ કરો. નકામું અત્યારે મ્હારૂં મગજ ન અકળાવ, નહી તો કંઇ નવનું સાડીસીતેર થઇ જશે."

" ના...ના...તે રોજ ઉઠીને મ્હારાથી તો તમારા આવા બોલો નહિ સંભળાય. તમે ભણેલા છો એટલે અમને ડરાવતા હશો કેમ ? હું થોડી કંઇ તમારી એમ દબાયલી કે ઓશિયાળી છું, જે વળી આમ હાલતાં ને ચાલતાં એક નોકરડીની માફક મ્હને તું–તાં કરી તોડી પાડો છો ?

" દબાયલી ને ઓશિયાળી તો સત્તરવાર. તે કંઇ ત્હારા બાપથીય ના પડાય એમ છે ? ખાય છેને !"

" નહિ ખવડાવતા. ઓહો ! લ્યો, મ્હોટી બતાવી બતાવીને ખાવાની બ્હીક બતાવો છો તે ! એ તો દરરોજ રાંધીને તૈયાર મસાલે ઝીકું નહિને તો કાલ સ્હવારે બધી ખબર પડી જાંય, ક્યાં મ્હારા પાછળ ઓછું મૂક્યું છે ? "

" એમ કે ? "

" હાસ્તો વળી. "

" ઠી...ક. ત્યારે એ બધા પૈસાનીજ ત્હારા મગજમાં ગરમી છે, કેમ ? ભલે, હમણાં તો આ વાતને પડતી મૂક. "

" પડતી તે કેમ મૂકે ? "

" ત્યારે જા પીટ દાંડી, ને મૂક ચકલે. "

" હાસ્તો, એ તો દાવ આવે ત્યારે બધાંએ સોકટી મારે. વર્ષે એ લુગડાં લેવાના તો પૂરાપાધરા મળતા નથી, ને મિજાજ તો રાખો છો બાર ખાંડીનો ! બસ, હું હવે આજ તમને સાફ સાફ કહી દઉં કે આ ખખા હવે આપણાથી વધુ વખત નહિ થાય. આપણે તો બાપ. જીંદગીએ હાથમાં કડછી કે સાવરણી ઝાલી નથી, નહિ ઝલાય. ચુલાનો તાપ ને ધુમાડો વેઠયો નથી ને નહિ વેઠાય, બળ્યું ! રોજ ઉઠીને આ શા વૈતરાં ! "

" ત્યારે શું હું રાંધું ? "

" તે તમારે ફાવે એમ ફોડો, હું કાંઇ ન જાણું. "

" પરન્તુ ગૃહરાજ્ય ગૃહદેવીઓ ન સંભાળે, તો પછી બીજું સંભાળે કોણ ? "

" રામા, રસોય્યા; ભટ્ટ, ચાકર, નોકર...એમાં તે વળી સવાલ કેવો ?

"ત્યારે ત્હને શું મેદી મૂકવા, આ ગૃહમંદિરમાં પધરાવવા લાવ્યો ?"

"ત્યારે શું પાણી ભરવા, વાસણ માંજવા, કપડાં ધોવા, તમારૂં ગદ્ધાવૈતરૂં કરવા ?"

"અલબત્ત. તમામ કરવા. નોકર પણ આપણે, અને શેઠ પણ આપણે. વખત આવે શેઠાણી થઈનેય ફરીએ, ને વખત આવે તો હાથેય કરી લઇએ. વખત વિચારીને વર્તે એનુંજ નામ માણસ.પોતીકા ઘરનું અને વરનું કામ કરવામાં તે વળી ન્હાનમ્ અને શરમ શાની ?"

"એ બધું મોઢે બોલવાનુંજ છે તો ? જરા કરી જુઓ, એટલે ખબર પડે. રસ્તામાં નથી પડયું."

"જો હાથેજ બંસી બજાવવી હોય તો પછી વળી પાણીની પેઠે પૈસાનો ધૂમાડો કરી તમને શીદને અહીં આણત ! પોંખવા ? ત્હારા બાપને કહેવું હતું ને, કે કોઇ ત્હારા લાડકોડ પૂરા કરે એવો લખપતિનો દીકરો અગર ઘરજમાઇ ત્હારે માટે......"

"બાપ બિચારા શું કરે ? બાપે તો સારૂંજ જોયું'તું તો ! પણ અમારાં નસીબજ ફુટેલાં ત્યાં પછી કોઇ તે શું કરે ?"

"તો હજુય શું બગડી ગયું છે ? હું ન ગમતો હોઉં, તો રહ્યો મ્હારે ઘેર. રોજ ઉઠીને આવાં નાટક–તમાસા ભજવી આખા ગામને ભેગું કરવા કરતાં તો કોઇ ભારેખમ આસામીનો હાથ પકડી લ, અને છેડાછોડી ગાંઠી દેને, કે પત્યું. આપણી ન્યાતમાં પુનર્લગ્ન ફારગતી (છુટાછેડા) અને એક પર બીજો ધણી કયાં નથી થતો ? અને તેમ છતાં ત્હને મારૂં જીવન વચ્ચે નડતું હોય, આડે આવતું હોય, તો એવું કંઇક ખવડાવી દેને, કે મેદાન સાફ થઇ જાય."

" બહુ સારૂ, તમને પૂછીશું."

કાકીને લઇ એ રસોડામાં ચાલી ગઇ, જમવાની બે કલાકની રજામાં હું બી. એ. નો ખાનગી અભ્યાસ કરતો હતો. એથી એક થોથું લઇ ઉકળેલા મગજને આરામ અને શાન્તિ આપવા હું આરામ ખુરસીમાં પડયો, અને હજુ તો પૂરા બે પાના ઉપર પણ આંખ નહિ ફેરવી હોય, ત્યાં તો ફરી પાછો એવોજ ભયસૂચક તોપનો ધડાકો થયો. મ્હેં ચોપડીમાંથી બ્હાર જોયું, તો એજ રેડ ડેન્જર સીગ્નલ ! (લાલ દીવો.)

" ચાલોને હવે, હજુ જમવું છે કે નહિ ? ચોપડામાંથી કયારે પરવાર આવવાનો છે ? થોથાં વાંચશો, એટલે થયું, પેટ ભરાઇ જશે, કેમ ?"

" એ બધી પંચાત અને વકિલાત ત્હારે શા માટે જોઇએ ? ત્હારે ખપ જેટલી વાત, વધારે લાંબી-ટુંકી વાત ન કરવી."

" ઓહો !" શબ્દનો માર્મિક ટોણો પ્રત્યુત્તરમાં મ્હારે કાને અથડાયો. આજ મ્હારૂં વાંચવામાં બરાબર ચિત્ત પણ ઠેકાણે ન્હોતું. હું ચોપડાને પાછા ટેબલ ઉપર પટકી રસોડામાં જઇ પાટલે ગોઠવાયો. શાક પિરસતાં મ્હારા વહુજીએ મ્હને મનાવી લેવા સવાલ કર્યો: "કેમ ! કેવું થયું છે ?"

" ઠી...ક..."

" કોઇ દિવસ સારૂં તો થતુંજ નથી !"

હું શું કહું ? મ્હારૂં કપાળ ! ખીચડી બનાવેલી, તે તો મ્હારા મહેરબાન ! નર્યો જાણે પીળા રંગનો બીરંજ જોઈ લેવો ! અને પાણી

પોચી તો એટલી કે અંદર જાણે છૂટા ઘીની ધાર ! (રેલમછેલ) દાળ–ચોખા ચડેલા પણ અધકચરા, તેમજ ન મળે શાકમાં સરસવાદ કે મરીમસાલાના ઠેકાણા, કે ન મળે કઢીમાં વઘારના ઠેકાણા ! મ્હેં કહ્યું: “ આ ખીચડી પીરસવી રહેવા દે, રાતને માટે રોટલી વણી મૂકી હોય, તો તેમાંથી બે ચાર મૂક.”

“ ત્યારે ખીચડી ક્યાં ઉકરડે નાખું ? ”

“ ના...ના...તે પણ થોડી ખાઇશ. તું એમ વાતવાતમાં તરડાઈ ને મરડાઇ શાની જાય છે ? ”

પછી મ્હારા ભાણામાં કંઇક ખખડયું. લ્હારા મનમાં બહુ બહુ થાય છે, કે તમને હું સારી રીતે સમજાવું, પણ અફસોસ ! આખો નર્મકોષ ઉથલાવવાં છતાંય મ્હને એવો એકેય યોગ્ય શબ્દ ન જડયો. ભૈયાજીની બાટી તો નહિ. પરન્તુ જાટા લઠ્ઠ ચોપડા અગર તો ખરી ખાંગડ જેવી (અર્ધી બળેલી) અર્ધી ધોળી અને અર્ધી કાળી એવી દ્વીરંગી (Every thing has two sides Black and white both.) ભાખરીક હું તો લગીરે અતિશયોક્તિ નથી. ચામડી તૂટે પણ એ ચોપડું ન તૂટે. અને એના ગોળાકારનું તો પૂછશોજ મા ! એક બાજુ નાક તો બીજી બાજુ કાન કાઢેલા ! પરન્તુ આ કંઇ મ્હારે માટે આજ નવાઇની વસ્તુ કે વાત ન્હોતી. મ્હને તો હંમેશનો જ એનો મ્હાવરો હતો. હજુ હું એટલો સદ્દભાગ્યશાળી હતો કે બેશક જેથી મ્હને સારો ખોરાક મળતો હતો. સદાનો સહવાસ પડેલો એટલે આજ ફુલકા ખાવા ટેવાયલો હું જઠરાગ્નિને એનું ભક્ષ આપવા માંડયો છતાં કોણ જાણે કેમ ! તે આજ ખાતાં મ્હારાથી ખડખડાટ હસાઇ જવાયું: “ આ...હા...હા...હા...આ...રોટલી ? ”

" કેમ ! શું થયું છે એને ? તાવ આવ્યો છે ?

જવાબ તો મ્હારે હોઠેજ આવીને અટકેલો હતો. કે લાવોને, એને કહી દઉં, કે " આ ત્હારી ન્યુ રંગીન અફલાતુન ડીઝાઇન પ્રદર્શનમાં મૂકવા લાયક છે. ધન્ય છે એવી વણનારીને અને અહોભાગ્ય છે એના આરોગનારને ! " પણ એ શબ્દતીર જીભલડીના ધનુષ્ય પરથી છૂટયા પછી એનો અંજામ કેવો ભયંકર આવશે ? એની મ્હને પૂરેપૂરી માહીતી હતી, એટલે એ વિચાર પાછો મનમાંજ માંડી વાળતાં હું ડોકું ધૂણાવી બોલ્યોઃ " કંઇ નહિ. એ તો સ્હેજ. અમસ્તો...ઘડીભર ગમ્મત."

અને રોટલી હાથમાં લઇ હું ધારી ધારીને એની નમૂનેદાર વક્ર ડીઝાઇનની લાવણ્યતાનું પાક કરતો હતો, ત્યાં તો મહામાયા ફરી ફફડયાંઃ " ત્યારે પછી જુવો છો શું ? બોલતા કેમ નથી ? એમાં તો એવું શું ધારી ધારીને જોવા જેવું છે ? ઝેર તો નથી નાખ્યુંને ?"

મ્હેં મંદ મંદ મલકાતે મુખડે જવાબ વાળ્યોઃ " દેવી ! તું એમ ઉતાવળી ન થા. ધાંટાધાંટ ન કર. જો તું જરા ડાહી અને સમજુ થઇ મ્હારૂં કહ્યું માને અને જરા બરાબર ધ્યાન આપીને, કાળજી રાખીને રાંધે, તો હું ધારૂં છું કે તું આજ રોટલી બરોબર ગોળ અને પાતળી વણી શકે, નહિ ?"

" તે અમને તો જે આવડે છે તે એ છે. તમારે ખાવું હોય તો ખાવ, નહિતર ઉઠીને ઉભા થાવ. ફેન્સી વણીને મૂકે એવી લઈ આલો."

" પણ ત્હને આમ વાતાવાતમાં વાંધો–વચકો શાનો પડી જાય છે ?"

" ત્યારે શું ? બળ્યો ! અમારો તે મુઓ કંઇ અવતાર છે ? એ તો એકલા હો ને, તો હમણા ખબર પડી જાય, એવું એવુંયે

રાંધીને ઠોકનાર છે કોણ ? તે તો મ્હને કહો. આ બધી વરણાગી અને ચુંધી ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડી જાય."

* * * *

આજ લગી અને અત્યાર સુધી તો મ્હેં આ બધી વાત હસવામાં ઉડાડી, મોઢાની લગામ છેકજ ઢીલી મૂકી માથે ચઢાવી, પણ એ માટે હવે હું પસ્તાવા લાગ્યો. ચમત્કાર ત્યાંજ નમસ્કાર. **यत्र नार्यस्तु पुज्यन्ते** નહિ, પરન્તુ **ताड्यन्ते रमन्ते तत्र देवताः** ! એ સૂત્રની આવશ્યકતાનું ભાન મ્હને આજેજ થયું. " હશે, ઘડાશે એટલે આગળ જતાં એની મેળે ઠેકાણે આવી જશે." એ આશા અને ધારણામાં સજ્જડ ઠગાયો. એ તો પ્રાણ ને પ્રકૃતી સાથેજ જાય. કુતરાંની પૂંછડી ૭ માસ જમીનમાં દાટી રાખોને, તોય પાછી વાંકી ને વાંકીજ !

ક્રોધમાં ને ક્રોધમાં ભાણા ઉપરથી ઉઠી જઇ મ્હેં હાથ ધોઇ નાંખ્યા : " આહા ! શું રૉફ ! મીયાંકી ભેંસકુ ડોબુ કયું કહેના ? રોજ 'જાઉં જાઉં' કરી નાચ નાચે છે, અને બ્હીક બતાવે છે, કેમ ? જા, ત્હારા બાપને ત્યાં, કાલે જતી હોય તો આજેજ, હમણાંજ, અરે અત્યારેજ ચાલતી થા. આ રહ્યો મ્હોટો સરિયામ રસ્તો. ત્હારા વગર શું અડયું રહેવાનું છે ? થોડું કંઇ કાચું ખાઇશું ? લે વળી, નહિ બોલતો હોઇશ ત્યાં સુધી, કેમ ? એટલે તું ત્હારા મનમાં શું સમજે છે ? આપણા મનમાં જાણે કોણ બોલે ? રોજ ઉઠીને કોણ કંકાસ કરે ? આ તો જેમ જેમ નમતી દોરી મુકું છું, તેમ તેમ છેકજ માથે—છાપરે ચઢતી જાય છે. જાવ...સિધાવો...ગોળ રોટલી વણતાં આવડે, અને એક પરણેલી સ્ત્રીના તેના પતિ પ્રત્યે શા શા

ધર્મો છે, તે સમજતાં શીખો, ત્યારેજ પધારજો. સમજ્યા ? મહાદેવી ! સિધાવો..."

મ્હેં ન્હોતું ધાર્યું, કે મ્હારા શબ્દો ભીંત ઉપર અફળાઇનેજ પાછા ફરશે, અગર હવામાં અદ્ધર ઉડી જશે. 'બ્હેરા આગળ શંખ' મ્હારા શબ્દોની અસર એ પ્રબળા અબળાના પત્થર હૃદય ઉપર મ્હારી ધારણા કરતાં વળી કઇ વિચિત્રજ થઇ. મ્હેં તો ધાર્યું હતું, કે જરા ઉપર ઉપરથી દમદાટી દેખડાવીશ, એટલે નરમઘેંસ અને પાધરીદોર જેવી થઇ જશે, ક્યા એના બાપને ત્યાં એમ ચાલી જવાની હતી ? પણ અફસોસ ! અત્યારે મ્હારે માટે તો એ મ્હારા શબ્દોએ 'કાગનું બેસવું અને તાડનું પડવું ' એવીજ ગતિ સારી.

રાણીસાહેબે તો ચઢેલે મોઢે એકદમ દિવાનખાનામાં પડેલી એમની ટ્રન્કમાં એમનાં તમામ કપડાંલત્તાં ગુપચૂપ પેક કરી દીધાં. કોટીને કેડમાં મારી એ મ્હારા વહુજી તો આગળ પાછળનો જરા પણ વિચાર કર્યા વિના, મ્હને જરા જેટલુંય પૂછ્યાગાછ્યા વિના એમને એમ પિએરને પંથે પડયાં. હું તો એનું મોઢુંજ ટીકતો રહ્યો ! એને જતીજ જોઇ રહ્યો !" આ શું સ્વપ્ન કે સત્ય ?"

મ્હારી આખી જીંદગીમાં આજ હું પ્હેલવ્હેલો રોયો. ધોધમાર વરસાદ વરસાવી એ ઝબકતી વિજળી અણધાર્યો ચમકારો કરી પાછું અંધારૂં કરીનેજ આકાશમાં અદ્રશ્ય થઇ ગઇ. પછીજ મ્હને વિચાર આવ્યો, કે ગમે એવી પણ એ મ્હારી ગૃહદેવી હતી. મ્હારા અંધારા ઘરમાં એ ઝાંખો ઝાંખો પણ દીવો હતો ! મ્હેં ખોટું કર્યું, ભૂલ કરી, જરા ઉતાવળ કરી, નાદાની કરી, સાહસ કરી નાખ્યું. પણ હવે એ ભૂલને સુધારવાનો ઉપાય હતો ?' Done is done, it cannot

be undone." બનનાર બની ચૂકી હતી. નેવનાં પાણી તે વળી ફરી પાછાં મોભે ચઢયાં કો દી સાંભળ્યાં છે ?

તેજ દિવસથી મ્હારૂં પણ મગજ બ્હેર મારિ ગયું. મ્હને એના ઉપર તિરસ્કાર આવ્યો મ્હેં પણ નિશ્ચય કરી નાખ્યો, કે બસ અસહકાર. સ્હામે બોલાવવા તો નજ જવું. એની હજારવાર ગરજ હોય, તો આવે, નહિ તો કંઇ નહિ.

બે દિવસ, ચાર દિવસ, આઠ દિવસ, મહીનો મ્હેં એના પાછા ફરવાની રાહ જોઇ. પણ ન મળે કાગળ કે પત્ર. આખરે હું હાર્યો ઘરખટલાની જંજાળે કંટાળ્યો, માંડેલું ઘર, નોકરી અને અભ્યાસ એ ત્રીપૂટી-સંગમે હું અકળાયો–ગભરાયો. રાંધવા-ફુંકવાની કડાકુટમાં પડતાંજ મ્હને એનાં અનુભવી વચનબાણોની કીંમત સમજાવા લાગી. આખરે નમાલો–વહુઘેલો, તમે જેવો ગણો એવો હું કાળું મોઢું લઇને સાસરે એને સ્હામે તેડવા ગયો. અને એને મનાવીને, એની માફી માગીને, એના બાપને પગે પડીને એને પાછી તેડી લાવ્યો.

બિરાદરો ! તમને શું કહું ? બાયડી આગળ મારા બી. એ. બનેલાનું અડગ નાક નીચું નમી ગયું. મ્હેં સાત વાર જખ મારી. ભગવાન તોબાહ આવી ભામાઓથી !

હજુએ હમારૂં સંસાર–ગાડું એવું ને એવુંજ હાલ્યું જાય છે. વચ્ચે વચ્ચે ઢેકાઢળીયા અને ખાડાટેકરા આવી જતાં કદી કદી ઉંચું નીચુંયે થાય છે, છતાં અમે નરમગરમ થઈને ચલાવી લઇએ છીએ.

બે ચાર કીકા–કીકીની મા બનતા મ્હારી મોતન હવે તો કંઇક ઘડાઇને સુધરી છે. અને પ્હેલાં જે તદ્દન કડવી ઝેર જેવી હતી, તે હવે કદી કદી વ્હાલી હીમ જેવીય લાગે. છે. છતાં કોઈ કોઇ વખત

હજુ જ્યારે એનું મગજ ખસે છે, ત્યારે ત્યારે તરતજ હું બે હાથ જોડી ભગવાનની સ્તુતિ કરી લઉં છું, કે " તોબાહ પરમેશ્વર ! આવી પ્રેમદાઓથી તો બા ! ભગવાન આવી મ્હારા વહુજી જેવી ભામા કોઇનેય કોઇ કાળેય પાલવે-પાને ન પાડે ! કન્યા કેળવણીના કટ્ટા શત્રુ હિન્દુ સંસાર ! કાનો હોય તો સાંભળ, અને આંખો હોય તો ઉઘાડ અને અવલોક !

—: કેળવણીવિહીન કન્યા-જીવનના કડવા અનુભવ ! કડવાં ફળ ! :—

પુષ્પ:— હજીરાના હવાપાણી —:આઠમું

"નહિ...નહિ...બસ એ તો એજ. માણસોજ મુસાફરીએ નિકળે છે, કંઈ જાનવરો નથી નીકળતાં, અને બસ તેજ પ્રમાણે આ સેવક પણ હજીરાની હવા ખાવા જવાના, જવાના ને જવાનાજ. લે બોલ, તું કહી રહી ? સાક્ષાત્ બ્રહ્મા પણ મ્હારો આ નિશ્ચય હવે ફેરવવા શક્તિમાન નથી." ઘેલાભાઇએ તેલની ઘાણી ઉપર બેઠાં બેઠાં પોતાની એકની એક અર્ધાંગના ગંગાને પોતાનો આ પ્રોગ્રામ સંભળાવી દીધો.

વાતનો મુદ્દો એમ હતો, કે ઘેલાભાઇ જ્ઞાતિએ ઘાંચી હોવા છતાં જરા ચાર ગુજરાતી થોથાં ભણેલા હતા, એટલે પ્હેરવા–ઓઢવામાં જરા શોખીન અને સ્વચ્છ હોવા ઉપરાંત એમને કંઇક વાંચવા લખવાનો પણ શોખ હતો. ન છૂટકે એમણે જો કે પોતાના બાપદાદાનો વંશ પરંપરાથી ઉતરી આવેલો આ તેલની ઘાણીનો ધીકતો ધંધો ન્હાનપણથી જ વધાવી લીધો હતો, છતાં એમના ભણ્યા પરન્તુ ગણ્યા નહિ જેવા ઘરગથ્થુ જન્મસંસ્કારે એમનું ચિત્ત ચકડોળે ચઢાવ્યું. ગઇ કાલેજ

એમણે સુરતના પ્રસિદ્ધ અઠવાડિક પત્ર " પ્રતાપ "માં એમ વાંચ્યું કે સ્વર્ગવાસી રાજકવિ કલાપીએ કાશ્મીર જઇ જોઇ પાછળથી **કાશ્મીરનો પ્રવાસ** એ નામનું પુસ્તક લખ્યું, અને એને લઇને એઓ બહુજ પ્રકાશમાં આવ્યાં.

અને એટલું વાંચ્યા પછી આપણા ઘેલાભાઇના મગજમાં પણ એજ પવન ભરાયો, એજ ભૂત ભરાયું. દિવસે ઘાણી ઉપર બેઠાં બેઠાં અને રાતના સૂતાં સૂતાં ઉંઘમાં પણ એમને એનાજ સ્વપ્ન આવવા લાગ્યાં. એટલે સ્હવાર પડતાંજ એ ઉછળતાં ઉર્મિંભર્યાં હૃદયે પણ સાક્ષર શ્રી. કલાપીનુંજ અનુકરણ કરી પ્રસિદ્ધિમાં આવવાનું નક્કી કર્યું. પોતાના બાપદાદાના સનાતન ધંધાને એમણે સાષ્ટાંગ દંડવત્ કરતાં પોતાનો જંગી પ્રોગ્રામ પોતાની ગૃહલક્ષ્મી ગંગાને કહી સંભળાવ્યો.

" સાંભળ્યું કે ? "

" શું કહો છો ? "

" આ ત્હારો ભણેલો ભરથાર આજ રાત્રેજ હજીરાના પ્રવાસે ઉપડી ત્યાંથી પાછા ફરી એક પુસ્તક લખી નામાંકિત થવા માગે છે."

" હવે બેસો બેસો. ડોબાનાં પૂછડાં આમળતાં આમળતાં વળી એ શું ઘેલું લાગ્યું ? "

" તું અભણ અનએજ્યુકેટેડ ઓરત ! એ સાહિત્યના ગહન વિષયને ન સમજી શકે. ગાંડી ! જો આપણે પણ મ્હોટા લોકોની માફક મુસાફરી કરીને પ્રવાસ–ફ્વાસ જેવું કંઇક ઘસડી મારીએ તો આપણા પણ માનવંતા મુબારક નામ છાપાઓમાં બ્લેક ટાઇપમાં ફોટાઓ સાથે છપાય. આહાહાહા ! પછી આપણો ઑ (છાપ) શું પડે ? અને લોકો પણ જાણે કે " હુંય કંઇક છું, મ્હારામાં પણ કંઇક છે." કેમ બોલી.

નહિ ? હેં અલી ! નહિ તો દુનિયા શું જાણે કે આવી અફલાતુન મંગળ મૂર્તિઓ પણ ખૂણેખાંચરે અણુપૂજી દટાયેલી છે ? ”

કચરાપટ્ટીમાંથી ઝપ્પ દેતા કે બહાર આવી કોહીનુરની માફક ઝમકવાની લાલસાએ સેવક બ્હાર તો પડયા. પત્નીને પોતાનો પ્રોગ્રામ પણ રૌફમાં ને રૌફમાં સંભળાવી દીધો, પણ જમાનાની ખાધેલ મ્હારી ગંગલીને મનાવવી એ કંઇ જેવી તેવી સ્હેલ વાત ન્હોતી, છતાં આપણા ભણેલગણેલ ભેજાને પ્રિયતમા ગંગાને સમજાવી–પટાવી મહીયર ભેગી કરતાં બહુ મુશ્કેલી ન નડી. હવે સેવક **હજીરાના હવાપાણીએ** જવા ગાંસડાપોટલાં બાંધવા મંડયા.

‘ પબ્લીકમાં પ્રકાશમાં આવીશ’ એ વિચારે બંદાની ખોપરીમાં બમણો પવન ભરાયો, ને છાતીના પાટીયાં તો ગજ ગજ ઉંચાં ઉછળવા મંડયાં. પેટી ઉઘાડતાં કોરાં ને કકડતાં ધોયેલાં સફેદ કપડાં પ્હેરતાં કે સેવક રાતોરાત ઇસ્ટેશને દોડયા. સમય સુમાર સાડા આઠનો હતો. ગાડી કયારે આવે છે ? ને કયારે જાય છે ? તે જાણે મ્હારો બાપ. રામ ભરોસે જે બને તે ખરી. જીંદગીમાં કોઇ દિવસ મુસાફરીએ નીકળ્યો હોઉં તો આજે પ્હેલ્લગ્હેલો. એટલે કયાં જવું ? કેવી રીતે જવું ? કેમ જવું ? એ બધું અલ્લાહને આશરે હતું, છતાં ‘ દેખે લેગે ’ એ વિચારે આંખ મીંચી હું સ્ટેશન તરફ દોડયો. હું પૂરપાટ દોડતો હતો, ત્યાં તો એક અક્કલનો ઓથમીર ઓળખતો ભાઇબંધ અપશુકનીઓ થઇને રસ્તામાંજ ફુટી નીકળ્યો. ઘેરથી નિકળતાં તો એક ગાયને બદલે ગોધાના, સૌભાગ્યવતી કે કુમારિકાને બદલે “ ઓ મ્હારા બાપરે ”ની ગગનભેદી પોકો પાડતાં નદીએ ન્હાવા જતાં રાંડેલાં–માંડેલાં બૈરાંઓના અને બિલાડીના નહિ તો એના બાપ બિલ્લાડાના પણ અપશુકન

તો થયાજ હતા, તેમાં વળી એમનો નંબર કેમ જાણે અધૂરો હોય તે ઉમેરાયો. એ ગુંદરીયાં અને વાતુડીયાં મીસ્તરે બિલકુલ તોછડી ભાષામાં મ્હને પબ્લીકમાં મ્હોટેથી બૂમ મારી મ્હારૂં પોઝીશન ઢેમ કરી નાખ્યું.

" અરે ઘેલુ ! કેમ ! કેમ ! અત્યારે કઇ તરફ ? કયાં ચલાવ્યું ?"

" ત્હારા બાપને ત્યાં. અલ્લટપ્પુ ! ભમતા ભૂતની માફક તું વળી કયાંથી ફુટી નીકળ્યો ? ચાલ ખસ. જરા જાહેર રસ્તા ઉપર કોઇને કેમ બોલાવવો, તે સભ્યતા શીખ. છેકજ શું...આમ..." કહેતો કે હું એને ધક્કો મારી દોડયો.

" પણ ઉભો તો રહે, મ્હારે ત્હને જરા એક ખાસ...ખાનગી વાત..."

પણ એના એ ખાણુ-ઘી શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કરી હું તો પવનવેગે પૂરા બાર હોર્સ પાવરની સ્પીડે દોડયો. મ્હને આમ કોઠું આપ્યા વિના છ પાંચ અગિયારા ગણી જતાં જોતાં એણે કાન ફોડી નાખે એવી ભીમસેની પ્રચંડ બૂમ મારી...અરે ઓ ઘેલા !..."

એનો રાક્ષસી પડઘો ! યા અલ્લાહ ! બીજું ગુલામબાબા મીલનું રાક્ષસી ભુંગળુંજ સમજી લ્યો. " અરે ત્હારી વાતને શું કહું ? અને ત્હને પણ સાથે...સાથે..." એમ મનમાં ને મનમાંજ હું એને સો બસો સરસ્વતીના કલ્યાણકારી શબ્દો વડે નવાજતો ડબલ પંજાબ મેલની સ્પીડે દોડયો. પણ એમ આંધળા ઉંટની અને માતેલા સાંઢની માફક વગર ચશ્મે હું આંખ મીંચીને પાછળ જોતો આગળ યાહોમ ધસ્યો જતો હતો, ત્યાં તો અધધધધ ! એકદમ એકસીડન્ટ થયો. યા પરવર દિગાર ! શુક્રે ઈલાહી ! ખુદાતાલા ! બહુ ઉતાવળે બળી નહિ સારી તો !

સેકન્ડહેન્ડ ભાડુતી ખરીયા ખરખર જેવી બાઇસીકલ ઉપર સ્વારી કરનાર અને સેવક બંને સાથેજ ધબાયનમ્ ! ! લંબોધરમ્ ! દેવી

વસુંધરાને મ્હેં તો કેવળ લાંબા પડી સાષ્ટાંગ દંડવતજ કર્યા, પરન્તુ પેલા બાઇસીકલ ઉપર બેસનાર અપ-ટુ-ડેટ જેન્ટલમેનનો સીન તો આબાદ જોવા જેવો અરે ફોટો પાડવા લાયક થઇ ગયો હતો. કાદવથી પચરંગી ચટાપટા વડે શોભતો એમનો નમૂનેદાર ડ્રેસ ! એમની બાઇની સીકલ જેવી થયેલી સીકલ ! અને નાકમાંથી સડસડાટ વ્હેતું રાતા સમુદ્રનું પાણી ! (લોહી.)

પ્રવાસ તે આનું નામ ! શું સમજ્યાં ? જહ્નુ ઋષિએ જાંગમાંથી જાહ્નવી યાને ગંગા નદી કાઢેલી એમ મ્હેં તો શાસ્ત્રના પાન ઉપરજ વાંચેલું, પરન્તુ આજ તો નાકમાંથી આખા રાતા સમુદ્રને નીકળતો મ્હેં નજરોનજર સગી આંખોયે જોયો. ગજવામાંથી ડાયરી કાઢી મ્હારા પ્રવાસનો આ પ્હેલો યાદગાર અને અફલાતુન નમુનો હું નોંધી લઉં, ત્યાં તો મ્હારી સવા બાર શેરની નવીજ બંધાવેલી પાઘડી ઉપર ધડાક દેતો કે એક ધપ્પો પડયો. હું રૂવાબથી ઉંચે જોતા અને સ્હામે થતાં દુશ્મન તરફથી ધસી આવતા દારૂગોળાના મારને પ્હોંચી વળવા તથા મ્હારો બચાવ કરવા હવે મુઠીઓ વાળી પાછલે પગે બહાદુરીથી પાછા હઠી ભાગવાની શરૂઆત કરવાને તૈયાર થઇ ગયો.

સમાપ્ત.

: : બ્હાર પડી ચૂકી છે : :

શ્રી. "પુષ્પ" ની ધાર્મિક નવીન કૃતિ

* બિલ્વ મંગળ *

તેજ

ભક્ત સુરદાસ.

[ભાગ ૧-૨-૩ સાથે]

(પાના લગભગ ૩૫૦ ગેનબાજ ૧.૭૫૦ લાઈન)

મૂલ્ય રૂા. ૧-૮-૦.

: : હવે અધીરાઈનો અંત આવ્યો છે : :

—: શ્રી "પુષ્પ" ની ઐતિહાસિક નવલકથા :—

બીજી આવૃત્તિ બ્હાર પડી ગઈ છે.

પૃથ્વીરાજ ચૌહાણ.

ભાગ ૧-૨ સાથે.

[પાના લગભગ ૩૦૦. ૭ ચિત્રો. ૧.૫૦૦ લાઈન ગેનબાજ.]

મૂલ્ય રૂપીઓ દોઢ.

બ્હાર પડી છે. તૈયાર છે.

શ્રી. "પુષ્પ"ની લાંબા વખત રાહ જોવડાવિ ચૂકેલી.

બે ઘડી મોજ.

મૂલ્ય ૦-૫-૦

મળવાનું ઠેકાણું:- રણછોડલાલ મોતીલાલ બુકસેલર.
રીચીરોડ-અમદાવાદ.

પૃથ્વીરાજ ચૌહાણ ભા. ૧-૨ જો.



કિંમત ૧-૮-૦